Comfort Umrah Tour
કમ્ફર્ટ ઉમરાહ ટુર
સપ્ટેમ્બર ઉમરાહ ૨૦૨૪ ડિલક્સ પેકેજ
દિવસ 21 | રવાનગી 21/09/24 | Rs. ₹98,000/-
ડાયરેક્ટ ફ્લાઈટ અમદાવાદ થી અમદાવાદ
૩/૧૫, સારણી કામદાર સોસાયટી, ૧૩૨ ફૂટ રીંગ રોડ, જુહાપુરા, અમદાવાદ.
9825617192 / 9714301515

નીડર, નિષ્પક્ષ, નિઃસ્વાર્થ, નિપુણ, સેવાભાવી, સહયોગી, સુસ્પષ્ટ, સંસ્કારી પ્રતિભા સાથે પ્રસિદ્ધ થતું દૈનિક

# ગુજરાત ટુડે

GUJARAT TODAY
(Daily)
AHMEDABAD
SINCE-1991

Regd. Ministry of Minority Affairs Haj Divison
IATA SINCE : 2007
અલ-નિમરાહ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ
ઈદે મિલાદ ઉમરાહ | દિવસ ૨૦ | રવા.તા. ૧૩/૦૯/૨૪ | Rs. 1,05,000/-
ગ્યારમીં શરીફ બગદાદમાં | દિવસ ૧૦ | રવા.તા. ૧૧/૧૦/૨૪ | Rs. 1,05,000/-
ગ્યારમીં સાથે ઈરાક-ઈરાન, જોર્ડન, બૈયતુલ મુકદ્દસ
દિવસ ૨૨ | રવા.તા. ૦૬/૧૦/૨૪ | Rs. 2,25,786/-
અમદાવાદ થી અમદાવાદ
9537847917, 8320992700

Regd. No.Guj.168/2023-2025 Valid up to Dt. 31-12-2025 ● RNI. No. 48870/91 ● વર્ષ-૩૪ અંક-૨૯ ● તંત્રી : મુસ્તુફાખાન ● E-mail : gujarattodaydaily@gmail.com For Advertisement:gtadvt@yahoo.co.in

**કોલકાતા મહિલા ડોક્ટર રેપ-મર્ડર કેસ**

### સનસનાટીભરી ઘટનામાં આરોપી સંજય રોયે પોલીગ્રાફ ટેસ્ટ દરમિયાન યુ-ટર્ન લીધો

# ‘ઘટનાસ્થળે પહોંચ્યો તે પહેલાં જ પીડિતા મૃત્યુ પામી હતી’

(એજન્સી) કોલકાતા, તા.૨૬

કોલકાતાની આરજી કાર મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં તાલીમાર્થી ડૉક્ટર પર બળાત્કાર અને હત્યાના મુખ્ય શંકાસ્પદ સંજય રોયે લાઈ-ડિટેક્ટર ટેસ્ટ દરમિયાન દાવો કર્યો છે કે જ્યારે તે સેમિનાર હોલમાં આવ્યો ત્યારે પીડિતા પહેલાથી જ મૃત્યુ



હેડસેટ ગુનાના સ્થળેથી મળી આવ્યું હતું. પીડિતાનો મૃતદેહ સેમિનાર હોલમાં મળી આવ્યો હતો, જ્યાં તે રાત્રિની પાળી દરમિયાન આરામ કરવા ગઈ હતી. શબપરીક્ષણમાં પુષ્ટિ કરવામાં આવી હતી કે તેણી પર જાતીય હુમલો કરવામાં આવ્યો હતો અને તેણીના ખાનગી ભાગો સહિત ૨૫ ઈજાઓ થઈ હતી. રોયની મનોવિશ્લેષણાત્મક રૂપરેખામાં અવ્યવસ્થિત ચિત્ર સામે આવ્યું છે, જે દર્શાવે છે કે તેને પોર્નોગ્રાફીનું ગંભીર વ્યસન હતું અને તે ‘વિકૃત’ વિચારો ધરાવે છે. તેની વર્તણૂકને પશુવૃત્તિ તરીકે વર્ણવવામાં આવી હતી, જે કેસની ભયાનક પ્રકૃતિને દર્શાવે છે. તેના તાજેતરના ઈનકાર છતાં, રોય વિરૂદ્ધ સતત પુરાવા વધી રહ્યા છે.

CELEBRATING EXCELLENCE 34 years GT

## ‘પીડિતા મૃત્યુ પામી હોવાથી ઘટનાસ્થળેથી ભાગી ગયો’ : પરીક્ષણ દરમિયાન આરોપી સંજય રોય બેચેન દેખાયો અને ઘણા જવાબો ખોટા આપ્યા હોવાની શંકા

પામેલી હતી. રોયે શરૂઆતમાં ગુનાની કબૂલાત કરી હતી અને તે પછી આ પરીક્ષણ હાથ ધરવામાં આવ્યું હતું.

**પોલીગ્રાફ ટેસ્ટની વિગતો :** ધ ટાઈમ્સ ઓફ ઈન્ડિયાના અહેવાલ મુજબ આ પોલીગ્રાફ ટેસ્ટ, રોયના પ્રતિભાવોમાં ઘણી અસંગતતાઓ દર્શાવે છે. આ પરીક્ષણ દરમિયાન, સંજય રોય બેચેન દેખાયો હતો અને તેના ઘણા જવાબો અધિકારીઓ દ્વારા ખોટા અને અવિશ્વસનીય માનવામાં આવ્યા હતા. સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (સીબીઆઈ) દ્વારા પુરાવા શોધવાનો પ્રયાસ કર્યો ત્યારે રોયે કહ્યું કે, પીડિતાને પહેલેથી જ મૃત હતી અને તે ભયથી ઘટનાસ્થળેથી ભાગી ગયો હતો.

આ દાવો કોલકાતા પોલીસ સમક્ષ તેની અગાઉની કબૂલાતથી તદ્દન વિરોધાભાસી છે, એ સમયે તેણે તાલીમાર્થી ડૉક્ટર પર બળાત્કાર અને હત્યા બંનેની કબૂલાત કરી હતી. જો કે, તાજેતરના ટ્વિસ્ટમાં, રોયે પોતાનું વલણ બદલી નાખ્યું છે અને આરોપ લગાવ્યો છે કે તેને ફસાવવામાં આવી રહ્યો છે. તેણે એવું પણ જણાવ્યું હતું કે જેલના રક્ષકો સાથે વાત કરતી વખતે અને કોર્ટમાં પણ તેણે કહ્યું છે કે તે નિર્દોષ છે, અને તેણે પોતાને નિર્દોષ સાબિત કરવા માટે લાઈ-ડિટેક્ટર ટેસ્ટ કરાવવાની ઈચ્છા દર્શાવી હતી.

**આરોપી તપાસને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કરી રહ્યો છે : અધિકારીઓ**

તેના આવા દાવા છતાં, સીબીઆઈ અને પોલીસના તપાસકર્તાઓને તેની વાર્તામાં અસંખ્ય વિરોધાભાસો જોવા મળ્યા છે. અહેવાલ મુજબ, એક અધિકારીએ ધ્યાન દોર્યું હતું કે રોય તપાસને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કરી રહ્યો હતો અને તે તેના ચહેરા પરની ઈજાઓ અથવા ઘટના સમયે અપરાધના સ્થળે તેની હાજરી વિશે પર્યાપ્ત રીતે સમજાવી શક્યો ન હતો.

પોલીસે ગુનાની રાત્રે ૯ ઓગસ્ટના રોજ સવારે ૪:૦૩ વાગ્યે હોસ્પિટલ પરિસરમાં પ્રવેશતા સીસીટીવી ફૂટેજ પર રોયને પકડ્યો હતો. વધુમાં, રોયનું બ્લૂટૂથ

**ક્યા બાત હૈ ?!**

**સાહેબ, મેં હેલમેટ ઉપર વીગ પહેરી છે !**












# પાકિસ્તાનના બલુચિસ્તાનમાં બે અલગ-અલગ હુમલામાં ૩૧ લોકોને ઠાર મારી દેતા બલુચી લડાકુ જૂથના બંદૂકધારીઓ

**આસિસ્ટન્ટ કમિશનર મુસાખેલ નજીબ કાકરના જણાવ્યા અનુસાર, આતંકવાદીઓએ પાકિસ્તાનના બલુચિસ્તાનના મુસાખેલના રારાશમ જિલ્લામાં આંતર-પ્રાંતીય હાઈવે બ્લોક કરી દીધો હતો અને મુસાફરોને બસમાંથી ઉતારી દીધા હતા**

(એજન્સી) તા.૨૬

પાકિસ્તાનના બલુચિસ્તાનમાં સોમવારે સવારે થયેલા આતંકી હુમલામાં ઓછામાં ઓછા ૩૧ લોકોનાં મોત થયા છે. આ ઘટના બલુચિસ્તાનના મુસાખેલ જિલ્લામાં બની હતી. એક અધિકારીએ જણાવ્યું કે આતંકવાદીઓએ મુસાફરોને બસમાંથી નીચે ઉતારવા દબાણ કર્યું અને તેમની ઓળખ તપાસ્યા બાદ તેમને ગોળી મારી દીધી હતી. આસિસ્ટન્ટ કમિશનર મુસાખેલ નજીબ કાકરે કહ્યું કે, મુસાખેલના રારાશમ જિલ્લામાં આંતર-પ્રાંતીય ધોરીમાર્ગને આતંકવાદીઓએ બ્લોક કરી દીધો હતો અને મુસાફરોને બસમાંથી ઉતારી દીધા હતા. પોલીસે ઘટના સ્થળે પહોંચીને મૃતદેહોને હોસ્પિટલ લઈ ગયા હતા. આ મૃતકો પંજાબ પ્રાંતના હોવાનું કહેવાય છે, જો કે હજુ સુધી કોઈ જૂથે આ હુમલાની જવાબદારી લીધી નથી. આ આતંકવાદીઓએ ૧૦ વાહનોને આગ પણ ચાંપી દીધી હતી. આ ઘટનાની નિંદા કરતા, બલુચિસ્તાનના મુખ્યમંત્રી સરફરાઝ બુગતીએ માર્યા ગયેલા લોકોના પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી. પાકિસ્તાનના ફેડરલ ઈન્ફોર્મેશન મિનિસ્ટર અતાઉલ્લાહ તરરે આ ઘટનાને "આતંકવાદીઓની નિર્દયતા" ગણાવતા કહ્યું કે, આતંકવાદીઓએ મુસાખેલ નજીક નિર્દોષ મુસાફરોને નિશાન બનાવીને નિર્દયતા દર્શાવી છે અને આ આતંકવાદીઓ અને તેમના સુત્રધારો બચી શકશે નહીં. જિયો ન્યૂઝ સાથે વાત કરતા પાકિસ્તાનની પંજાબ સરકારના પ્રવક્તા અઝમા બુખારીએ આ ઘટના પર ગુસ્સો વ્યક્ત કર્યો હતો. મુસાખેલનો આ





હુમલો હિંસાની વિચલિત પેટર્ન દર્શાવે છે. લગભગ ચાર મહિના પહેલાની આવી સમાન ક્રૂર ઘટનાની યાદ અપાવે છે. અગાઉનો હુમલો એપ્રિલમાં થયો હતો અને નોશકી નજીક બસમાંથી નવ મુસાફરોને બળજબરીથી દૂર કરવામાં આવ્યા હતા અને બંદૂકધારીઓએ આઈડી ચેક કરીને તેમની ઓળખની ખરાઈ કર્યા પછી તેમને મારી નાખ્યા હતા.

# જમ્મુ-કાશ્મીરના ઉમેદવારોની યાદી અંગે નિર્ણય બદલતા ભાજપના રાજ્ય એકમમાં વિવાદ

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૫

જમ્મુ અને કાશ્મીર વિધાનસભા ચૂંટણીના પ્રથમ તબક્કા માટે પાર્ટીએ ૧૫ ઉમેદવારોની યાદી જાહેર કર્યા બાદ સોમવારે જમ્મુ અને કાશ્મીર ભાજપ કાર્યાલયની બહાર વિરોધ ફાટી નીકળ્યો હતો. અગાઉ પાર્ટીએ કેન્દ્રશાસિત પ્રદેશમાં આગામી ચૂંટણીઓ માટે ૪૪ ઉમેદવારોની યાદી જાહેર કરી હતી, પરંતુ કલાકો પછી તેને પાછી ખેંચી લીધી હતી. ભાજપની તાજેતરની યાદીમાં પ્રથમ તબક્કાના ઉમેદવારોના નામ જ સામેલ છે. અમે મતદાર બન્યા ત્યારથી ભાજપ સાથે છીએ.

પાર્ટીના એક કાર્યકર્તાએ કહ્યું કે, જે કાર્યકરો ભાજપ સાથે રહ્યા છે તેમની અવગણના કેમ કરી રહ્યા છે. ઓમી ખજુરિયા જમ્મુ ઉત્તરમાં જાણીતો ચહેરો છે, પરંતુ કોંગ્રેસમાંથી આવેલા નેતાને ટિકિટ આપવામાં આવી રહી છે.

તેમણે કહ્યું કે, શ્યામલાલ શર્માને ટિકિટ આપવામાં આવી છે, તેમને ત્યાં કોઈ ઓળખતું નથી. અમારી માંગ છે કે, ઓમી ખજુરિયાને ટિકિટ આપવામાં આવે, નહીં તો અમે બધા રાજીનામું આપી દઈશું. જેઓ ઈમાનદારીથી કામ કરી રહ્યા છે તેમને ટિકિટ મળવી જોઈએ. અમે અહીં પૂછવા આવ્યા છીએ.

# કોલકાતા બળાત્કારના આરોપીએ ગુનાની રાત્રે ‘બીજી મહિલાની છેડતી કરી’ હતી : સૂત્રો

(એજન્સી) નવી દિલ્હી, તા. ૨૬

સીબીઆઈના સૂત્રોના જણાવ્યા અનુસાર કોલકાતાની આરજી કર હોસ્પિટલમાં તાલીમાર્થી ડૉક્ટર પર બળાત્કાર અને હત્યાના મુખ્ય આરોપીએ પૂછપરછ દરમિયાન ગુનો કબૂલ કર્યો હતો. પૂછપરછ દરમિયાન સંજય રોયે ગુનાની રાત્રે તેની હિલચાલની વિગતવાર માહિતી આપી હતી અને તેણે કબૂલ્યું હતું કે તેણે શહેરના બે રેડ લાઈટ વિસ્તારોમાં મુલાકાત લીધી હતી પરંતુ સેક્સ માણ્યું ન હતું. તેણે શેરીમાં એક મહિલાની છેડતી કરવાની પણ કબૂલાત કરી હતી, આ કૃત્ય સર્વેલન્સ કેમેરામાં કેદ થયું હતું. વધુમાં રોયે ખુલાસો કર્યો હતો કે તેણે તેની ગર્લફ્રેન્ડ સાથે વીડિયો કૉલ કર્યો હતો અને તેના નગ્ન ફોટા માગ્યા હતા.

**રોય દ્વારા વર્ણવ્યા મુજબ હત્યાની રાત્રે ઘટનાઓનો ક્રમ નીચે મુજબ છે :**

- ઑગસ્ટ ૮ : રૉય તેના મિત્ર સાથે આરજી કર હૉસ્પિટલમાં દાખલ થયેલા મિત્રના ભાઈની પૂછપરછ કરવા પહોંચ્યો હતો.
- રાત્રે ૧૧:૧૫ પર રોય અને તેના મિત્રએ હોસ્પિટલ છોડી અને દારૂ પીવાનું નક્કી કર્યું હતું. તેઓએ દારૂ ખરીદ્યો અને રસ્તા પર પીધો હતો.
- તેઓએ ઉત્તર કોલકાતાના રેડ લાઈટ વિસ્તાર સોનાગાચીની મુલાકાત લેવાનું નક્કી કર્યું હતું.
- સોનાગાચીમાં નિષ્ફળ રહેતાં તેઓએ દક્ષિણ કોલકાતાના રેડ લાઈટ વિસ્તાર ચેતલા જવાનું નક્કી કર્યું હતું.
- ચેતલા જતી વખતે તેઓએ રસ્તામાં એક યુવતીની છેડતી કરી હતી.
- ચેતલામાં તેના મિત્રએ એક મહિલા સાથે સેક્સ માણ્યું હતું જ્યારે રોય બહાર ઊભો રહીને તેની ગર્લફ્રેન્ડ સાથે વીડિયો કૉલ પર વાત કરતો હતો. રોયે તેની ગર્લફ્રેન્ડની પાસે નગ્ન ફોટા માગ્યા અને તેણે મોકલ્યા હતા.
- રોય અને તેનો મિત્ર હોસ્પિટલ પરત ફર્યા. રોય ચોથા માળે આવેલા ટ્રોમા સેન્ટરમાં ગયો હતો.
- સવારે ૪:૦૩ વાગ્યે રોય ત્રીજા માળે સેમિનાર હોલ પાસે કોરિડોરમાં જતા સીસીટીવી ફૂટેજમાં જોવા મળ્યો હતો.
- રોય સેમિનાર હોલમાં પ્રવેશ્યો જ્યાં પીડિતા સૂતી હતી અને તેણે તેનું ગળું દબાવી દીધું હતું.
- રોયે પીડિતા સાથે રેપ કર્યો પછી તે ઘટનાસ્થળ છોડીને કોલકાતા પોલીસ અધિકારી મિત્ર અનુપમ દત્તાના ઘરે ગયો હતો.

CBI સૂત્રોએ જણાવ્યું હતું કે ઉલ્લેખિત તમામ સ્થળોએ રોય અને તેના મિત્રની હાજરી તેમના કોલ ડેટા રેકોર્ડ્સ (સીડીઆર) દ્વારા સ્થાપિત કરવામાં આવી હતી. સૂત્રોએ એમ પણ જણાવ્યું હતું કે સંજય રોયના મોબાઈલ ફોન પર નોંધપાત્ર પ્રમાણમાં પોર્નોગ્રાફિક સામગ્રી મળી આવી હતી જેમાં ભાઈ-બહેન વચ્ચેના જાતીય કૃત્યો દર્શાવતી અવ્યભિચારના વીડિયોનો સમાવેશ થાય છે. આનાથી સીબીઆઈને રોયનું મનોવૈજ્ઞાનિક મૂલ્યાંકન કરવા માટે પ્રેરિત કરવામાં આવ્યું. રવિવારે તેનો લાઈ ડિટેક્ટર ટેસ્ટ પણ કરવામાં આવ્યો હતો. આરજી કર મેડિકલ કોલેજના સેમિનાર હોલમાં ૩૧ વર્ષીય અનુસ્નાતક તાલીમાર્થી ડૉક્ટરનો મૃતદેહ મળ્યાના એક દિવસ બાદ ૩૩ વર્ષીય રોયની કોલકાતા પોલીસે ૧૦ ઓગસ્ટે ધરપકડ કરી હતી. તબીબના મૃતદેહ પાસે મળી આવેલ એક બ્લુટુથ ઉપકરણ રોયની ધરપકડ તરફ દોરી ગયું. સીસીટીવી ફૂટેજમાં તેને હોસ્પિટલના ત્રીજા માળે પણ દેખાડવામાં આવ્યો હતો જ્યાં સેમિનાર હોલ આવેલો છે.

# મંડીના સાંસદ કંગના રણૌતે ખેડૂતોના ઉશ્કેરાટને બાંગ્લાદેશની અશાંતિ સાથે સરખાવ્યો, ચૂંટણી પૂર્વ સંધ્યાએ હરિયાણા ભાજપ આ ટિપ્પણીથી નારાજ

(એજન્સી) તા.૨૬

હરિયાણામાં ચૂંટણીની મોસમની મધ્યમાં વિવાદ ભડકાવતા મંડીના સાંસદ અને ભાજપના નેતા કંગના રણૌતે ખેડૂતોને ‘લક્ષ્ય’ બનાવતા જણાવ્યું હતું કે તેમના આંદોલનને કારણે દેશમાં બાંગ્લાદેશ જેવી સ્થિતિ સર્જાઈ હોત જો ટોચના નેતૃત્વએ નિયંત્રણ માટે મજબૂત પગલાં ન લીધા હોત. તેણે ઠ પર શેર કરેલા વીડિયોમાં આ વાત કહી છે. ભાજપના સૂત્રોએ જણાવ્યું હતું કે, સાંસદનું નિવેદન રાજ્યના નેતાઓને પસંદ નહોતું આવ્યું. બીજેપીના એક નેતાએ કહ્યું, ‘અમે આ મામલે મોવડી મંડળને જાણ કરી છે.’

તાજેતરમાં યોજાયેલી લોકસભા ચૂંટણી દરમિયાન, ભાજપના ઉમેદવારોને રાજ્યમાં પ્રચાર કરતી વખતે ખેડૂતોના સખત વિરોધનો સામનો કરવો પડ્યો હતો. પક્ષના આંતરિક સૂત્રોએ જણાવ્યું હતું કે, રણૌતનું નિવેદન પક્ષ સામે ખેડૂતોના આક્રોશ માટે નવા ટ્રિગર તરીકે કામ કરી શકે છે અને ચોક્કસ ખેડૂત-કેન્દ્રિત ક્ષેત્રોમાં તેની સંભાવનાઓને પ્રતિકૂળ અસર કરી શકે છે. અન્ય નેતાએ કહ્યું, ‘તે હરિયાણાની નેતા પણ નથી. તેણે આવી વિવાદાસ્પદ ટીપ્પણી કરવાની કોઈ જરૂર ન હતી. વીડિયોમાં, રણૌતે આરોપ લગાવ્યો હતો કે ખેડૂતોના વિરોધ દરમિયાન, ‘લાશો લટકતી જોવામાં આવી હતી અને બળાત્કાર થઈ રહ્યા હતાં’ જ્યારે ખેડૂત તરફી બિલો પાછા ખેંચવામાં આવ્યા, ત્યારે આખો દેશ ચોંકી ગયો.’ તેમછતાં ખેડૂતો હજુ પણ તેમનો વિરોધ ચાલુ રાખ્યો હતો. તેણે ઉમેર્યું કે આ બધા પાછળ ‘વિદેશી શક્તિઓ’નો હાથ હતો. બીજેપીના એક નેતાએ કહ્યું કે હાલમાં, ખેડૂતોમાં પાર્ટી સામે કોઈ નારાજગી નથી, પરંતુ રણૌતનું નિવેદન પ્રચાર આગળ વધતા ઉમેદવારો માટે મુશ્કેલી ઊભી કરી શકે છે. બીજેપીના રાજ્ય પ્રમુખ મોહન લાલ બડોલીએ કહ્યું કે તેઓ વીડિયો જોયા પછી જ ટિપ્પણી કરશે, પરંતુ પછીથી તેમનો સંપર્ક થઈ શક્યો નહીં. BKU (શહીદ ભગત સિંહ)ના પ્રવક્તા તેજવીર સિંહે કહ્યું, “રણૌત લાઈમલાઈટમાં રહેવા માટે વિવાદ ઊભો કરવાનો પ્રયાસ કરી રહી છે. તેણે ક્યારેય મણિપુર અને અન્ય માનવાધિકારની ઘટનાઓ પર વાત કરી નથી.

# ‘ન તો એમને આવી કોઈ સત્તા છે કે, ન તો એમને મંજૂરી અપાઈ છે’ : ખેડૂત આંદોલન અંગે કંગના રણૌતના વિધાનોથી પોતાને અલગ કરતો ભાજપ

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૬

મંડીના ભાજપના સાંસદ કંગના રણૌત કિસાનોના આંદોલનની બંગલા દેશની અશાંતિ સાથે સરખામણી કરી હતી એ વિધાનો સાથે ભાજપે સત્તાવાર રીતે અસમતી દર્શાવી છે અને કંગનાના વિધાનોથી પોતાને અલગ કરવાનો પ્રયાસ કર્યો છે. કંગના એવું કહીને ભારે વિવાદ ઊભો કર્યો છે કે, જો દેશની ટોચની નેતાગીરી મજબૂત ન હોત તો ખેડૂત આંદોલનને પગલે બાંગ્લાદેશ જેવી સ્થિતિ સર્જાઈ હોત. લાશો લટકી રહી હોત અને બળાત્કારો થઈ રહ્યા હોત. દરમિયાન ભાજપે એક નિવેદનમાં જાહેર કર્યું છે કે, ભાજપના સાંસદ કંગના રણૌત ખેડૂતોના સંદર્ભમાં વ્યક્ત કરેલો અભિપ્રાય એ પક્ષનું મંતવ્ય નથી. કંગનાના નિવેદન સાથે ભારતીય જનતા પાર્ટી સહમત નથી. કેમ કે પક્ષની નીતિવિષયક બાબતો પર બોલવાની એમને કોઈ પરવાનગી અપાય નથી કે એમને કોઈ અધિકાર અપાયો નથી. ભવિષ્યમાં આવા કોઈપણ પ્રકારના નિવેદનો ન કરવા



ભાજપે કંગનાને આદેશ આપ્યો છે. ભારતીય જનતા પાર્ટી સબકા સાથ, સબકા વિકાસ અને સબકા પ્રયાસના સિદ્ધાંતોને અનુસરી રહી છે અને એ માટે પક્ષ પૂરેપૂરો સંકલ્પ ધરાવે છે સામાજિક એકરૂપતા અને સંવાદિતા માટે ભારતીય જનતા પાર્ટી સમર્પિત છે.

# બંગાળ ચાઈલ્ડ પેનલે અભિષેક બેનરજીની પુત્રી પર બળાત્કારની ધમકીની નોંધ લીધી

**પશ્ચિમ બંગાળ કમિશન ફોર પ્રોટેક્શન ઑફ ચાઈલ્ડ રાઈટ્સે આરજી કર મેડિકલ કૉલેજ અને હૉસ્પિટલમાં ડૉક્ટરની બળાત્કાર-હત્યા બાદ વિરોધ રેલીમાંથી સોશિયલ મીડિયા પરના એક વીડિયોની જાતે જ નોંધ લીધી છે : અભિષેક બેનરજી લોકસભાના સાંસદ અને તૃણમૂલ કોંગ્રેસના રાષ્ટ્રીય મહાસચિવ છે**

(એજન્સી) કોલકાતા, તા.૨૬

કોલકાતામાં એક ૩૧ વર્ષીય ડૉક્ટરની બળાત્કાર અને હત્યાને લઈને સોશિયલ મીડિયા પર ધમાધમી વચ્ચે, પશ્ચિમ બંગાળની બાળ અધિકાર સંસ્થાએ તૃણમૂલ કોંગ્રેસના સાંસદ અને પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ જનરલ સેક્રેટરી અભિષેક બેનરજીની ૧૧ વર્ષની પુત્રી પર બળાત્કારની ધમકીની નોંધ લીધી છે. પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીના ભત્રીજા બેનરજી તૃણમૂલ કોંગ્રેસમાં અસરકારક રીતે નંબર ૨ છે.

પશ્ચિમ બંગાળ કમિશન ફોર પ્રોટેક્શન ઑફ ચાઈલ્ડ રાઈટ્સે કોલકાતાની આરજી કર મેડિકલ કૉલેજ અને હોસ્પિટલમાં ૯ ઑગસ્ટના રોજ થયેલી હિંસક ઘટના અંગે વિરોધ રેલીમાંથી સોશિયલ મીડિયા પરના એક વીડિયોની જાતે જ નોંધ લીધી છે. પેનલે જણાવ્યું છે કે રેલીમાં એક વ્યક્તિએ બેનરજીની સગીર પુત્રીને બળાત્કારની ધમકી આપતા અને જાહેરમાં આ બળાત્કાર કરનારને ? ૧૦ કરોડના ઈનામની જાહેરાત કરતા સાંભળ્યા હતા. કમિશને એક નિવેદનમાં કહ્યું છે કે, ‘બદમાશનો આવો નાપાક ઈરાદો અને જાહેરમાં તેની અભદ્ર ટિપ્પણી એક સગીર છોકરીની લાજ અને તેની સુરક્ષાને જોખમમાં મૂકવા સમાન છે. તેણે પોલીસને જાતીય ગુનાઓથી બાળકોના કડક રક્ષણ (POCSO) અધિનિયમ, જુવેનાઈલ જસ્ટિસ એક્ટ અને યુએન કન્વેન્શન ઓન રાઈટ્સ ઑફ ચાઈલ્ડ હેઠળ પગલાં લેવા આહ્વાન કર્યું હતું. ‘જ્યારે આખું રાજ્ય આરજી કરના ડૉક્ટરના દુઃખદ અવસાન પર શોક વ્યક્ત કરી રહ્યું છે, ત્યારે હિસાબ સરભર કરવા માટે બીજા બળાત્કારની હાકલ કરવી એ સ્પષ્ટપણે કાયદાનું ઉલ્લંઘન છે અને જો શિક્ષાત્મક પગલાં લેવામાં નહીં આવે તો સમાજને ખતરનાક સંદેશો આપી શકે છે. કમિશને કહ્યું, આ માત્ર એક સગીર છોકરીનો સવાલ નથી પરંતુ તમામ સગીર છોકરીઓ જોખમમાં છે. બાળ અધિકાર મંડળે પોલીસ પાસે આ મામલે બે દિવસમાં કાર્યવાહીનો રિપોર્ટ માંગ્યો છે. તૃણમૂલના વરિષ્ઠ નેતા ડેરેક ઓ’બ્રાયન આ મુદ્દા પર ટિપ્પણી કરતા X પર લખ્યું, ‘તમારી નાપાક યુક્તિઓથી નહીં પણ અમારી સામે રાજકીય રીતે લડો. તમે પહેલા પણ તે કર્યું છે. પરંતુ આજે તમે હદ વટાવી દીધી છે. બાળકોને ધમકી આપવાનું બંધ કરો. અમારા રાષ્ટ્રીય મહાસચિવની પુત્રીને ગટર લેવલની ધમકીઓની નિંદા કરવા માટે પૂરતા શબ્દો નથી. હવે આ બંધ કરો.’ કોલકાતા અને આસપાસના વિસ્તારોમાં રાજ્ય સંચાલિત આરજી કર મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં બળાત્કાર-હત્યાની ઘટનાને લઈને ભારે વિરોધ જોવા મળી રહ્યો છે. મમતા બેનરજીની આગેવાની હેઠળની રાજ્ય સરકાર અને સત્તારૂઢ તૃણમૂલ કોંગ્રેસ આ મામલાને સંભાળવા માટે એડીચોટીનું જોર લગાવી રહી છે. તૃણમૂલ કોંગ્રેસના સુપ્રીમોએ વળતો પ્રહાર કરતાં રાજ્યમાં અશાંતિ ફેલાવવા માટે વિપક્ષી પાર્ટીઓ ભાજપ અને સીપીએમ વચ્ચેની સાંઠગાંઠનો આરોપ લગાવ્યો છે.

કોલકત્તા હાઈકોર્ટના આદેશને પગલે, સંવેદનશીલ કેસની તપાસ સીબીઆઈને ટ્રાન્સફર કરવામાં આવી હતી. કેસ ટ્રાન્સફર કરતા પહેલા કોલકાતા પોલીસે એક આરોપી સંજય રોયની ધરપકડ કરી હતી. સીબીઆઈએ હજુ સુધી કોઈની ધરપકડ કરી નથી.

# મહારાષ્ટ્ર સરકારે મહિલાઓને હેરાનગતિની ફરિયાદો ઓનલાઈન નોંધાવવાની છૂટ આપવાનો નિર્ણય લીધો : અજિત પવાર

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૬

મહારાષ્ટ્ર કેબિનેટે મહિલા ઉત્પીડનના કેસોની ઓનલાઈન નોંધણી અંગે પીએમ મોદીની સૂચના અંગે ચર્ચા કરી અને આવી ઘટનાઓને રોકવા માટે અલગ અભિગમ અપનાવવાનો નિર્ણય કર્યો છે એમ નાયબ મુખ્યમંત્રી અજિત પવારે સોમવારે જણાવ્યું હતું. રવિવારે જલગાંવમાં ‘માજી લડકી બહુન યોજના’ માટે આયોજિત એક કાર્યક્રમ દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મહિલાઓ સામેના અપરાધોને અક્ષમ્ય પાપ ગણાવ્યા અને કહ્યું કે, મહિલાઓની સુરક્ષા પ્રાથમિકતા હોવી જોઈએ. કોલકાતાની આર.જી. કર હોસ્પિટલમાં ૩૧ વર્ષીય તાલીમાર્થી ડોક્ટર પર ક્રૂર બળાત્કાર અને હત્યા અને મુંબઈ નજીક બદલાપુરમાં બે ચાર વર્ષની શાળાની છોકરીઓના જાતીય શોષણ સામેના વિરોધની પૃષ્ઠભૂમિ સામે તેમની ટિપ્પણી આવી હતી. મોદીએ ધ્યાન દોર્યું હતું કે, ભારતીય ન્યાય સંહિતામાં સમગ્ર પ્રકરણ મહિલાઓ અને બાળકો સામેના ગુનાઓને સમર્પિત છે અને જો કોઈ મહિલા પોલીસ સ્ટેશન ન પહોંચી શકે તો તે ઈ-એફઆઈઆર નોંધાવી શકે છે અને પોલીસ સ્ટેશન સ્તરે કોઈ ફેરફાર કરી શકે નહીં. અહીં પત્રકારો સાથે વાત કરતા પવારે કહ્યું, ‘પીએમ મોદીએ આવી ઘટનાઓ અંગે ઓનલાઈન ફરિયાદો દાખલ કરવાની સૂચના આપી છે અને અમે તેનો તાત્કાલિક અમલ કરવાનો નિર્ણય લીધો છે. આવા અનેક કિસ્સાઓ સામે આવી રહ્યા છે. અમે આવી ઘટનાઓને રોકવા માટે અલગ અભિગમ અપનાવવાનું નક્કી કર્યું છે. ગુનાઓ અને આ મુદ્દા પર ગઈકાલે કેબિનેટની બેઠકમાં ચર્ચા થઈ હતી.’ નાયબ મુખ્યમંત્રીએ આવા અપરાધોના ગુનેગારો સામે ‘સૌથી વધુ કડક’ કાર્યવાહી કરવાની હાકલ કરી હતી. તેમણે કહ્યું, ‘આ કેસોમાં ગુનેગારોને ફાંસીની સજા મળવી જોઈએ અને ટ્રાયલ ફાસ્ટ-ટ્રેક કોર્ટમાં થવી જોઈએ.’ પવારે કોંગ્રેસ નેતા પૃથ્વીરાજ ચવ્હાણના આક્ષેપોને ફગાવી દીધા હતા કે, પુણે પોર્શ કાર અકસ્માત કેસમાં રાજ્ય સરકારની નજીકના લોકોને રક્ષણ આપવામાં આવ્યું હતું જેમાં એક કિશોરે કારથી ટક્કર મારી બે આઈટી પ્રોફેશનલ્સની હત્યા કરી હતી. તેમને ‘સંપૂર્ણ જૂઠ્ઠાણું’ ગણાવતા પવારે કહ્યું કે, જો કોઈની પાસે કોઈ પુરાવા છે તો તેઓ તેને રજૂ કરી શકે છે કારણ કે, કોઈને રક્ષણ આપવામાં આવશે નહીં. મહાયુતિના ઘટકો (ભાજપ, શિવસેના અને એનસીપી) વચ્ચે મુખ્યમંત્રી પદ અંગેની વાતચીત વિશે પૂછવામાં આવતા તેમણે કહ્યું હતું કે, આગામી રાજ્ય વિધાનસભાની ચૂંટણીઓ પછી સત્તામાં પાછા ફર્યા પછી આ બાબત નક્કી કરાશે.

# ભારતીય કોસ્ટ ગાર્ડે પ્રતિકૂળ હવામાનમાં ડૂબતા વેપારી જહાજમાંથી ૧૧ ખલાસીઓને બચાવ્યા

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૬

ઈન્ડિયન કોસ્ટ ગાર્ડ (ICG)એ રવિવારના રોજ પ્રતિકૂળ હવામાન અને પડકારજનક દરિયાઇ પરિસ્થિતિમાં એક ઝડપી નાઈટ ઓપરેશન હાથ ધર્યું હતું અને કોલકાતાથી પોર્ટ બ્લેર જતાં ડૂબી રહેલા વેપારી જહાજમાંથી ૧૧ લોકોને બચાવ્યા હતા.

કોસ્ટ ગાર્ડના બે જહાજો, સારંગ અને અમોઘ, એક ડોર્નિયર એરક્રાફ્ટ સાથે, બચાવ અભિયાનમાં સામેલ હતા. મુંબઈ ખાતે નોંધાયેલ વેપારી જહાજ ITT પુમા બંગાળની ખાડીમાં સાગર દ્વીપથી ૯૦ નોટિકલ માઈલ દક્ષિણમાં ડૂબી ગયું હતું.

કોસ્ટ ગાર્ડના પ્રવક્તાએ જણાવ્યું કે, ICGના મેરીટાઈમ સર્ચ એન્ડ રેસ્ક્યુ કોઓર્ડિનેશન સેન્ટર, ચેન્નાઈને રવિવારની સાંજે ૪:૩૦ વાગ્યાની આસપાસ જહાજમાંથી એક વ્યથિત ઈમેલ મળ્યો હતો.તેના જવાબમાં, ICGના પ્રાદેશિક મુખ્યાલય ઉત્તર પૂર્વે બે ICG જહાજો અને એક વિમાનને શોધ અને બચાવ પ્રયાસો માટે નિર્દેશિત કર્યા.

આ વિસ્તારમાં પહોંચવા પર, રાત્રિ-સક્ષમ સેન્સર સાથેના એરક્રાફ્ટે લાઈફ



રાફ્ટ્સ શોધી કાઢ્યા.વ્યથિત ક્રૂએ તેમનું સ્થાન જણાવવા માટે સર્વાઈવલ રેડ ફ્લેયર છોડ્યા હતા, જે એરક્રાફ્ટ દ્વારા તરત જ જોવામાં આવ્યા હતા. દૃશ્ય સંપર્ક સ્થાપિત કરવા પર, એક IGC જહાજને વિમાન દ્વારા બચી ગયેલા લોકોને ઉપાડવા માટે વેક્ટર કરવામાં આવ્યું હતું.

વહાણ ડેટમ નજીક પહોંચ્યું અને બે લાઈફ રાફ્ટ્સ જોયા જેમાં એક નારંગી કેનોપી એક સાથે બાંધેલી હતી અને સિગ્નલ મોકલવા માટે વ્હિસલનો ઉપયોગ કરીને હાથ લહેરાવતા એક બચી ગયો હતો. ૨૫ અને ૨૬ ઓગસ્ટની મોડી રાત્રે અને વહેલી સવારના કલાકો દરમિયાન સમુદ્ર-હવા સંકલિત રાત્રિ શોધ અને બચાવ કામગીરીના પરિણામે ૧૧ ક્રૂને સુરક્ષિત બહાર કાઢવામાં આવ્યા હતા.

પ્રવક્તાએ ઉમેર્યું હતું કે,આ વિસ્તારમાં કોસ્ટ ગાર્ડના જહાજો અને એરક્રાફ્ટ દ્વારા બાકીના ક્રૂ માટે સર્ચ ઓપરેશન ચાલુ છે.

# ‘ચાલો ત્રીજું વિશ્વ યુદ્ધ ના કરીએ’ : મધ્ય-પૂર્વના તણાવ અંગે ટ્રમ્પનું નિવેદન

(એજન્સી) વોશિંગ્ટન, તા.૨૬

પૂર્વ અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે મધ્ય-પૂર્વની સ્થિતિને લઈને બાઈડેન વહીવટીતંત્રના પ્રયાસોની ટીકા કરી છે અને ભાર મૂક્યો છે કે, તેઓએ ત્રીજું વિશ્વ યુદ્ધ ન થવું જોઈએ તેવો પ્રયાસ કરવો જોઈએ. મધ્ય-પૂર્વમાં અમેરિકા માટે કોણ વાટાઘાટો કરી રહ્યું છે તે અંગે બાઈડેન વહીવટીતંત્રને પ્રશ્ન કરતાં તેમણે કહ્યું કે, અમેરિકી પ્રમુખ જો બાઈડેન કેલિફોર્નિયાના બીચ પર સૂઈ રહ્યા છે જ્યારે ઉપરાષ્ટ્રપતિ કમલા હેરિસ તેના ચાલતા સાથી અને મિનેસોટાના ગવર્નર ટિમ વોલ્ઝ સાથે પ્રચાર બસમાં પ્રવાસ કરી રહ્યા છે. એક્સ પર પોસ્ટમાં ટ્રમ્પે કહ્યું, ‘મધ્ય-પૂર્વમાં અમારા માટે કોણ વાટાઘાટો કરી રહ્યું છે ? બધી જગ્યાએ બોમ્બ પડી રહ્યા છે ! જો બાઈડેન કેલિફોર્નિયાના બીચ પર સૂઈ રહ્યા છે, કમલા હેરિસ પ્રચાર બસમાં પ્રવાસ કરે છે. ચાલો વિશ્વયુદ્ધ ન કરીએ, કારણ કે, આપણે ત્યાં જ જઈ રહ્યા છીએ !’ ટ્રમ્પનું નિવેદન મધ્ય-પૂર્વમાં વધતા તણાવ વચ્ચે આવ્યું છે જ્યારે તેમણે ‘લેબેનોનમાં લડાકુ લક્ષ્યો’ તરીકે હિઝબુલ્લાહને ‘ઈઝરાયેલી પ્રદેશ તરફ મિસાઈલ અને રોકેટ ફાયર કરવાની તૈયારી’ તરીકે ઓળખી કાઢ્યા હોવાનો દાવો કર્યા પછી ઈઝરાયેલી સૈન્ય વળતા હુમલાની તૈયારી કરી રહ્યું છે. હિઝબુલ્લાહે આરોપોને ‘પાયાવિહોણા’ ગણાવીને નકારી કાઢ્યા છે. જવાબમાં હિઝબુલ્લાહે તેના પોતાના હુમલાઓ સાથે પ્રતિક્રિયા આપી જેને તેણે ઈઝરાયેલને તેના પ્રતિસાદનો ‘પ્રથમ તબક્કો’ ગણાવ્યો છે. તેણે હુમલાને ‘સંપૂર્ણ સફળતા ગણાવી છે.’ અગાઉ ગુરૂવારે ટ્રમ્પે કહ્યું હતું કે, ‘કોમરેડ કમલા હેરિસના નેતૃત્વમાં કોઈ ભવિષ્ય નહીં હોય કારણ કે, તે આપણને ત્રીજા પરમાણુ વિશ્વ યુદ્ધમાં લઈ જશે ! તેમને વિશ્વના જુલમીઓ દ્વારા ક્યારેય માન આપવામાં આવશે નહીં ! વોશિંગ્ટન પોસ્ટે અહેવાલ આપ્યો છે કે, હેરિસે ડેમોક્રેટિક નેશનલ કન્વેન્શન (DNC)માં તેમના સ્વીકૃતિ ભાષણમાં ગાઝામાં યુદ્ધ વિશે વાત કર્યા પછી તેમણે આ ટિપ્પણી કરી હતી. ટ્રમ્પે તેના ટ્રુથ સોશિયલ એકાઉન્ટ પર હેરિસના ભાષણ અંગે નિવેદનોનો જવાબ આપ્યો હતો. તેમના સંબોધનમાં હેરિસે કહ્યું, ‘હું હંમેશા ઈઝરાયેલના પોતાના બચાવના અધિકાર માટે ઊભી રહીશ અને હું હંમેશા ખાતરી કરીશ કે, ઈઝરાયેલ પાસે પોતાનો બચાવ કરવાની ક્ષમતા છે કારણ કે, ઈઝરાયેલના લોકોએ ફરી ક્યારેય હમાસ નામના સંગઠનનો સામનો કરવો ન જોઈએ. હેરિસે પેલેસ્ટીનીઓની વ્યાપક વેદના પર પણ ભાર મૂક્યો હતો. ઈઝરાયેલ ડિફેન્સ ફોર્સિસ (IDF) દ્વારા રવિવારે જારી કરાયેલા એક નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે, લગભગ ૧૦૦ ઈઝરાયેલી એરફોર્સ ફાઈટર જેટ્સે ઉત્તર અને મધ્ય ઈઝરાયેલને લક્ષ્યમાં રાખીને હજારો હિઝબુલ્લાહ રોકેટ લોન્ચર બેરલ પર હુમલો કર્યો છે અને તેનો નાશ કર્યો છે. લડાકુ વિમાનોએ હિઝબુલ્લાહના ૪૦થી વધુ પ્રક્ષેપણ વિસ્તારોને નિશાન બનાવ્યા હતા.

# હિમાચલ સરકારે બાળકોના ઉછેરમાં નબળી મહિલાઓની મદદ માટે યોજના જાહેર કરી

(એજન્સી) શિમલા, તા.૨૬

હિમાચલપ્રદેશ સરકારે રવિવારે 'મુખ્યમંત્રી સુખ શિક્ષા યોજના' શરૂ કરવાની જાહેરાત કરી હતી જેનો ઉદ્દેશ્ય વિધવાઓ, નિરાધાર અને છૂટાછેડા લીધેલી મહિલાઓ અને અલગ-અલગ વિકલાંગ માતા-પિતાને તેમના બાળકોના ઉછેર અને શિક્ષણમાં ઉન્નત સહાય પૂરી પાડવાનો છે. મુખ્યમંત્રી સુખવિંદરસિંહ સુખુની અધ્યક્ષતામાં મળેલી કેબિનેટ બેઠક દરમિયાન આ નિર્ણય લેવામાં આવ્યો હતો. આ યોજના હેઠળ પાત્ર બાળકોને તેમની શૈક્ષણિક, આરોગ્ય અને પોષણની જરૂરિયાતો માટે ૧૮ વર્ષની ઉંમર સુધી માસિક રૂા.૧૦૦૦નું અનુદાન પ્રાપ્ત થશે એમ પ્રેસ રિલીઝમાં જણાવાયું છે. વધુમાં આ યોજના તેમના ઉચ્ચ શિક્ષણ માટે નાણાકીય સહાય ઓફર કરશે, કોર્સ ફી અને અંડરગ્રેજ્યુએટ, અનુસ્નાતક, ડિપ્લોમા અને વ્યાવસાયિક અભ્યાસક્રમો માટે હોસ્ટેલ ખર્ચને આવરી લેશે. યોજનાના અમલીકરણની સમયરેખા હજુ જાહેર કરવાની બાકી છે.



કેબિનેટે રાજીવ ગાંધી સ્વરોજગાર સ્ટાર્ટ-અપ યોજના-૨૦૨૩ હેઠળ ઈ-ટેક્સીની ખરીદી માટે ૫૦ ટકા સબસિડીને પણ મંજૂરી આપી હતી જે ૧૦ ટકા માર્જિન મની જમા કરાવ્યા પછી અને બેંક લોનના હપ્તાનું વિતરણ કર્યા પછી ત્રણ મહિનાની અંદર પૂરી પાડવામાં આવશે. યોજનાના અમલીકરણ માટે UCO બેંકને લોન મંજૂર કરવા માટે નોડલ બેંક તરીકે નિયુક્ત કરવામાં આવી છે જ્યારે એચ.પી. સ્ટેટ કોઓપરેટિવ બેંક, જોગીન્દ્રા સેન્ટ્રલ કોઓપરેટિવ બેંક અને કાંગડા સેન્ટ્રલ કોઓપરેટિવ બેંકને પસંદગીની બેંકો તરીકે નિયુક્ત કરવામાં આવી છે. ઉમેદવારોને વાર્ષિક ૭.૯ ટકાના વ્યાજ દરે લોન આપવામાં આવશે. કેબિનેટે ૨૦૨૩-૨૪ શૈક્ષણિક વર્ષ દરમિયાન નર્સરી, LKG અને UKGમાં પહેલેથી જ નોંધાયેલા વિદ્યાર્થીઓ માટે છ મહિનાની વય છૂટછાટને મંજૂરી આપી હતી જેનાથી તેઓ વર્ગ ૧ સુધીના આગામી ઉચ્ચ વર્ગોમાં આગળ વધી શકે છે. બેઠકમાં લેવાયેલા અન્ય નિર્ણયમાં ઈન્સ્પેક્ટર, જેલ અધિકારીઓ (જેલ વોર્ડનથી નોન-ગેઝેટેડ રેન્કના એક્ઝિક્યુટિવ સ્ટાફ સુધી) સુધીના પોલીસ કર્મચારીઓ અને રાજ્ય સચિવાલયના સુરક્ષા રક્ષકો માટે HRTC બસોમાં રાહતદરે મુસાફરી માટે માસિક શુલ્ક રૂા.૧૧૦થી વધારીને રૂા.૫૦૦ કરવામાં આવશે એમ નિવેદનમાં જણાવાયું છે. કેબિનેટે દાદાસીબા ખાતે નવી સબ-ડિવિઝનલ પોલીસ ઓફિસની સ્થાપના, આલમપુર ખાતે એક પોલીસ ચોકી અને સંસારપુર ટેરેસ પોલીસ પોસ્ટ અને મોઈન પોલીસ પોસ્ટને કાંગડા જિલ્લાના પોલીસ સ્ટેશનોમાં અપગ્રેડ કરવાની મંજૂરી પણ આપી હતી. આ કચેરીઓને કાર્યરત કરવા માટે જરૂરી ઓફિસની જગ્યાઓ છે તેમ નિવેદનમાં કહેવાયું છે. લેવામાં આવેલા અન્ય નિર્ણયોમાં કેબિનેટે કાંગડા જિલ્લાના દેહરા ખાતે એક નવું જલ શક્તિ વિભાગ સર્કલ ખોલવા અને જરૂરી હોદ્દાઓની રચના અને ભરવાની સાથે મંજૂરી આપી હતી. કેબિનેટે સિરમૌર જિલ્લાના નાહન ખાતે ડૉ.યશવંતસિંહ પરમાર સરકારી મેડિકલ કોલેજમાં ENT અને મનોચિકિત્સા વિભાગમાં એક-એક સહાયક પ્રોફેસરની જગ્યા ભરવાની મંજૂરી આપી હતી. વધુમાં દર્દીની સંભાળ વધારવા માટે ત્રણ મેડિકલ કોલેજો અને હોસ્પિટલો માટે ૩ TESLA MRI મશીન ખરીદવાની મંજૂરી આપવામાં આવી હતી. આ નિર્ણયમાં એઈમ્સ ચમિયાણા અને આઈજીએમસી, શિમલામાં ઈમરજન્સી સેવાઓ માટે બે ઈલેક્ટ્રિક વાહનોની જોગવાઈનો પણ સમાવેશ થાય છે. કેબિનેટે મફત પાવર રોયલ્ટી સ્લેબને ૨૦ ટકા, ૩૦ ટકા અને ૪૦ ટકાથી ઘટાડીને અનુક્રમે ૧૨ ટકા, ૧૮ ટકા અને ૩૦ ટકા કર્યા છે જેનાથી પાવર સેક્ટરના સાહસિકોને રાહત મળી છે.

# CBI ટીમને ૭૫ મિનિટ રાહ જોવી પડી હતી : CBIના અધિકારીઓએ આરજી કરના પૂર્વ પ્રિન્સિપાલ સંદિપ ઘોષ અને અન્ય વિક્રેતાઓ પર દરોડા પાડ્યા

(એજન્સી) તા.૨૬

સીબીઆઈએ રવિવારે શહેરભરમાં ૧૫ સ્થળોએ દરોડા પાડ્યા હતા, જેમાં આરજી કર મેડિકલ કોલેજ અને હોસ્પિટલના પૂર્વ પ્રિન્સિપાલ અને મેડિકલ સુપરિન્ટેન્ડેન્ટ સંદિપ ઘોષના ઘર અને ઓફિસનો સમાવેશ થાય છે, જો કે તપાસ કરનારાઓએ તેમના ઘરે પ્રવેશ માટે ૭૫ મિનિટ સુધી રાહ જોવી પડી હતી.



હોસ્પિટલના અધિકારીઓની તરફેણમાં હોવાના આરોપમાં કેટલાક વિક્રેતાઓની મિલકતોની પણ તપાસ કરવામાં આવી હતી. કેન્દ્રીય એજન્સીની અનેક ટીમોએ એક સાથે દરોડા પાડ્યા હતા. તેઓ પૂર્વ આચાર્ય ઘોષના ઘરે ગયા હતા; સંજય વશિષ્ઠ, જે હોસ્પિટલના પૂર્વ તબીબી અધિક્ષક-કમ-વાઈસ-પ્રિન્સિપાલ હતા; દેબાશિષ સોમ, હોસ્પિટલના ફોરેન્સિક વિભાગમાં પ્રદર્શનકર્તા; અને અન્ય વિક્રેતાઓ જેમને ઘોષે કથિત રીતે સરકારી કોન્ટ્રાક્ટ આપ્યા હતા તેઓને ત્યાં પણ દરોડા પાડ્યા હતા.

સીબીઆઈ તપાસ કરી રહી છે તેવા મુખ્ય આરોપોમાં હોસ્પિટલ કમ્પાઉન્ડમાં સ્ટોલ, કાફેટેરિયા અને કેન્ટીન સ્થાપિત કરવા માટે અયોગ્ય વિક્રેતાઓને સરકારી ટેન્ડરોની ગેરકાયદેસર ફાળવણી, જાહેર બાંધકામ વિભાગને સામેલ કર્યા વિના સિવિલ અને એન્જિનિયરિંગ કામો માટે તૃતીય-પક્ષ કોન્ટ્રાક્ટરોને કોન્ટ્રાક્ટ આપવા, ગેરકાયદેસર વેચાણ, જોખમી બાયોમેડિકલ વેસ્ટનો ઉપયોગ, પાર્કિંગ ફી અનધિકૃત રીતે વસૂલવી, કરાર આધારિત કર્મચારીઓની ગેરકાયદેસર ભરતી, માન્ય ઓળખપત્રો વિના કોન્ટ્રાક્ટ આપવામાં આવેલ વિક્રેતાઓ પાસેથી કમિશન લેવું અને જીમ અને ઘોષની ઓફિસને વધારાના ફર્નિચર માટે કોવિડ ફંડનો દુરુપયોગ સામેલ છે.

આરજી કર હોસ્પિટલમાં દરોડા પાડતી ટીમોના એક સીબીઆઈ અધિકારીએ પત્રકારોને કહ્યું કે, એજન્સીએ ઘણા પુરાવા એકત્રિત કર્યા છે. રવિવારે સવારે, સીબીઆઈની એક ટીમ ઘોષના બેલેઘાટા ઘરે પહોંચી હતી પણ ઘોષે અધિકારીઓને અંદર આવવા માટે દરવાજો ખોલવામાં ૭૫ મિનિટની રાહ જોવડાવી હતી. સીબીઆઈ અધિકારીઓએ જણાવ્યું હતું કે દરવાજો ખોલવામાં વિલંબથી તેઓને શંકાસ્પદ લાગ્યું હતું કે તે અંદર શું કરી રહ્યા છે. જ્યારે ઘોષે દરવાજો ખોલ્યો ત્યારે તેઓ ફોર્મલ શર્ટ અને ટ્રાઉઝરમાં સજ્જ હતા.

એક અધિકારીએ જણાવ્યું હતું કે, આ સમયગાળા દરમિયાન તેણે કોઈનો સંપર્ક કર્યો હતો કે કેમ અથવા તેણે કોઈ પુરાવા સાથે ચેડાં કરવાનો પ્રયાસ કર્યો હતો કે કેમ તે તપાસવા માટે અમે તેના કૉલ રેકોર્ડ્સની તપાસ કરીશું. ઘોષની આરજી કર મેડિકલ કૉલેજ અને હોસ્પિટલના પ્રિન્સિપાલની ઑફિસ અને હોસ્પિટલના વહીવટી બિલ્ડિંગમાં પણ રવિવારે દરોડા પાડવામાં આવ્યા હતા. બીજી ટીમે પૂર્વ MSVP વશિષ્ઠના એન્ટલીના ઘર અને ટાંગરામાં તેની સાથે જોડાયેલા અન્ય સરનામા પર દરોડા પાડ્યા હતા.

ઘોષની નિકટતા માટે જાણીતા આરજી કરના ફોરેન્સિક મેડિસિન અને ટોક્સિકોલોજી વિભાગના દેબાશિષ સોમની પણ તેમના કેશ્તોપુરના ઘરે કલાકો સુધી પૂછપરછ કરવામાં આવી હતી. સાંજે ૫ વાગ્યાની આસપાસ, સોમ તેની પત્ની સાથે ઘરની બહાર નીકળતા જોવા મળ્યા હતા. તેઓ સીબીઆઈની નિઝામ પેલેસ ઓફિસમાં ગયા જ્યાં સોમની લગભગ ચાર કલાક સુધી પૂછપરછ કરવામાં આવી હતી.

સૂત્રોએ જણાવ્યું હતું કે સોમ ઘોષની નિકટ હતા અને કથિત રીતે નાણાકીય અનિયમિતતાઓમાં તેની સાથે સામેલ હતા. રાજ્યના ગૃહ વિભાગના એક અધિકારીએ જણાવ્યું હતું કે સોમને એક વખત કૂચ બિહારમાં ટ્રાન્સફર કરવામાં આવ્યો હતો પરંતુ ઘોષને આરજી કારમાં પોસ્ટ કરવામાં આવતાની સાથે જ સોમનો ઓર્ડર રદ કરી દેવામાં આવ્યો હતો. સોમની મૂળ ઓફિસ ફોરેન્સિક મેડિસિન વિભાગમાં છે, તેના પર આરોપ છે કે તેણે વહીવટી બિલ્ડીંગમાં ઘોષની જેમ જ કોરિડોર સાથે એક ઓફિસ ગેરકાયદેસર રીતે રાખી છે.

સીબીઆઈની એક ટીમે વહીવટી બિલ્ડીંગમાં આવેલી અનેક ઓફિસો પર દરોડા પાડ્યા હતા અને મેડિકલ સાધનોની ખરીદી સંબંધિત દસ્તાવેજો, ચોક્કસ વિક્રેતાઓના નામે જારી કરાયેલા વર્ક ઓર્ડર, ટેન્ડરની ફાળવણી કરતી વખતે અનુસરવામાં આવેલા માપદંડો અને કોમ્પ્યુટર હાર્ડ ડિસ્ક પણ સ્કેન કર્યા હતા. જે ફરિયાદના આધારે તપાસ શરૂ કરવામાં આવી છે તેમાં ત્રણ વિક્રેતાઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. સીબીઆઈ અધિકારીઓએ જણાવ્યું હતું કે બિપ્લબ સિંઘના હાવડા ઘરની રવિવારે ઘણા કલાકો સુધી સર્ચ કરવામાં આવ્યું હતું. સીબીઆઈને સિંઘને લગતું બીજું સરનામું મળ્યું હતું, જેના પર બીજી ટીમે દરોડો પાડ્યો હતો. એજન્સીએ તેના બેલગાછિયાના ઘરે આરજી કાર કાફેટેરિયાના માલિકની પૂછપરછ કરી હતી. એક અધિકારીએ કહ્યું કે તેમને નિયમોને બાયપાસ કરીને બિઝનેસ ચલાવવા માટે કથિત રીતે વર્ક ઓર્ડર આપવામાં આવ્યો હતો.

સીબીઆઈએ ફરિયાદ પત્રમાં નામ આપવામાં આવેલા ત્રણ વિક્રેતાઓમાંથી એકના હાવડાના મૌરીગ્રામમાં એક મેડિકલ સ્ટોર પર પણ દરોડા પાડ્યા હતા. હોસ્પિટલમાં મેડિકલ સાધનોના સપ્લાયના સંબંધમાં કથિત વધુ ભાવના બિલો માટે સુમન હઝરાના હઝરા મેડિકલ પર રવિવારે દરોડા પાડવામાં આવ્યા હતા. આ સ્ટોરમાંથી કાગળોના ઘણા બંડલ જપ્ત કરવામાં આવ્યા હતા.

# રશિયન સૈન્ય ટુકડીઓમાં ફસાયેલા કેરળવાસીઓના પરિવારોએ કેન્દ્ર સરકારના હસ્તક્ષેપની વિનંતી કરી

(એજન્સી) થ્રિસૂર, તા.૨૬

રશિયન સેનામાં ફરજ બજાવતા થ્રિસૂરના વતની સંદીપ ચંદ્રનનું યુક્રેનિયન આક્રમણમાં મૃત્યુ થયા બાદ સંદીપ સાથે રશિયા ગયેલા અન્ય મલયાલી નોકરી શોધનારાઓના પરિવારો ચિંતિત છે. તેઓ તેમના પ્રિયજનોને પાછા લાવવા માટે સરકારી અધિકારીઓના હસ્તક્ષેપની માંગ કરી રહ્યા છે. સંદીપ અને અન્ય પાંચ લોકોએ ૨ એપ્રિલે ભારત છોડ્યું હતું અને તેમને ઈલેક્ટ્રિશિયન, સફાઈ કર્મચારીઓ અને રસોઈયા તરીકે નોકરી આપવાનું કહેવાયું હતું. આ જૂથને રશિયાના વિઝા અને પછી નોકરી મેળવવા માટે ચાલક્કુડીના વતની સ્ટીવ દ્વારા મદદ કરવામાં આવી હતી. દરેકે ફ્લાઈટ ચાર્જ અને અન્ય ખર્ચ માટે ૮૦,૦૦૦ રૂપિયા ચૂકવ્યા હતા. વાસ્તવિક ફી રૂા.૨.૫૦ લાખ હતી જે કરાર મુજબ નોકરી મળ્યા બાદ હપ્તામાં આપવાની રહેશે. તેઓને મોસ્કોના પુલામાં એક કાફેમાં નોકરીનું વચન આપવામાં આવ્યું હતું.



હાલમાં બખ્મુતમાં રહેલા જૂથના સભ્યોમાંથી એક સંતોષે સમાચાર એજન્સીને જણાવ્યું કે, અમે હાલમાં એક છોડી દેવાયેલી ઈમારતમાં રહીએ છીએ. પરંતુ આ એક ખતરનાક સ્થળ છે કારણ કે, અહીં સતત હુમલાઓ થઈ રહ્યા છે. હાલમાં અમે પાંચ જણ દરેકના સંપર્કમાં છીએ. અન્ય ભારતીય દૂતાવાસના અધિકારીઓએ અમારો સંપર્ક કર્યો અને અમને પાછા લાવવા માટે તમામ સમર્થનની ખાતરી આપી પરંતુ અમે ત્યાં સુધી જીવિત રહીશું કે કેમ તે અંગે અમને ખબર નથી. તેની સાથે વાત કરતી વખતે ફોન ઉપર ગોળીબારનો જોરદાર અવાજ સંભળાતો હતો અને જ્યારે તેની સાથે વાત કરી ત્યારે તેનો અવાજ ધ્રૂજતો હતો. થ્રિસૂર જિલ્લાના કોડકારાનો વતની સંતોષ ઈલેક્ટ્રિશિયન તરીકે કામ કરતો હતો. હાલમાં થ્રિસૂરનો વતની રેમિલ તેની સાથે છે. કોલ્લમના વતની સિબિનને સંદીપના મૃત્યુ બાદ નજીકના અન્ય સૈન્ય એકમમાં ખસેડવામાં આવ્યો હતો. જૂથના અન્ય બે સભ્યો બિનિલ અને જેનને અન્ય સૈન્ય એકમમાં સમાવવામાં આવ્યા છે. સંતોષે એમ પણ કહ્યું કે, લશ્કરી તાલીમ માટે તેમની સાથે તમિલનાડુનો એક માણસ હતો, જો કે, તેણે કેરળના અન્ય કોઈને જોયા નહોતા. જો કે, પુલામાં તેણે કહ્યું કે, તે કાફેમાં કામ કરતા ઘણા મલયાલી સ્થળાંતરીઓને મળ્યો હતો. સંતોષના નજીકના સંબંધીએ જણાવ્યું કે, 'તેમને જાણ કરવામાં આવી હતી કે, મૂકવામાં આવે તે પહેલાં તાલીમ આપવામાં આવશે. મોસ્કોના પુલાથી તેઓને તાલીમ માટે બીજી જગ્યાએ લઈ જવામાં આવ્યા હતા પરંતુ તે પછીથી જ તેમને સમજાયું કે તે ખરેખર લશ્કરી તાલીમ છે. અમે તમામ અધિકારીઓને ફરિયાદ કરી છે. ચિંતિત છે અને અમે તેમને પાછા લાવવા માટે દરમિયાનગીરી કરવા માટે આશાવાદી છીએ.' દરમિયાન સંદીપના મૃત્યુ અંગેની સત્તાવાર પુષ્ટિ રશિયન એમ્બેસી તરફથી આવી હતી જે બાદમાં શનિવારે જિલ્લા કલેક્ટર દ્વારા પરિવારને મોકલવામાં આવી હતી. જો કે, હજુ રશિયામાં ફસાયેલા યુવાનોનો યોગ્ય સંપર્ક થઈ શક્યો નથી.



**કોંગ્રેસના પીઢ નેતા અને નાંદેડના MP વસંતરાવ ચવ્હાણનું લાંબી બીમારીથી નિધન**

# કોલકાતાના ડોક્ટર હાઉસમાં ૧૧ કલાકની શોધખોળ બાદ CBIએ દસ્તાવેજો જપ્ત કર્યા

(એજન્સી) કોલકાતા, તા. ૨૬

કોલકાતાની આરજી કર હોસ્પિટલના પૂર્વ પ્રિન્સિપાલ સંદિપ ઘોષના ઘરે ૧૧ કલાકની શોધખોળ પછી સીબીઆઇના અધિકારીઓ સોમવારે મોડી સાંજે બહુવિધ દસ્તાવેજો સાથે નીકળી ગયા હતા. રેસિડેન્ટ ડોક્ટરના રેપ-હત્યા કેસમાં તપાસ કરી રહેલી એજન્સીને પૂર્વ પ્રિન્સિપાલ હેઠળ થયેલી સંસ્થામાં કથિત નાણાકીય અનિયમિતતાઓની તપાસનું કામ પણ સોંપવામાં આવ્યું છે. જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે શું તેઓને કોઈ નક્કર પુરાવા મળ્યા છે ત્યારે બહાર જતા સીબીઆઈના એક અધિકારીએ કહ્યું, 'ઘણું બધું છે.' કોલકાતા અને તેની આસપાસના પૂર્વ મેડિકલ સુપરિન્ટેન્ડેન્ટ સંજય વશિષ્ઠ અને અન્ય ૧૩ લોકોના ઘરે પણ સર્ચ કરવામાં આવ્યું હતું. સીબીઆઈના ભ્રષ્ટાચાર વિરોધી એકમે દર્દીઓના સંચાલન અને સંભાળ માટે સામગ્રી સપ્લાય કરવામાં રોકાયેલા લોકોના ઘરો અને ઓફિસોની પણ તપાસ કરી હતી. બળાત્કાર-હત્યા મામલે કેન્દ્રીય એજન્સીની નજર હેઠળ રહેલા સંદિપ ઘોષ સામે ભ્રષ્ટાચારના અનેક આરોપો છે.




શુક્રવારે રાજ્ય સરકારે ભ્રષ્ટાચારના આરોપોની તપાસ શરૂ કર્યાના દિવસો પછી કલકત્તા હાઈકોર્ટે કેસ સીબીઆઈને સોંપ્યો હતો. સંદિપ ઘોષ પોલીગ્રાફ ટેસ્ટ આપી ચૂક્યા છે. સોમવારે મુખ્ય આરોપી સંજય રોયનો વારો હતો. આ દરમિયાન ઘોષની સીબીઆઈ દ્વારા આજે સવારે ૮ વાગ્યાથી ફરી પૂછપરછ કરવામાં આવી હતી. ઓછામાં ઓછા સાત સીબીઆઈ અધિકારીઓએ પૂછપરછમાં ભાગ લીધો હતો જે બેલિયાઘાટા સ્થિત તેમના ઘરે થઈ હતી. પૂર્વ તબીબી અધિક્ષક અને હોસ્પિટલના વાઈસ પ્રિન્સિપાલ સંજય વશિષ્ઠ અને સંસ્થાના ફોરેન્સિક-મેડિસિન વિભાગના અન્ય પ્રોફેસરની પણ પૂછપરછ કરવામાં આવી હતી. તેની એફઆઈઆરમાં સીબીઆઈએ ઘોષ અને કોલકાતા સ્થિત ત્રણ ખાનગી સંસ્થાઓનું નામ આપ્યું છે જેમાં મધ્ય જોરહાટ, બાનીપુર, હાવરાના બેલગાચિયા અને ખામા લુહાના એશાન કેફએનો સમાવેશ થાય છે. તેઓને ભારતીય દંડ સંહિતાની કલમ 120 B (ગુનાહિત કાવતરૂં), ૪૨૦ (છેતરપિંડી) અને ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમની જોગવાઈઓ હેઠળ આરોપી બનાવવામાં આવ્યા છે.

# અખિલ ભારતીય ક્રમાંક ૯ સાથે UPSC ક્રેક કરવા માટે પ્રેક્ટિસ છોડી દેનાર ડૉક્ટર અપાલા મિશ્રા, ઈન્ટરવ્યૂમાં સૌથી વધુ માર્ક્સ મેળવ્યાં, પરંતુ IAS ન બન્યાં

(એજન્સી) તા.૨૬

મેડિકલ અને UPSC એ ભારતમાં બે સૌથી પ્રતિષ્ઠિત કારકિર્દી માનવામાં આવે છે અને લાખો યુવાનો તેનો ભાગ બનવાની ઈચ્છા ધરાવે છે, પરંતુ બહુ ઓછા લોકોને આમ કરવાની તક મળે છે, જો કે, કેટલાક અસાધારણ લોકો ડૉક્ટર અને IFS બંને બને છે તેમના જીવનકાળ માટે સક્ષમ છે. આવી જ એક પ્રેરણાદાયી વાર્તા IFS અપલા મિશ્રાની છે, જેમણે UPSCમાં પ્રવેશ મેળવવા માટે મેડિકલ પ્રેક્ટિસ છોડી દીધી હતી. ગાઝિયાબાદના વતની, અપલાના પિતા સેનામાં નિવૃત્ત કર્નલ છે અને તેનો ભાઈ મેજર છે. તેમની માતા ડૉ. અલ્પના મિશ્રા દિલ્હી યુનિવર્સિટીમાં પ્રોફેસર છે. તે નાનપણથી જ અભ્યાસમાં હોશિયાર છે. આ પછી તેણે આર્મી કોલેજમાંથી બેચલર



ઓફ ડેન્ટલ સર્જરી (BDS)ની ડિગ્રી મેળવી. જોકે, તેમનો જુસ્સો IAS ઓફિસર બનવાનો હતો. તેથી, અભ્યાસ પૂર્ણ કર્યા પછી, તેમણે તૈયારી શરૂ કરી. તેણીએ ૨૦૧૮ માં પ્રથમ વખત UPSC પરીક્ષા આપી હતી, પરંતુ તે પ્રારંભિક પરીક્ષા પણ પાસ કરી શકી ન હતી. જો કે, તેમણે ૨૦૧૯ માં ફરીથી પરીક્ષા આપી, પરંતુ તે પછી પણ તે સફળ થઈ શકી નહીં. અનેક આંચકો હોવા છતાં, મિશ્રા આ વખતે સફળતા હાંસલ કરવા માટે મક્કમ હતા અને તેણીની અથાક મહેનતનું પરિણામ ૨૦૨૦ માં તેણીના ત્રીજા પ્રયાસમાં આવ્યું, જ્યારે તેણીએ આખરે પરીક્ષા પાસ કરી અને IFS અધિકારી બની, કારણ કે તે તેની પ્રથમ પસંદગી હતી. તેણે તેને અખિલ ભારતીય ક્રમાંક ૯ના ટોપ રેંક સાથે પાસ કર્યું. તેણીએ UPSC ઈન્ટરવ્યુમાં ૨૭૫ માંથી ૨૧૫ માર્ક્સ મેળવ્યા હતા, આમ છેલ્લા પાંચ વર્ષમાં તે સૌથી વધુ સ્કોરર બની હતી. તેની તૈયારીની વ્યૂહરચના વિશે વાત કરતાં તેણે જણાવ્યું કે તેણે ૭-૮ કલાક અભ્યાસ કર્યો.

# અંશિકા વર્મા એક સોશિયલ મીડિયા સ્ટાર, જેણે બીજા પ્રયાસમાં કોચિંગ વિના UPSC પાસ કરી, અખિલ ભારતીય ક્રમાંક ૧૩૬ મેળવ્યો

(એજન્સી) તા.૨૬

કેટલાક લોકો એટલા હિંમતવાન હોય છે કે, તેઓ જોખમ લે છે અને તેમના કમ્ફર્ટ ઝોનમાંથી બહાર નીકળી જાય છે અને અદ્‌ભુત સફળતા હાંસલ કરે છે. આવી જ એક પ્રેરણાદાયી વાર્તા IPS અંશિકા વર્માની છે, જેઓ એન્જિનિયર છે અને કોચિંગ વિના UPSC પરીક્ષા પાસ કરી છે. ઉત્તરપ્રદેશના પ્રયાગરાજની રહેવાસી અંશિકાએ પોતાનું પ્રાથમિક શિક્ષણ નોઈડામાં પૂરૂં કર્યું. ત્યારબાદ તેમણે નોઈડાની ગલગોટિયાસ કોલેજમાં અભ્યાસ કર્યો, જ્યાંથી તેમણે ૨૦૧૮માં ઈલેક્ટ્રોનિક્સ અને કોમ્યુનિકેશન એન્જિનિયરિંગમાં B.Tech ડિગ્રી મેળવી. સ્નાતક થયા પછી તેમણે ૨૦૧૯માં પ્રયાગરાજમાં UPSC



સિવિલ સર્વિસીસ પરીક્ષાની તૈયારી શરૂ કરી, જ્યાં તેમણે પોતાનો સંપૂર્ણ સમય તેમના અભ્યાસ માટે સમર્પિત કર્યો. અતૂટ ખંત અને સમર્પણ સાથે અંશિકાએ ૨૦૨૦માં UPSC CSE પરીક્ષામાં તેમના બીજા પ્રયાસમાં કોઈપણ કોચિંગ વિના ઓલ ઈન્ડિયા રેન્ક ૧૩૬ હાંસલ કર્યો. તેમની સફળતામાં મોટો ફાળો તેમનો સહાયક પરિવાર છે, જેમાં તેમના પિતા ઉત્તરપ્રદેશ વિદ્યુત નિગમ લિમિટેડ (UPEL)ના નિવૃત્ત કર્મચારી છે અને તેમની માતા ગૃહિણી છે. આ પછી તે ૨૦૨૧ બેચની ઉત્તરપ્રદેશ કેડરની IPS ઓફિસર બની. હાલમાં તે ગોરખપુરમાં ACP (આસિસ્ટન્ટ પોલીસ કમિશનર) તરીકે તૈનાત છે. વધુમાં તેણી તેમની અગ્રણી સોશિયલ મીડિયા હાજરી માટે પ્રખ્યાત છે કારણ કે, તેણીના લગભગ ૨.૫૭ લાખ ઈન્સ્ટાગ્રામ ફોલોઅર્સ છે. તેણીનું સત્તાવાર ઈન્સ્ટાગ્રામ હેન્ડલ @anshikaverma.ips છે.

# ૭ ઈંચ વરસાદે અમદાવાદને ધમરોળ્યું : જ્યાં જુઓ ત્યાં પાણી જ પાણી

**વિઝિબિલીટી ઘટતાં વાહનચાલકોને હાલાકી** | **વાસણા બેરેજના ૬ દરવાજા ખોલાયા** | **અનેક સ્થળોએ પાણી ભરાતા લોકો મુશ્કેલીમાં** | **લોકોને એલર્ટ રહેવા તંત્રની સૂચના** | **તંત્રની કામગીરી સામે લોકોમાં ભારે રોષ**


હઝરત શાહેઆલમ રોજા


એફ.ડી. હાઇસ્કૂલ- જુહાપુરા


જુહાપુરા


અંજલી-BRTS

વરસાદમાં ધુમ્મસની સ્થિતિ સર્જાતા વાહનોની લાઇટ ચાલુ કરવી પડી


સરખેજની સારા મસ્જિદમાં પાણી ઘૂસ્યાં


ઘરમાં પાણી ભરાયું


બેરલ માર્કેટ


શાહપુર


ત્રણ દરવાજા


જુહાપુરા-સંકલિતનગર


મીઠાઇ બજાર-માણેક-ચોક


પાણીમાં કાર ફસાઇ



અંડરબ્રિજ

અમદાવાદ,તા.૨૬ રાજયમાં અતિભારે વરસાદની આગાહી વચ્ચે મેઘાએ ધમાકેદાર ઈનિંગ રમતા સર્વત્ર જળબંબાકારની સ્થિતિ જોવા મળી રહી છે. ત્યારે અમદાવાદ શહેરમાં ધોધમાર વરસાદ વરસી રહ્યો છે. ભારે પવન ફુંકાવાની સાથે શહેરમાં શનિવારે વહેલી સવારથી સાંજ સુધી ૭ ઈંચ જેટલો વરસાદ ખાબકતાં સર્વત્ર જળબંબાકારની સ્થિતિનું નિર્માણ થયું છે. વરસાદને પગલે ઠેર ઠેર પાણી ભરાયા હતા. તો અનેક સ્થળોએ રસ્તા પર નદીઓ વહેતી હોય તેવા દશ્યો સામે આવ્યા હતા. વરસાદને પગલે અનેક સોસાયટી અને મહોલ્લાઓમાં ઘરમાં પાણી ઘૂસવાની ફરિયાદો ઉઠી હતી. જયારે સતત ચાર દિવસ પડી રહેલ વરસાદને પરિણામે શહેરમાં પાણી જ પાણી જોવા મળ્યું હતું. અમદાવાદ શહેરના તમામ ઝોનમાં ધોધમાર વરસાદને પગલે જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી. શહેરનો પૂર્વ વિસ્તાર હોય કે પશ્ચિમ જયાં જુઓ ત્યાં લોકોએ પાણી ભરાવાની ફરિયાદો કરી હતી. તો મોટા ભાગના રોડ, રસ્તા પાણીમાં ગરકાવ થતા વાહન ચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડયો હતો. અંડરબ્રિજમાં પાણી ભરાતા બંધ કરવામાં આવ્યા હતા. બીજી તરફ આગામી ૨૪ કલાકમાં શહેરમાં ભારે વરસાદની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. અમદાવાદ શહેરમાં છેલ્લા ૪ દિવસથી વરસાદી માહોલ જોવા મળી રહ્યો છે. ત્યારે સોમવાર સાંજથી અનેક સ્થળોએ ધોધમાર વરસાદ વરસ્યો હતો. ભારે વરસાદને પગલે શહેરના મોટા ભાગના વિસ્તારો જેવા કે એસ.જી. હાઈવે, પ્રહલાદનગર, બોપલ, શિવરંજની, સરખેજ, વેજલપુર, જુહાપુરા, ગુપ્તાનગર, વાસણા, પાલડી, જમાલપુર, એલિસબ્રિજ, નારોલ, ઠક્કરબાપા નગર, મેમ્કો, સૈજપુર, નરોડા, મણિનગર, કાંકરિયા, વટવા, શાહેઆલમ, દાણીલીમડા, બહેરામપુરા, મકરબા, ખોડિયાર નગર, દુધેશ્વર, શાહીબાગ, સિવિલ, વાડજ, નવાવાડજ, ઉસ્માનપુરા, રાણીપ, ચાણકયપુરી, ત્રણ દરવાજા, લાલદરવાજા, નિકોલ, બાપુનગર, ઓઢવ સહિતના અનેક વિસ્તારોમાં અનેક સ્થળોએ મકાનો અને દુકાનોમાં પાણી ભરાતા નુકસાનની ભીતિ સેવવામાં આવી રહી છે તો તહેવારો સમયે ધોધમાર વરસાદને કારણે શહેર અને શહેરની આસપાસ યોજાનારા અનેક લોકમેળા ધોવાઈ ગયા હતા. જયારે કેટલાક સ્થળોએ વરસાદી પાણી ભરાતા લોકોએ હોડીની મદદથી બહાર નીકળવાનો માર્ગ કર્યો હતો. આકાશમાં કાળા ડિબાંગ વાદળો અને પવન ફુંકાવાની સાથે વરસાદ પડતા વિઝિબિલીટી એકદમ ઓછી થઈ ગઈ હતી. જેને પરિણામે વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડયો હતો. વરસાદને પગલે તંત્રની નબળી કામગીરી પણ સામે આવી હતી. તો બીજી તરફ વાસણા બેરેજના ૬ દરવાજા ખોલવામાં આવ્યા છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પાણી ભરાવાની શકયતાને જોતા લોકોને સાવચેતી રાખવાની સૂચના આપવામાં આવી છે. જયારે અગત્યના કામ વગર સલામત સ્થળે જ રહેવાની સૂચના પણ આપવામાં આવી છે તો બીજી તરફ લોકો પાણી ભરાવાની સમસ્યાથી ત્રસ્ત થઈ તંત્ર સામે આક્રોશ ઠાલવી રહ્યા છે.

## પાલડીના અંડરપાસમાં બસ ફસાઈ ૨૫ મુસાફરોના જીવ તાળવે ચોંટયા

### ફાયર ટીમે મુસાફરોને સહી સલામત બહાર કાઢયા

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૨૬ અમદાવાદ શહેરમાં વહેલી સવારના વરસાદમાં જોધપુરથી રાજકોટ જતી શ્રીનાથ ટ્રાવેલ્સની લકઝરી બસ પાલડી પરીમલ પાસેના અંડરપાસના અંદર બસમાં ફસાઈ ગઈ હતી. જો કે અંડરપાસમાં પાણી ભરાયેલુ સ્પષ્ટ દેખાઈ રહ્યું હતું. છતાં બસના ડ્રાઈવરે બસ અંદર ઘુસાડી દીધી હતી. પરિણામે અધવચ્ચે જ ફસાઈ ગઈ, જેમાં લગભગ ૨૫ મુસાફરોને જીવ તાળવે ચોટી ગયા હતા. ફાયર ટીમ તુરંત ઘટના સ્થળે પહોંચી અને દોરડા વડે દરેક મુસાફરને સહી સલામત બહાર કાઢી દીધા હતા. આ ફાયરની કામગીરી પછી લોકોએ રાહતનો શ્વાસ લીધો. ડ્રાઈવરની બેદરકારીના કારણે સર્જાયેલી આ ઘટના ઘણા લોકોને ડર અને તકલીફમાં મુકતા સુરક્ષાની જરૂરિયાતને સ્પષ્ટ કરતી છે. છેલ્લા કેટલાક દિવસોથી અમદાવાદ શહેરમાં વરસાદના અહેવાલ મળ્યા છે. પરંતુ રાત્રીના સમયે આવેલ ભારે વરસાદે શહેરના અનેક વિસ્તારોને પાણી પાણી કરી નાખ્યા છે. અમદાવાદના પૂર્વ અને પશ્ચિમ ભાગમાં આખીરાત વરસતા વરસાદના કારણે શહેરમાં અનેક જગ્યાએ પાણી ભરાયું છે. એસ.જી. હાઈવે, ગોતા, ઘાટલોડિયા, ચાંદલોડિયા, રાણીપ અને નારણપુરામાં ભારે વરસાદ થયો છે. આ વરસાદથી વેજલપુર, વસ્ત્રાપુર અને જમાલપુરમાં પણ પાણી ભરાઈ ગયું હોવાના એહવાલ સામે આવ્યા છે.

## વરસાદને લીધે હવાઈ-ટ્રેન-બસ સેવા ખોરવાઈ

### કેટલીક ટ્રેન પ્રભાવિત થતા અંદાજે ૨૦૦૦થી વધુ મુસાફરો અટવાયા

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૨૬ ભારે વરસાદને પગલે અમદાવાદમાં પૂર જેવી સ્થિતિ જોવા મળી છે. ત્યારે કેટલીક ટ્રેનો પ્રભાવિત થતા અંદાજે ૨૦૦૦ જેટલા મુસાફરો અટવાઈ ગયા છે. જેથી રેલવે સ્ટેશન પર મુસાફરો રોષે ભરાયા છે.




રાજકોટ-અમદાવાદ હાઈવે પર ચોટીલા પાસે હીરાસરમાં સ્થિત રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટ ઉપરથી ભારે વરસાદના કારણે એક ચાર્ટર રદ થયુ હતુ તો મુંબઈ અને અમદાવાદની ૨ ફલાઈટ વરસાદને કારણે મોડી ઉપડતા મુસાફરો પરેશાન થઈ ગયા હતા. આ સિવાય વરસાદના કારણે એસ.ટી. બસની સેવાને પણ અસર પહોંચી હતી રાજકોટ એસટી ડિવિઝન હેઠળ રાજકોટ, મોરબી અને સુરેન્દ્રનગર જિલ્લામાં આંતરિયાળ ગામડાઓમાં જતી એસ.ટી. બસ કેન્સલ કરવામાં આવી છે કારણ કે, નદીનાળા છલકાઈ જતા આંતરિયાળ વિસ્તારોમાં જતી બસના મુસાફરો ઉપર જોખમ રહેલું છે. જેને કારણે જ રાજકોટ એસટી ડિવિઝનની દૈનિક આવકમાં પણ ઘટાડો જોવા મળ્યો છે. સામાન્ય રીતે જન્માષ્ટમીના તહેવારોમાં એસટી વિભાગ દ્વારા એક્સ્ટ્રા બસોનુ સંચાલન કરવામાં આવતું હોય છે. જેને બદલે વરસાદને કારણે બસો કેન્સલ કરવી પડી રહી છે. પ્રાપ્ત વિગત મુજબ, રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટ ઉપરથી આજનું રાજકોટથી સુરત જતું વેંચુરાનુ ૯ સીટર ચાર્ટર પ્લેન આજે વરસાદને કારણે રદ થયુ હતું જયારે રાજકોટથી અમદાવાદની ફ્લાઈટનો સમય બપોરે ૦૩:૫૦નો છે, જેને બદલે આ ફ્લાઈટ આજે સાંજે ૫ વાગ્યે રાજકોટથી અમદાવાદ જવા માટે રવાના થઈ હતી. જેને કારણે ૪૦ જેટલા મુસાફરોને સવા કલાક સુધી ફ્લાઇટની રાહ જોઈને બેસી રહેવું પડ્યું હતું. જ્યારે ઈન્ડિગોની રાજકોટ - મુંબઈની ફ્લાઈટનો સમય ૧૯:૪૦ વાગ્યાનો છે જે ફ્લાઈટ ૦૯:૦૫ વાગ્યે રાજકોટથી મુંબઈ જવા માટે રવાના થઈ હતી.

### પાણીની સ્થિતિ જોઈ લોકો ભયભીત

## ઘરો અને દુકાનોમાં પાણી ભરાતાં ભારે નુકસાનની ભીતિ

અમદાવાદ,તા.૨૬ અમદાવાદ શહેરમાં ભારે વરસાદને પગલે ઠેર ઠેર દુકાનો અને મકાનોમાં પાણી ભરાયા છે તો કેટલાક સ્થળોએ ધાર્મિક સ્થળોમાં પણ પાણી ભરાયા છે. ખાસ કરીને મસ્જિદમાં પાણી ભરાતા ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. તો બીજી તરફ ભારે વરસાદને પગલે ઘરોમાં પાણી ભરાતા લોકોને અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. તો દુકાનોમાં પાણી ભરાતા વેપારીઓને ભારે નુકસાનીનો સામનો કરવાનો વારો આવી શકે છે. બીજી તરફ હજુ પણ વરસાદની આગાહી કરાતા લોકોનો જીવ તાળવે ચોંટયો છે.

## હળવદમાં એક વર્ષ પૂર્વે નિર્મિત બ્રિજ વરસાદને પગલે ધરાશાયી



અમદાવાદ, તા.૨૬ ભારે વરસાદને કારણે રાજ્યમાં વધુ એક પુલ ધરાશાયી થયું છે. મોરબીના હળવદમાં એક વર્ષ પહેલા જ બનાવમાં આવેલો પુલ ધરાશાયી થઇ ગયો હતો. નવા કોયબાથી જુના કોયબાને જોડતો પુલ ભારે વરસાદમાં ધરાશાયી થઇ ગયો હતો. ભારે વરસાદને કારણે પુલ ધોવાઇ ગયો હતો જેને કારણે વાહન વ્યવહારને અસર થઇ હતી. હળવદના કોઇબા ગામ પાસે બ્રિજ ભારે વરસાદને કારણે તૂટી ગયો હતો. કોઇબાથી નવા કોઇબા માટેનો રસ્તો છે ત્યા આ બ્રિજ બનાવવામાં આવ્યો હતો. કોઇબાની એક હજારની વસ્તીને આવવા જવા માટેનો એક જ રસ્તો હતો તે બ્રિજ તૂટી જતા ગામના લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. બ્રિજના જે દ્રશ્યો સામે આવ્યા છે તેમાં ભ્રષ્ટાચાર કેટલો થયો હશે તેનો જીવતો જાગતો પુરાવો જોવા મળી રહ્યો છે.

## સાણંદના રૂપાવટી ગામમાં ટ્રેક્ટરથી ૧૫૦ લોકોનું રેસ્કયૂ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૬ છેલ્લા ૨૪ કલાકથી ગુજરાતમાં વરસી રહ્યો છે. ત્યારે ભારેથી અતિભારે વરસાદને પગલે અમદાવાદના અનેક વિસ્તારોમાં પાણી ભરાયા છે. જો કે, અમદાવાદ જિલ્લાનો એક વિસ્તાર તો એવો પણ છે જ્યાં ચારેય બાજુથી તૂટી પડેલાં વરસાદને પગલે બેટ જેવી સ્થિતિનું નિર્માણ થયું છે. ભારે વરસાદને કારણ અહીં ઢગલાબંધ લોકો ફસાઈ ગયા હતા. આવી સ્થિતિમાં અંદાજે ૧૫૦થી વધુ લોકોને ટ્રેક્ટર દ્વારા રેસ્કયૂ કરવાની ફરજ પડી હતી.

પ્રાપ્ત વિગત મુજબ અમદાવાદ જિલ્લાના સાણંદ વિસ્તારમાં ધોધમાર વરસાદને પગલે રૂપાવટી ગામ પાણીમાં ગરકાવ થઈ ગયું હતું. જેને કારણે ગામના ખેતરમાં ફસાયેલા ૧૫૦થી વધુ લોકોને ટ્રેક્ટર દ્વારા રેસ્કયૂ કરવામાં આવ્યા હતા.

## શહેરમાં ૨૮ વૃક્ષો ધરાશાયી

અમદાવાદ,તા.૨૬ શહેરમાં મોડીરાતથી જ પવન સાથે ભારે વરસાદ પડ્યો હતો. જેના પગલે કુલ ૨૮ જેટલા ઝાડ પડવાના કોલ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને મળ્યા હતા. સૌથી વધારે પશ્ચિમ વિસ્તારમાં ૧૩ જેટલા ઝાડ પડ્યા હતા. કોર્પોરેશનના ગાર્ડન વિભાગ દ્વારા તાત્કાલિક ધોરણે ત્યાં પહોંચી રોડ પરના ઝાડને દૂર કરવાની કામગીરી કરવામાં આવી હતી. જયારે પાણી ભરાવાની અનેક ફરિયાદો મળી હતી. જયારે તંત્ર દ્વારા એલર્ટની સૂચના અપાતા ફાયર વિભાગ દોડતો થયો છે.

મોડીરાત્રે એક વાગ્યા ધીમીધારે વરસાદ થયો શરૂ થયો હતો. ત્યારબાદ ત્રણ વાગ્યે ધોધમાર વરસાદ શરૂ થયો હતો. શહેરના પાલડી, વાસણા, ઓઢવ મેમકો, સૈજપુર, ગોતા, ચાંદલોડિયા, સાયન્સ સિટી, બોડકદેવ, વસ્ત્રાપુર સહિતના વિસ્તારોમાં ચાર ઈંચ જેટલો વરસાદ પડ્યો હતો. રાણીપ ચાંદખેડા, જોધપુર બોપલ સહિતના વિસ્તારોમાં પણ સાડા ત્રણ ઈંચથી વધુ વરસાદ પડયો હતો. શહેરમાં મોડીરાત્રે પડેલા ભારે વરસાદના કારણે ઠેર-ઠેર પાણી ભરાઈ ગયા હતા. અનેક વિસ્તારોમાં પાણી ભરાવવાના કારણે લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.

### પાણી ભરાવાની સમસ્યા અંગે વિપક્ષ નેતાના પ્રહારો

## થોડાક ઈંચ વરસાદમાં જ સમગ્ર અમદાવાદ સ્વિમિંગ પુલ બની જાય છે

### પ્રી-મોન્સૂન કામગીરીના નામે ફકત ભ્રષ્ટાચાર : કોંગ્રેસ

અમદાવાદ,તા.૨૬ આજે સમગ્ર અમદાવાદમાં ભારે વરસાદ પડયો હતો. ત્યારે ઠેર ઠેર જગ્યાએ પાણી ભરાવાની સમસ્યા સર્જાઈ હતી. આ અંગે અ.મ્યુ.કો.ના વિપક્ષ નેતા શહેઝાદખાન પઠાણે જણાવ્યું હતું કે વરસાદ આવતા જ એએમસીની પોલ ખુલી જાય છે. થોડાક ઈંચ વરસાદમાં જ સમગ્ર અમદાવાદ સ્વિમીંગ પુલમાં બદલી જાય છે. છેલ્લા બે દિવસથી સતત વરસી રહેલ વરસાદથી અમદાવાદનો એક પણ વોર્ડ નથી કે જયાં પાણી ભરાયું ન હોય બે-બે ઈંચ વરસાદમાં જ સમગ્ર વોર્ડ ડૂબી જાય છે. એક તરફ ભાજપે વાયદો કર્યો હતો કે, ૧૧૦ જગ્યાને આઈડેન્ટિફાય કરી તેના સ્ટોમ વોટરનો કાર્ય કર્યું છે. જેથી ત્યાં પાણી આવશે નહીં જો કે, ૧૧૦ને બાદ કરતા બીજી પણ એવી જગ્યા વધી ગઈ જયાં અત્યારે પાણી ભરાવાનું શરૂ થઈ ગયું છે. અત્યારે કોઈ જ એવા રોડ બચ્યાં હશે. જયાં પાણી ભરાતું નથી.



વરસાદની સ્થિતિનો તાગ મેળવવા વિપક્ષ નેતા વિસ્તારની મુલાકાતે પહોંચ્યા હતા.

અમદાવાદનો પશ્ચિમ વિસ્તાર જે સૌથી વધુ ટેકસ ભરતો હોય આજે તે પણ આખો સ્વિમીંગ પુલ બની ગયું છે. તેઓએ વધુમાં જણાવ્યું કે, અમદાવાદ શહેરમાં જે પ્રિ-મોન્સૂન કામગીરીના નામે શહેરમાં કામ થયું તેમાં કરોડો રૂપિયાના ખર્ચ કર્યા છતાં પણ અમદાવાદની આ સ્થિતિ થતી હોય તો આ પ્રિ-મોન્સૂન કામગીરીના નામે ફકત ભ્રષ્ટાચાર થયો હોય તેવી કોંગ્રેસ પક્ષની માન્યતા છે. આગામી મળનાર બેઠકમાં કોંગ્રેસ આક્રમક રીતે આ મુદ્દે સવાલ ઉઠાવશે. તમામ પ્રિ-મોન્સૂન કામગીરીના નામે શું થયું તેની વિજિલન્સ તપાસ કરવા માંગ કરશે. તેઓએ વધુમાં ઉમેર્યું કે એક તરફ ભાજપ ઓલિમ્પિક યોજવાની વાત કરે છે. ત્યારે એક ઈંચ વરસાદમાં જ અમદાવાદ શહેર ડૂબી જાય તો જોઈ શકાય છે કે ભાજપ કેવી રીતે શાસન ચલાવી રહી છે.

# મુસ્લિમ અમેરિકન વોટ મહત્ત્વપૂર્ણ છે અને હવે તેને હળવાશથી લઈ શકાય નહીં

(એજન્સી) તા.૨૬

અમેરિકામાં પ્રમુખપદની ચૂંટણી જેમ જેમ નજીક આવી રહી છે તેમ તેમ મતદારોને આકર્ષવાની સ્પર્ધા તેજ બની રહી છે. ડેમોક્રેટ્સ અને રિપબ્લિકન લડતા હોય તેવા તમામ વિવિધ ક્ષેત્રોમાં, મુસ્લિમ દેખાય છે. મુસ્લિમ મતદારોના મોટા હિસ્સા પર જીત મેળવવાની આશા રાખતા કોઈપણ ઉમેદવારે પેલેસ્ટીનમાં રક્તપાત રોકવા માટે સમુદાયની માંગણીઓ પર ધ્યાન આપવું જોઈએ. મેજ અને ચેન્જ રિસર્ચ સાથેની ભાગીદારીમાં ઈન્સ્ટિટ્યૂટ




સમુદાય એક અલગ છે.

જો કે મુસ્લિમો અમેરિકાની વસ્તીના લગભગ ૧ ટકા હિસ્સો ધરાવે છે, તેઓ એક મહત્વપૂર્ણ મતદાતા સમૂહ છે, કારણ કે તેઓ મુખ્ય રાજ્યોમાં કેન્દ્રિત છે, ઘણીવાર સાંકડા માર્જિનથી ચૂંટણી જીતે છે. આ ચૂંટણી ચક્ર, મુસ્લિમ સમુદાય એક રાજકીય મુદ્દા પર પહેલા કરતાં વધુ એકજૂથ ફોર સોશિયલ પોલિસી એન્ડ અન્ડરસ્ટેન્ડિંગ (ISPU) દ્વારા પ્રકાશિત કરવામાં આવેલા નવા અભ્યાસ મુજબ તે છે. તે જૂનના અંતમાં અને જુલાઈની શરૂઆતમાં હાથ ધરવામાં આવેલા સર્વે પર આધારિત છે જેમાં ત્રણ સ્વિંગ રાજ્યો - જ્યોર્જિયા, પેન્સિલવેનિયા અને મિશિગન - ૨૦૨૪ ની રાષ્ટ્રપતિની ચૂંટણીમાં મુસ્લિમો કેવી રીતે મતદાન કરવાની અપેક્ષા રાખે છે તેના પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

અમને જાણવા મળ્યું છે કે રાષ્ટ્રપતિ જો બિડેન દ્વારા ગાઝામાં યુદ્ધના સંચાલનથી મુસ્લિમો, જેઓ ૨૦૨૦માં તેમના સૌથી મોટા સમર્થકો હતા, તેમના સખત ટીકાકારોમાં ફેરવાઈ ગયા છે. ૨૦૨૦માં, આ રાજ્યોમાં લગભગ ૬૫ ટકા મુસ્લિમ મતદારોએ બાઈડેનને મત આપ્યો હતો. આ સમર્થન તેમની ચૂંટણી જીત માટે મહત્ત્વપૂર્ણ હતું કારણ કે તેમણે મુખ્ય સ્વિંગ રાજ્યોમાં નાના માર્જિનથી જીત મેળવી હતી. તેમણે જ્યોર્જિયાને માત્ર ૧૨,૦૦૦ મતોથી જીત્યું, એક રાજ્ય જ્યાં ૬૧,૦૦૦થી વધુ મુસ્લિમોએ મતદાન કર્યું હતું, અને પેન્સિલવેનિયામાં ૮૧,૦૦૦ મતોથી, જ્યાં ૧૨૫,૦૦૦ મુસ્લિમોએ મતદાન કર્યું હતું. તેનાથી વિપરિત, બિડેન પ્રમુખપદની રેસમાંથી બહાર નીકળતા પહેલા હાથ ધરવામાં આવેલા અમારા સર્વેમાં, માત્ર ૧૨ ટકા ઉત્તરદાતાઓએ જણાવ્યું કે તેઓ તેમના માટે મત આપશે, જે અન્ય કોઈપણ જૂથના અભ્યાસ કરતા વધારે છે તે સમર્થનમાં નાટકીય ઘટાડો દર્શાવે છે જોયું જ્યારે આ પ્રમુખપદની રેસને અસર કરે છે, તે ડેમોક્રેટિક પાર્ટીની સ્થાપના સાથે વ્યાપક ભ્રમણાથી પણ પ્રગટ થયું છે.


શુભ પ્રસંગે ઓર્ડર લેવામાં આવે છે
WE ACCEPT ORDER ON ZOMATO
MUNAVVAR R.SHAIKH
M. : 98980 89276, M. : 84015 56272
IRFAN SHAIKH M. : 99988 73177
NEW BERA SAMOSA HOUSE
I.P. MISSION ROAD, BHADRA AHMEDABAD
BRANCH : MASJIDE HAJRA, SARKHEJ
MAKARBA ROAD,AHMEDABAD

AL FAROOQ® TOURS & TRAVELS Since 1996 IATA
ઈદે મિલાદુન્નબી ઉમરાહ રવાનગી ૨૮ ઓગસ્ટ દિવસ ૨૦ ડાયરેક્ટ ફ્લાઈટ અમદાવાદ થી અમદાવાદ
દિવાળી વેકેશન ઉમરાહ રવાનગી તા.૨૮ ઓક્ટોબર દિવસ-૨૦ ડાયરેક્ટ ફ્લાઈટ અમદાવાદ થી અમદાવાદ
હાજી યાકુબ મુન્શી - ૯૮૨૫૨ ૭૫૩૩૩ - ૯૮૨૫૫ ૭૫૩૩૩ - ૯૮૯૮૦ ૩૪૪૭૮
૧,સંજરી એપાર્ટમેન્ટ, શાહેઆલમ, અમદાવાદ -૨૮

ન્યુ ઝમઝમ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ
ઉમરાહ 2024 ફ્લાઈટ અમદાવાદથી અમદાવાદ
દિવાળી વેકેશન 27 ઓક્ટોબર રવાનગી 90,000/- (22 દિવસ)
રમઝાન બુકિંગ ચાલુ છે
21 અને 25 સપ્ટેમ્બર રવાનગી 85,000/- (25 દિવસ)
હજ-૨૦૨૫નું બુકિંગ ચાલુ છે
મોલાના સાજીદ સિદ્ધપુર 9638929480
ઐયુબભાઈ કરોડાપોલ અહમદાબાદ 9825442205
જાલીવાલી મસ્જિદ સામે, લાલદરવાજા પાસે, અમદાવાદ-૦૧


# ઈઝરાયેલે દક્ષિણ લેબેનોન પર હુમલો કર્યો હિઝબુલ્લાહે ઈઝરાયેલ પર રોકેટ લોન્ચ કર્યા

(એજન્સી) તા.૨૬

હિઝબુલ્લાહનું કહેવું છે કે, તેણે જુલાઈના અંતમાં કમાન્ડર ફુઆદ શુક્રની હત્યાના જવાબમાં ઈઝરાયેલ પરના જવાબી હુમલાનો પ્રથમ તબક્કો સફળતાપૂર્વક પૂર્ણ કર્યો છે. અગાઉ રવિવારના રોજ, ઈઝરાયેલે કહ્યું હતું કે, તેણે ઉત્તરી ઈઝરાયેલ પર હુમલો કરવાની હિઝબુલ્લાહની તૈયારી શોધી કાઢી ત્યારે અગાઉથી હુમલામાં દક્ષિણ લેબનોન પર હવાઈ હુમલો કર્યો હતો. જ્યારે હિઝબુલ્લાહ અને ઈઝરાયેલ ઑક્ટોબરમાં ગાઝા પર ઈઝરાયેલનું યુદ્ધ શરૂ થયું ત્યારથી સરહદની આજુબાજુ કેટલીક તીવ્રતા સાથે હુમલાઓનું વિનિમય કરી રહ્યાં છે, આ એક નોંધપાત્ર વધારો દર્શાવે છે. હિઝબુલ્લાહનો પ્રતિસાદ અપેક્ષિત હતો, કારણ કે તે હિઝબુલ્લાહ અને તેના સાથી હમાસના વરિષ્ઠ કમાન્ડરોની લક્ષ્યાંકિત હત્યાના અઠવાડિયા પછી આવે છે જેનો ઈઝરાઈલ પર આરોપ મૂકવામાં આવ્યો હતો. લેબેનીઝ જૂથે જણાવ્યું હતું કે, તેણે ૧૧ ઈઝરાયેલી લશ્કરી થાણા અને બેરેક પર ૩૨૦થી વધુ કાટ્યુશા રોકેટ છોડ્યા હતા, જેમાં મેરોન બેઝ અને કબજા હેઠળની ગોલાન હાઈટ્સમાં ચાર સ્થળોનો સમાવેશ થાય છે. લેબેનીઝ ટાઉન માર્જાયુનથી અહેવાલ આપે છે કે, અલ જઝીરાના ઝેના ખોદરે જણાવ્યું હતું કે, બંને પક્ષો મહિનાઓથી એકબીજા પર હુમલાઓ કરી રહ્યાં છે, રવિવારના હુમલામાં નોંધપાત્ર વધારો થયો છે.



લેબેનોન પર મોટાભાગના ઈઝરાયેલી હુમલાઓ ૧૨૦ કિમી (૭૪ માઈલ) સરહદની સાથે ૫ કિમી (૩ માઈલ) ઊંડે સુધી સરહદી વિસ્તારમાં હતા. સરહદ વિસ્તાર હવે લશ્કરી ક્ષેત્ર છે. તેને ખાલી કરવામાં આવ્યું છે. તાજેતરના મહિનાઓમાં ઈઝરાયેલી સેના દ્વારા તેના પર વારંવાર હુમલો કરવામાં આવ્યો. ઈઝરાયેલનું કહેવું છે કે, તેના ૧૦૦ જેટ વિમાનોએ આયોજિત હુમલાથી ઈઝરાયલીઓને બચાવવા માટે, આયોજિત હિઝબુલ્લાના પ્રક્ષેપણના અડધા કલાક પહેલા દક્ષિણ લેબેનોનમાં હજારો હિઝબોલ્લા લોન્ચ સાઈટ્સ પર બોમ્બમારો કર્યો હતો. લેબનોનની NNA ન્યૂઝ એજન્સીએ અહેવાલ આપ્યો છે કે, કાસિમિયામાં પાછળથી ઈઝરાયેલી ડ્રોન હુમલામાં એક વ્યક્તિ ગંભીર રીતે ઘાયલ થયો હતો અને ખિયામ શહેરમાં એક હવાઈ હુમલામાં એક વ્યક્તિનું મોત થયું હતું. ઈઝરાયેલના સંરક્ષણ મંત્રી યોવ ગેલન્ટે રવિવારની સવારે ૬ વાગ્યાથી (૦૩:૦૦ GMT) ૪૮ કલાક માટે દેશવ્યાપી વિશેષ પરિસ્થિતિ જાહેર કરી. ઈઝરાયેલનું બેન ગુરિયન એરપોર્ટ સવારે વહેલી સવારે અસ્થાયી રૂપે બંધ કરવામાં આવ્યું હતું, જ્યારે ઉત્તર ઈઝરાયેલમાં કેટલીક ઈજાઓના અહેવાલો બહાર આવ્યા હતા. ઈઝરાયેલી સેનાએ ઉત્તર ઈઝરાયેલ અને ગોલાન હાઈટ્સમાં નાગરિકો પર શ્રેણીબદ્ધ પ્રતિબંધોની પણ જાહેરાત કરી હતી. વડા પ્રધાન બેન્જામિન નેતાન્યાહુએ કહ્યું કે, ઈઝરાયેલ પોતાના બચાવ માટે શક્ય તેટલું બધું કરવા માટે સંકલ્પબદ્ધ છે. જે અમને નુકસાન પહોંચાડે છે - અમે તેને નુકસાન પહોંચાડીએ છીએ. હુમલાઓ પછી અલ જઝીરાના ખોડરે કહ્યું કે, જ્યારે હિઝબોલ્લાહ કહી રહ્યું છે કે આ તેના વચન આપેલા બદલો લેવાની શરૂઆત છે, ત્યાં કોઈ શંકા નથી કે બીજો તબક્કો નિકટવર્તી છે. આ એક ખૂબ જ ખતરનાક સંઘર્ષ છે અને રહ્યો છે, મોટા પ્રમાણમાં સમાવિષ્ટ હોવા છતાં, ત્યાં એક વાસ્તવિક ચિંતા છે કે તે વિસ્તરી શકે છે અને નિયંત્રણની બહાર જઈ શકે છે. ઈઝરાયેલી સૈન્યનું કહેવું છે કે, હિઝબુલ્લાહ સામે તેના મોટાભાગના હુમલાઓ હાલમાં દક્ષિણ લેબનોનમાં છે, પરંતુ જ્યાં પણ ખતરો હશે ત્યાં તે હુમલો કરશે. ગયા મહિને તેહરાનમાં હમાસના રાજકીય વડા ઈસ્માઈલ હનીહની અને બેરૂતમાં શુક્રની હત્યા બાદ સર્વત્ર પ્રાદેશિક સંઘર્ષની વૈશ્વિક આશંકા વધી ગઈ છે, બંનેનો આરોપ ઈઝરાયેલ પર છે. ઈઝરાયેલના હુમલાઓમાં સમગ્ર પ્રદેશને સંપૂર્ણ વિકસિત યુદ્ધમાં દોરવાની ક્ષમતા છે. લેવન્ટ ઇન્સ્ટિટ્યૂટ ફોર સ્ટ્રેટેજિક અફેર્સના ડિરેક્ટર સામી નાદેરે અલ જઝિરાને કહ્યું, જોકે તેમને લાગે છે કે બંને પક્ષો સંપૂર્ણ વિકસિત યુદ્ધ ટાળવાનો પ્રયાસ કરશે. દરમિયાન યુનાઈટેડ સ્ટેટ્સે રવિવારે કહ્યું કે, તે ઈઝરાયલના પોતાના બચાવના અધિકારને સમર્થન આપવાનું ચાલુ રાખશે. યુએસ રાષ્ટ્રીય સુરક્ષા પરિષદના પ્રવક્તા સીન સેવેટે એક નિવેદનમાં જણાવ્યું હતું, રાષ્ટ્રપતિ જો બાઈડેનના નિર્દેશ પર, વરિષ્ઠ યુએસ અધિકારીઓ તેમના ઈઝરાયેલ સમકક્ષો સાથે સતત વાતચીત કરી રહ્યા છે. રવિવારનો હુમલો ત્યારે થયો જ્યારે ઈજિપ્ત ગાઝા પર ઈઝરાયેલના યુદ્ધને સમાપ્ત કરવાના હેતુથી વાટાઘાટોના નવા રાઉન્ડનું આયોજન કરી રહ્યું છે, જે હવે તેના ૧૧મા મહિનામાં છે. હિઝબુલ્લાહે કહ્યું છે કે, જો યુદ્ધવિરામ થશે તો તે લડાઈ અટકાવશે. નાદેરે જણાવ્યું હતું કે, જો કે, કોઈ રાજદ્વારી સમજૂતી દેખાઈ રહી નથી અને તે ઈઝરાયેલ સંબંધોના નિયમોમાં ફેરફાર કરવા માટે કટિબદ્ધ છે, જેથી ઉત્તર ઈઝરાયેલમાંથી હાંકી કાઢવામાં આવેલા તમામ ઈઝરાયેલીઓને પાછા ફરવાની મંજૂરી મળે.

# ઈઝરાયેલી સૈન્યએ ખાન યુનિસની ઉત્તરે આવેલા વિસ્તારોમાંથી મૃતદેહો, વિનાશ સર્જી પીછેહઠ કરી

(એજન્સી) તા.૨૬

ઈઝરાયેલી સેનાએ શનિવારના રોજ દક્ષિણ ગાઝા પટ્ટીમાં ખાન યુનિસની ઉત્તરે આવેલા વિસ્તારોમાંથી મૃતદેહો અને વ્યાપક વિનાશ સર્જી પીછેહઠ કરી. પ્રત્યક્ષદર્શીઓએ એનાદોલુને જણાવ્યું હતું,હમાદ રહેણાંક શહેર વિસ્તારમાં વિનાશ ખાસ કરીને ગંભીર હતો, જ્યાં ઈઝરાયેલી યુદ્ધ વિમાનોએ ડઝનેક એપાર્ટમેન્ટનો નાશ કર્યો હતો અને સમગ્ર ટાવરને ધરાતલ કરી દીધા હતા.



તેઓએ અહેવાલ આપ્યો કે ખાન યુનિસના ઉત્તરીય વિસ્તારોમાં નાગરિકોની જમીનો અને મિલકતોના બુલડોઝિંગ સાથે ડઝનેક રહેણાંક ઈમારતો કાટમાળમાં ઘટાડી દેવામાં આવી હતી. સાક્ષીઓએ એ પણ નોંધ્યું છે કે, નાગરિક સંરક્ષણ ટીમો, આરોગ્ય કર્મચારીઓ અને આંતરરાષ્ટ્રીય રેડ ક્રોસ એવા વિસ્તારોમાં ગુમ થયેલા લોકોને શોધી રહ્યા છે જ્યાં ઈઝરાયેલી સૈન્ય આગળ વધ્યું હતું અને હુમલાઓ કર્યા હતા. તેમણે ઉમેર્યું હતું કે, ખાન યુનિસના ઉત્તરીય ભાગમાંથી કેટલાંક મૃતદેહો અને ખંડિત અવશેષો મળી આવ્યા હતા અને શહેરની નાસેર હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. ઉત્તરીય ખાન યુનિસમાં સૈન્યના ઘૂસણખોરીએ હજારો પેલેસ્ટીનીઓને તેમના ઘરોમાંથી બળજબરીપૂર્વક વિસ્થાપિત કર્યા છે, તેમને પેલેસ્ટીની પ્રદેશના પશ્ચિમ અને મધ્ય પ્રદેશોમાં આશ્રય મેળવવા દબાણ કર્યું છે.

છેલ્લાં કેટલાંક દિવસોમાં, ઈઝરાયેલી દળો ઉત્તરીય ખાન યુનિસમાં આગળ વધ્યા હતા પરંતુ શનિવારના રોજ પીછેહઠ કરી ચૂક્યા છે, અને શહેરોના પૂર્વીય ભાગોમાં સ્થાન મેળવ્યું હતું. અગાઉ, ગાઝા સિવિલ ડિફેન્સે અહેવાલ આપ્યો હતો કે, તેની ટીમોએ શનિવારની શરૂઆતથી અને છેલ્લા બે દિવસથી ગાઝા પટ્ટી પર ઈઝરાયેલના હવાઈ હુમલામાં માર્યા ગયેલા ૪૯ પેલેસ્ટીનીઓ ના મૃતદેહ મેળવ્યા છે.

# ગાઝાના લગભગ ૧૫,૦૦૦ બાળકો તીવ્ર કુપોષણથી પીડિત

(એજન્સી) તા.૨૬

યુનાઈટેડ નેશન્સ અનુસાર, આ વર્ષની શરૂઆતથી ગાઝામાં લગભગ ૧૫,૦૦૦ બાળકો તીવ્ર કુપોષણથી પીડિત હોવાનું નિદાન થયું છે. યુએન માનવતાવાદી કાર્યાલય OCHAએ જણાવ્યું કે તેણે જાન્યુઆરીના મધ્યભાગથી ૨૩૯,૫૮૦ બાળકોની તપાસ કરી હતી, જેના પરિણામે ૬ મહિનાથી ૫ વર્ષની વયના ૧૪,૭૫૦ બાળકોમાં કુપોષણના લક્ષણો જોવા મળ્યા હતા, જેમાં ગંભીર તીવ્ર કુપોષણના ૩,૨૮૮ કેસનો સમાવેશ થાય છે. કમલ અડવાન હોસ્પિટલના ડિરેક્ટર હોસમ અબુ સફિયાએ જણાવ્યું કે, "અત્યાર સુધી અમે લગભગ ૫,૦૦૦ બાળકોની ગણતરી કરી છે. અને એક તૃતીયાંશ કેસમાં કુપોષણના લક્ષણો જોવા મળ્યા છે." તેમણે જણાવ્યું કે આમાંથી એક ક્વાર્ટર કેસો "સઘન સંભાળ માટે સંદર્ભિત નથી" કારણ કે તેઓ "જટીલતાઓ સાથે કુપોષણ તરીકે વર્ગીકૃત" છે. "આ કેસો હવે કમલ અડવાન હોસ્પિટલના કુપોષણ સારવાર વિભાગમાં હાજર છે," તેમણે યુએનના વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (ડબ્લ્યુએચઓ)ના એક વીડિયોમાં જણાવ્યું હતું. ગૂંચવણો સાથેના કેસોના પૂરનો અર્થ એ છે કે આ તે તબક્કો છે જે મૃત્યુ પહેલાં આવે છે. કમલ અડવાન હોસ્પિટલ ઉત્તર ગાઝામાં સ્થિત છે અને વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા સમર્થિત કુપોષણ સારવાર કેન્દ્ર ધરાવે છે.



યુનાઈટેડ નેશન્સ ન્યૂઝ સર્વિસ અનુસાર, ગાઝામાં માત્ર ત્રણ અન્ય સાઈટ્સ કાર્યરત છે. અબુ સફિયાએ આ કેસોની સારવાર માટે "તમામ જરૂરી દવાઓ, ખાદ્યપદાર્થો અને ઉપચારાત્મક દૂધની ઉપલબ્ધતા" માટે આહ્વાન કર્યું છે. ગાઝા પર ઈઝરાયેલના યુદ્ધ દરમિયાન હોસ્પિટલો, એમ્બ્યુલન્સ, પ્રાર્થના સ્થાનો અને રહેણાંક ઘરો પર હુમલો કરવામાં આવ્યો છે. યુદ્ધ ફાટી નીકળ્યા પછી સ્ટ્રીપ પર લાંબા સમયથી ઈઝરાયેલી ઘેરાબંધી તીવ્ર બની છે, અને માત્ર મર્યાદિત માત્રામાં સહાયની મંજૂરી આપવામાં આવી છે. આ પરિસ્થિતિએ ખાદ્ય પ્રણાલી અને માનવતાવાદી પરિસ્થિતિઓ પર દબાણ કર્યું છે, આ પ્રદેશને દુષ્કાળની અણી પર લાવી દીધો છે. ગાઝા આરોગ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર, સ્ટ્રીપ પર ઈઝરાયેલ યુદ્ધમાં અત્યાર સુધીમાં ઓછામાં ઓછા ૪૦,૪૦૫ લોકો મૃત્યુ પામ્યા છે. દક્ષિણ આફ્રિકાએ ઈઝરાયેલને નરસંહારનો આરોપ લગાવીને યુએનની સર્વોચ્ચ ન્યાયાલય, ઈન્ટરનેશનલ કોર્ટ ઑફ જસ્ટિસમાં લઈ જવામાં આવ્યું છે.

# સુદાનના સૈન્ય નેતા કહે છે કે શાંતિ વાટાઘાટોમાં જોડાશે નહીં, ૧૦૦ વર્ષ સુધી લડશે

(એજન્સી) તા.૨૬

સુદાનના ડી ફેક્ટો શાસક, આર્મી ચીફ અબ્દેલ ફતાહ અલ-બુરહાને શનિવારના રોજ જણાવ્યું હતું કે, તેમની સરકાર સ્વિટ્ઝર્લેન્ડમાં હરીફ અર્ધલશ્કરી દળો સાથે શાંતિ વાટાઘાટોમાં જોડાશે નહીં, તેના બદલે ૧૦૦ વર્ષ સુધી લડવાનું વચન આપ્યું હતું. બુરહાને, જેની ટુકડીઓ ૧૬ મહિનાથી વધુ સમયથી અર્ધલશ્કરી રેપિડ સપોર્ટ ફોર્સિસ (RSF) સામે લડી રહી છે, પોર્ટ સુદાનમાં પત્રકારોને જણાવ્યું હતું, અમે જીનીવા જઈશું નહીં.અમે ૧૦૦ વર્ષ સુધી લડીશું. યુનાઈટેડ સ્ટેટ્સે ૧૪ ઓગસ્ટના રોજ સ્વિત્ઝર્લેન્ડમાં માનવીય વેદનાને હળવી કરવા અને કાયમી યુદ્ધવિરામ હાંસલ કરવાના હેતુથી વાટાઘાટો શરૂ કરી હતી. જ્યારે RSF પ્રતિનિધિ મંડળ દેખાયું, ત્યારે સુદાનની સશસ્ત્ર દળો ફોર્મેટથી નાખુશ હતા અને હાજરી આપી ન હતી, જોકે તેઓ મધ્યસ્થીઓ સાથે ટેલિફોન સંપર્કમાં હતા. આ વાટાઘાટો સઉદી અરેબિયા અને સ્વિટ્ઝર્લેન્ડ દ્વારા સહ-આયોજિત કરવામાં આવી હતી, જેમાં આફ્રિકન યુનિયન, ઈજિપ્ત, યુનાઈટેડ આરબ અમીરાત અને યુનાઈટેડ નેશન્સે સુદાન ગ્રૂપ (ALPS)માં લાઈફસેવિંગ એન્ડ પીસને આગળ વધારવા માટે કહેવાતા સંરેખિત પૂર્ણ કર્યા



હતા. તેઓ શુક્રવારે યુદ્ધવિરામ વિના પરંતુ દેશમાં બે મુખ્ય માર્ગો પર સહાયની પહોંચ સુરક્ષિત કરવાની પ્રગતિ સાથે આવરિત થયા, જે વિશ્વની સૌથી ખરાબ માનવતાવાદી કટોકટીમાંથી એક છે. ઘાતકી સંઘર્ષે પાંચમાંથી એક વ્યક્તિને તેમના ઘર છોડીને ભાગી જવાની ફરજ પાડી છે, જ્યારે હજારો લોકો મૃત્યુ પામ્યા છે. સમગ્ર સુદાનમાં ૨.૫ કરોડ થી વધુ , તેની અડધાથી વધુ વસ્તી,તીવ્ર ભૂખનો સામનો કરે છે.

# યુકે સરકારે અફઘાનિસ્તાનના વિદ્યાર્થીઓ માટે મુખ્ય શિક્ષણ શિષ્યવૃત્તિ પર પ્રતિબંધ લગાવી દીધો

(એજન્સી) તા.૨૬

બ્રિટિશ સરકારે દેખીતી રીતે અફઘાનિસ્તાનને મોટી આંતરરાષ્ટ્રીય શિષ્યવૃત્તિથી વંચિત રાખ્યું છે જેણે ઐતિહાસિક રીતે સેંકડો અફઘાન વિદ્યાર્થીઓને યુનાઈટેડ કિંગડમની ટોચની યુનિવર્સિટીઓમાં અભ્યાસ કરવા સક્ષમ બનાવ્યા છે, ખાસ કરીને અફઘાનિસ્તાનમાં છોકરીઓ અને મહિલાઓના શિક્ષણને નુકસાન પહોંચાડ્યું છે. સમાચાર મુજબ, ચેવેનિંગ શિષ્યવૃત્તિ યોજના ૨૦૨૫ માટેની અરજીઓ ૬ ઓગસ્ટના રોજ વિશ્વભરના દેશો માટે ખોલવામાં આવી હતી, જે પસંદગીના આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓને આ યોજનાનો લાભ લેવાની મંજૂરી આપે છે અને તેમની કોર્સ ફી, ફ્લાઈટ્સ અને રહેઠાણ આવરી લેવામાં આવશે. જો કે, પોર્ટલ અફઘાન વિદ્યાર્થીઓ માટે બંધ રહ્યું, માત્ર એટલું જ જણાવતા કે "આ વર્ષના કાર્યક્રમ માટેની પાત્રતા હજુ સમીક્ષા હેઠળ છે. અપડેટ્સ માટે આ પેજનું નિરીક્ષણ કરો." યુકે ફોરેન, કોમનવેલ્થ એન્ડ ડેવલપમેન્ટ ઓફિસ (એફસીડીઓ) દ્વારા ભંડોળ પૂરૂં પાડવામાં આવેલ, ચેવેનિંગ શિષ્યવૃત્તિ ૧૯૮૩થી "ભવિષ્યના નેતાઓ, પ્રભાવકો અને નિર્ણય લેનારાઓ" શોધવાના ઉદ્દેશ્ય સાથે કાર્યરત છે, કારણ કે આ શિષ્યવૃત્તિ લોકો માટે ઉપલબ્ધ ન હતી દેશની અંદર, પરંતુ તેણે એવા લોકોને સ્વીકાર્યા છે જેઓ અફઘાનિસ્તાન ભાગી ગયા હતા અને હવે પાત્ર ત્રીજા દેશોમાં રહે છે. અફઘાન વિદ્યાર્થીઓ માટેની યોજનાના સસ્પેન્શનને પૂર્વ કન્ઝર્વેટિવ




ઈન્ટરનેશનલ ડેવલપમેન્ટ સેક્રેટરી રોરી સ્ટુઅર્ટ સહિત સંખ્યાબંધ બ્રિટિશ રાજકીય હસ્તીઓ દ્વારા વખોડવામાં આવી છે, જેમણે આઉટલેટને જણાવ્યું કે શિષ્યવૃત્તિ "અફઘાની પેઢીઓ માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે, જે અનન્ય તકો પૂરી પાડે છે અને કેટલીક પ્રતિભાશાળી અફઘાન મહિલાઓ અને પુરુષોને શિક્ષણ. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે કાર્યક્રમ "ખાસ કરીને તાલિબાન અફઘાનિસ્તાનમાં મહત્ત્વપૂર્ણ છે અને જો તે સમાપ્ત થાય તો તે એક મોટી દુર્ઘટના હશે."

# ઐતિહાસિક સ્થળોની મુલાકાત, કોઈ મધ્યસ્થી નહીં : સઉદી અરેબિયાએ ડાયરેક્ટ ઉમરાહ કાર્યક્રમ શરૂ કર્યો

(એજન્સી) તા. ૨૬

સઉદી અરેબિયાના હજ અને ઉમરાહ મંત્રાલયે 'ડાયરેક્ટ ઉમરાહ પ્રોગ્રામ' શરૂ કર્યો છે જે કંપનીઓને હજયાત્રીઓને સીધી સેવા આપવા દેશે જેથી મધ્યસ્થીઓને દૂર કરીને ઉચ્ચ ગુણવત્તાની સેવાઓ સુનિશ્ચિત કરી શકાય.

સઉદી પ્રેસ એજન્સી (SPA) અનુસાર, નવા પ્રોગ્રામનો હેતુ પ્રોફેટના જીવન સાથે સંબંધિત ઐતિહાસિક સ્થળો અને દેશના અન્ય સીમાચિહ્નો અને આકર્ષણોની મુલાકાત ગોઠવીને યાત્રાળુના અનુભવને સમૃદ્ધ બનાવવાનો છે.

સઉદી અરેબિયાએ ૨૦૨૩માં રેકોર્ડ ૧૩.૫ મિલિયન યાત્રાળુઓને આવકાર્યા બાદ સેવા પ્રદાતાઓ અને કંપનીઓને પ્રોફેશનલ ડેસ્ટિનેશન મેનેજમેન્ટ અને ટ્રીપ ઓર્ગેનાઈઝેશનનું મોડલ અપનાવવા પ્રોત્સાહિત કરવા માટે પણ આ કાર્યક્રમ તૈયાર કરવામાં આવ્યો છે.

આ જાહેરાત ઉમરા સંગઠનોની બીજી બેઠક દરમિયાન કરવામાં આવી હતી જેનું આયોજન હજ અને ઉમરાહ મંત્રાલય



દ્વારા સાઉદી વિઝન ૨૦૩૦ના કાર્યક્રમોમાંના એક પિલગ્રીમ એક્સપિરિયન્સ પ્રોગ્રામ (PEP)ના સહયોગથી કરવામાં આવ્યું હતું. આ બેઠક મંગળવાર (૨૦ ઓગસ્ટ)ના રોજ મક્કામાં મંત્રાલયના મુખ્યાલયમાં યોજાઈ હતી.

નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

તંત્રીલેખ ...... ગુજરાત ટુડે

# દલિત-આદિવાસી સંગઠન પ્રેરિત 'ભારત બંધ'ના સૂચિતાર્થ

અનામતમાં પેટા વર્ગીકરણની પ્રસ્તાવિત જોગવાઈના વિરોધમાં દેશના દલિત અને આદિવાસી સંગઠનોએ ગત સપ્તાહે જે 'ભારત બંધ'નું એલાન આપ્યું હતું એની મિશ્ર અસર દેશભરમાં દેખાઈ હતી. દેશમાં આટલી અસર દેખાવી એને પણ સફળ જ ગણી શકાય કારણ કે જ્યાં જ્યાં પણ આ દલિત કે આદિવાસી સંગઠનોની વસ્તી કે વર્ચસ્વ છે તે વિસ્તારો તો જડબેસલાક બંધ રહ્યા છે. અનામત બાબતે આ સંગઠનોની જાગૃતિ અને એકતાની પ્રશંસા કરવી જોઈએ. આ સંગઠનો શિક્ષણ અને નોકરીઓમાં વંચિત સમુદાયોના વ્યાપક પ્રતિનિધિત્વની માંગ કરી રહ્યા છે અને એ વ્યાજબી પણ છે. પોતાના બંધારણીય અધિકારોના રક્ષણ માટે આ સંગઠનોએ ભારત બંધનું એલાન આપ્યું અને તેને મળેલા પ્રતિસાદથી ચોક્કસપણે સરકારને સંદેશ મળી પણ ગયો હશે કે અનામતની જોગવાઈમાં ચેડાં કરવા જેવા નથી. ખાસ કરીને આ અનામત બાબતે હાલમાં જે આશંકાઓ પેદા થઈ છે એનું નિવારણ કરવું પણ જરૂરી છે. જે રીતે હાલમાં લેટરલ એન્ટ્રી (સીધી ભરતી)નો મુદ્દો ચગ્યો એ પણ કેન્દ્ર સરકારની અનામત વિરોધી છબી તરફ અંગૂલિ નિર્દેશ કરી જાય છે અને વિપક્ષ તો કેન્દ્ર સરકાર પર છેલ્લા કેટલાય સમયથી અનામત વિરોધી હોવાનો આક્ષપો કરી જ રહ્યો છે. જો કે આ બાબતે કેન્દ્ર સરકાર વારંવાર સ્પષ્ટતાઓ કરી રહી છે પણ તેનો ખાસ પ્રભાવ દલિત-આદિવાસી સંગઠનો પર પડ્યો હોય તેવું જણાતું નથી. બીજું આ બંધના એલાનને પણ વિરોધ પક્ષોએ પૂરેપૂરે ટેકો આપ્યો હતો જેના કારણે પણ દેશમાં જ્યાં દલિતો અને આદિવાસીઓની બહુમતી છે એવા વિસ્તારોમાં બંધ જડબેસલાક જોવા મળ્યો. કેટલાયે ઠેકાણે માર્ગ વ્યવહાર તો ક્યાંક ટ્રેન વ્યવહાર પર પણ અસર પડી... ઘણા સ્થળોએ દેખાવકારોના ટોળાં ઉગ્ર પણ બન્યા હતા.

આપણા ગુજરાતના આદિવાસી તેમજ દલિત વિસ્તારોમાં બંધની અસર સજ્જડ જોવા મળી તો બિહાર, યુપી જેવા રાજ્યો તેમજ મહારાષ્ટ્ર અને દક્ષિણી રાજ્યોમાં પણ બંધની અસર દેખાઈ. ઉત્તરપ્રદેશમાં બસપાના માયાવતી અને સપાના અખિલેશ યાદવે પણ પોતાના પક્ષની કેડરને બંધને સમર્થન આપવા જણાવ્યું હતું.

કેટલાક સ્થળોએ પોલીસે લાઠીચાર્જ સહિતની આકરી કાર્યવાહી કરી પરંતુ સરકારોના ઈશારે દેખાતી પોલીસ ઘણી વખત બિનજરૂરી રીતે બળપ્રયોગ કરતી રહે છે. બિહારમાં આવા જ બુદ્ધિ વગરના બળપ્રયોગને કારણે પોલીસની હાસ્યાસ્પદ સ્થિતિ સર્જાઈ છે જેમાં પટણા પાસે એક પોલીસવાળાએ સબડિવિઝનલ મેજિસ્ટ્રેટને બંધ સમર્થક સમજીને તેમની પર લાઠી વીંઝી દીધી. પોલીસકર્મીની આ ભૂલ દેશભરના પોલીસો માટે સબક સમાન છે કે તેમની પાસે જે સત્તા છે એનો ઉપયોગ એમણે પ્રજાની ભલાઈ અને સુરક્ષા માટે કરવો જોઈએ નહીં કે પ્રજાને મારવા કે હેરાન કરવા માટે... પોલીસ લગભગ દરેક સ્થળે લોકશાહી ઢબે વિરોધ કરતા નાગરિકો પર પહેલા લાઠીઓ વીંઝવા માંડે છે. વાસ્તવમાં પહેલા તેમણે સમજાવટથી કામ લેવું જોઈએ. આંદોલનકારીઓ સાથે વાતચીત કરવી જોઈએ પરંતુ પહેલાથી જ મેલી મથરાવટી ધરાવતી પોલીસ પ્રજાનો વિશ્વાસ સંપાદન કરવામાં આજ સુધી સફળ થઈ શકી નથી. દેશભરમાં પોલીસને પ્રજામિત્ર બનાવવા માટે તેની છબિ સુધારવાની વાતો થાય છે પરંતુ ખુદ પોલીસના વરિષ્ઠ અધિકારીઓ જ આ દિશામાં કંઈ ખાસ કરતા નથી. પરિણામે પ્રજાની સાથે સીધા સંપર્કમાં આવતા પોલીસકર્મીઓ સંઘર્ષમાં ઊતરી પડે છે. ગુજરાત હાઈકોર્ટે પણ તાજેતરમાં પોલીસની કામગીરી અને વર્તણૂક અંગે કાન આમળ્યા છે. દેશની વિવિધ અદાલતોએ પણ સમયાંતરે આ બાબતે નારાજગી અને સલાહસૂચનો પણ આપ્યા છે. ખાસ કરીને નિઃશસ્ત્ર લોકો પર લાઠીચાર્જ એ છેલ્લો વિકલ્પ હોવો જોઈએ. એના બદલે આપણે ત્યાં શરૂઆત જ લાઠીઓ વીંઝવાથી થાય છે. હા... જો વિના કારણે ભીડ તોફાની બને તો પોલીસે બળપ્રયોગ કરવો પડે અને એ યોગ્ય પણ છે પરંતુ જો ભીડ શાંત રીતે દેખાવો કરતી હોય તો તેને બંધારણીય રીતે વિરોધ વ્યક્ત કરવા દેવો જોઈએ. પ્રથમ ધડાકો જ તેમણે વિખેરવા માટે દંડા ઉછાળવા ન જોઈએ. પોલીસ અને આંદોલનકારીઓ જો બંને પરસ્પર સભ્યતાનું પ્રદર્શન કરે તો લોકશાહી ઢબે કરાતા વિરોધના અધિકારોને આંચ ન આવે.

ફરી અનામતની વાત કરીએ તો ખુદ સરકારની એ પહેલી ફરજ છે કે તે અનામત અંગે ફેલાઈ રહેલી શંકા-કુશંકાઓને દૂર કરે... ખાસ કરીને લેટરલ એન્ટ્રી જેવી જોગવાઈઓ કે જે અનામત સાથે ચેડાં સમાન જણાય છે તેવી બાબતોથી દૂર જ રહે... સાથોસાથ જ SC કે ST વર્ગો માટેના અનામતમાં પેટા વર્ગીકરણના મુદ્દાને પણ તાકીદે ઉકેલવો જોઈએ.

અનામત મેળવનારા વર્ગોની લાગણીઓ ઘવાય તેવી ચેષ્ટાઓથી દરેકે દૂર રહેવું જોઈએ. કોઈપણ બદલાવ લાવવા માટે અસરગ્રસ્ત સમાજને વિશ્વાસમાં લેવો જરૂરી છે. આવી જ રીતે વકફના કાયદા કે મુસ્લિમ પર્સનલ લૉમાં પણ કોઈ બદલાવ લાવતી પહેલા દેશભરના મુસ્લિમ સમાજને વિશ્વાસમાં લેવો જોઈએ અને તેને સ્વીકાર્ય ન હોય તેવા ધરાર સુધારાઓથી દૂર રહેવું જોઈએ.

# ગાઝીપુરથી શ્રીનગર : આરએસએસ પ્રોડક્ટ મનોજ સિન્હાનું જીવન

ભાગ-૩

સિન્હાના બંને નજીકના સહયોગીઓ એ ધારણાને દૂર કરવા માટે ઉતાવળ કરે છે કે તેઓ હજુ પણ રાજ્યના રાજકારણમાં સક્રિય ભૂમિકા ભજવે છે, કારણ કે તે વ્યાપકપણે સ્વીકારવામાં આવે છે કે ટિકિટ વિતરણ અને પોસ્ટની ફાળવણીમાં તેમનો અભિપ્રાય છે. દાખલા તરીકે પારસ નાથની ઉમેદવારી. તે પછી, સિંહાના નજીકના પૂર્વ આરએસએસ પ્રચારક સુનિલ સિંહને ગયા વર્ષે ભાજપના ગાઝીપુર જિલ્લા અધ્યક્ષ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. અગાઉના જિલ્લા પ્રમુખ ભાનુપ્રતાપ સિંહ પણ સિંહાની પડખે હતા. સંગીતા બળવંત, એક ઓબીસી નેતા, જેઓ પણ સિંહા સાથે ગાઢ સંબંધો ધરાવે છે, તેઓ આ વર્ષની શરૂઆતમાં રાજ્યસભામાં ચૂંટાઈ આવ્યા હતા, તેમ છતાં ૨૦૨૨માં તે ગાઝીપુરમાં તેમની વિધાનસભા બેઠક જાળવી શક્યા નહોતા, જ્યાં ભાજપે સમાજવાદી સામે તમામ સાત મતવિસ્તારો ગુમાવ્યા હતા.

યોગેન્દ્ર નાથે કહ્યું કે એલજી તરીકે નિયુક્ત થયા બાદ સિંહાએ ઉત્તર પ્રદેશની રાજનીતિમાં કોઈ દખલ કર્યા વિના "રાષ્ટ્રીય મુદ્દાઓ" પર પોતાનું ધ્યાન કેન્દ્રિત કર્યું છે. પારસ નાથે પણ એવી જ દલીલ કરી. "સિન્હાજી કાનૂન અને નિયમોના માણસ છે. કલ્પનામાં પણ તેઓ કોઈ દખલ કરતા નથી," એમ તેમણે કહ્યું.

સમાજવાદી પાર્ટી સાથે જોડાયેલા એક શિક્ષક, જેમણે સિંહાના પિતા આચાર્ય હતા તે શાળામાં અભ્યાસ કર્યો હતો, તે માને છે કે ગાઝીપુરથી ૨૦૨૪ની ચૂંટણીમાં પારસ નાથની હારથી "સિન્હાના કદમાં ઘટાડો થયો છે."

"તેમણે મંદિરોની મુલાકાત લીધી, ગાઝીપુર અને વારાણસીમાં ગંગા આરતી કરી. આ બધું હોવા છતાં તેઓ હારી ગયા. તેમણે ઘણા ઔપચારિક બિન-રાજકીય કાર્યક્રમોમાં ભાગ લીધો હતો, પરંતુ વાસ્તવિકતા એ છે કે તેમણે ચૂંટણી દરમિયાન પ્રચાર કર્યો હતો," શિક્ષકે કહ્યું.

**વિદ્યાર્થી રાજકારણથી લઈને સંસદ સુધી**

સિંહાનો જન્મ ૧૯૫૯માં ગાઝીપુરના મોહનપુરા ગામમાં, મોટા જમીનદારોના ભૂમિહાર પરિવારમાં થયો હતો, જેમની પાસે મોટી જમીન હતી અને તેઓ બિહારના ભાગલપુર જિલ્લાના વતની હતા. તેમના પિતા વીરેન્દ્રનાથ સિંહા નરસિંહ ઈન્ટર કોલેજમાં શાળાના આચાર્ય હતા. વરિષ્ઠ સિન્હાનું સન્માન કરવામાં આવતું હતું અને ઘણા લોકો પાસે તેમની માલિકીની કાર ન હતી ત્યારે તેઓ જીપમાં મુસાફરી કરતા હતા. સિન્હા એક સારા વિદ્યાર્થી હતા, તેમણે ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષામાં ઉત્કૃષ્ટ રેન્ક મેળવ્યો હતો. તેમણે પ્રતિષ્ઠિત IIT-BHUમાંથી સિવિલ એન્જિનિયરિંગમાં M.Tech ડિગ્રી મેળવી. ૧૯૮૨માં, જ્યારે તેઓ ૨૩ વર્ષના હતા, ત્યારે તેઓ અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ (ABVP)ના ઉમેદવાર તરીકે BHU વિદ્યાર્થી સંઘના પ્રમુખ તરીકે ચૂંટાયા હતા. તે દિવસોમાં, ભવિષ્યના રાજકારણીઓના ઉત્પાદન કેન્દ્રો તરીકે, મુખ્ય પ્રવાહના રાજકારણમાં કેમ્પસ રાજકારણની મોટી ભૂમિકા હતી.

BHUમાં જ સિન્હા હિંદુત્વના વિચારકો એમ.એસ. ગોળવલકર અને વી.ડી. સાવરકરના વિચારોના સંપર્કમાં આવ્યા. જેઓ તેમના પ્રારંભિક મહાનુભાવોમાંના હતા. ગોળવલકરે ત્રણ વર્ષ સુધી BHUમાં પણ ભણાવ્યું, ગુરુજી તરીકે નામ મેળવ્યું અને કેન્દ્રીય યુનિવર્સિટીના માનસ પર કાયમી અસર છોડી. BHU ખાતે, સિન્હાએ "રાષ્ટ્રવાદી માનસિકતા વિકસાવી," યોગેન્દ્ર નાથે કહ્યું, યુનિવર્સિટી એ "રાષ્ટ્રવાદનું પાવરહાઉસ" હતું. આજે પણ, સિન્હા એક જૂની શાળાના રાજકારણીની છબી બનાવે છે, જેનું મૂળ હિન્દુ સંસ્કૃતિવાદમાં છે. તે તેમના માથાના પાછળના ભાગમાં એક નાની ચોટલી રાખે છે અને કુર્તા પાયજામા અને સદરી (પરંપરાગત જેકેટ) અથવા ઉત્તર પ્રદેશના મોટાભાગના રાજકારણી દ્વારા પહેરવામાં આવતી કોટીને બદલે ધોતી કુર્તો પહેરે છે. જનસંઘના બે નેતાઓ, કમલાકાંત ચૌબે અને બચનસિંહ (સ્થાપક જિલ્લા પ્રમુખ)એ યુવાન સિંહામાં સંભવિતતા જોઈ અને તેમને ૧૯૮૪માં લોકસભાની ચૂંટણી લડવા વિનંતી કરી. પણ તેમને સામૂહિક-સંચાલક તરીકે કરતા કહ્યું.



જમ્મુ અને કાશ્મીરના લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિન્હા

પરંતુ સિંહાની ચૂંટણી કારકિર્દી એટલી પ્રભાવશાળી રહી નથી. તેઓ ગાઝીપુર અને બલિયાથી નવ ચૂંટણી લડ્યા છે, પરંતુ માત્ર ત્રણ વખત જ જીત્યા છે. તેમના સમર્થકો એવી દલીલ કરે છે કે તેઓ તેમની પહોંચ અને વિદ્યાર્થી રાજકારણની પૃષ્ઠભૂમિને કારણે ખૂબ જ લોકપ્રિય છે છતાં ૨૦૧૪માં આવી જ્યારે મોદી વડાપ્રધાન તરીકે ચૂંટાયા. ગાઝીપુરમાં જીત્યા પછી, સિંહાને રેલ્વે પ્રધાન તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા, એક પદ કે જેણે મોદી-યુગમાં તેમના મોટા ભાગના રાજકીય ભારને વ્યાખ્યાયિત કર્યા હતા. બે વર્ષ બાદ તેમને સંચાર મંત્રાલયનો સ્વતંત્ર હવાલો પણ મળ્યો. ત્યારબાદ ૨૦૧૭ની ઉત્તર પ્રદેશ વિધાનસભાની ચૂંટણી આવી, જેમાં ભાજપે પ્રચંડ બહુમતી મેળવી. ભાજપે મુખ્ય પ્રધાનપદનો ચહેરો અગાઉથી નક્કી કર્યો ન હતો અને છેલ્લી ક્ષણ સુધી, વડાપ્રધાનની સદ્ભાવનાનો આનંદ માણનારા સિન્હાને ભારતના સૌથી વધુ વસ્તીવાળા રાજ્યનું નેતૃત્વ કરવા માટે

## ૨૦૧૯ની લોકસભાની ચૂંટણીમાં હારને પગલે મનોજ સિન્હાને અસ્થાયી રાજકીય મેદાનમાં ધકેલી દેવામાં આવ્યા હતા, આર્ટિકલ ૩૭૦ હેઠળના વિશેષ અધિકારોના ભંગ પછી જમ્મુ અને કાશ્મીરમાં જીવનનું સંચાલન કરવાના કાર્યની દેખરેખ રાખવા માટે મોદીના વિશ્વાસુ હાથ તરીકે તેઓ દૃશ્યમાં પાછા ફર્યા.

સિંહા માત્ર ૨૫ વર્ષના હતા અને હજુ અભ્યાસ કરી રહ્યા હતા.

તેઓ ચોથા સ્થાને રહ્યા હતા પરંતુ તેમણે ૬૩,૦૦૦થી વધુ મતો મેળવ્યા હતા, જે રાજ્યમાં ભાજપના ઉમેદવારો દ્વારા મેળવેલા સૌથી વધુ મતો હતા. સિન્હાએ ક્યારેય કોઈ સ્થાનિક સંસ્થાની ચૂંટણી કે વિધાનસભાની ચૂંટણી લડી ન હતી, તેમણે વિદ્યાર્થી સંઘથી સંસદીય રાજકારણમાં જોરદાર છલાંગ લગાવી હતી. "તે ક્યારેય છોટા રસ્તા (નાના રસ્તાઓ) પર ચાલવા તૈયાર ન હતા," યોગેન્દ્ર નાથે કહ્યું. યોગેન્દ્ર નાથ યાદ કરે છે કે સિન્હા તેમની પ્રથમ ચૂંટણી હારી ગયા પછી, તેમણે તેમને કલ્પનાથ રાય સાથે પરિચય કરાવ્યો, એક સાથી ભૂમિહાર નેતા અને કોંગ્રેસના સાંસદ જેમની મૌ-ઘોસી પટ્ટામાં રાજકારણ પર ઊંડી અસર હતી. કલ્પનાથે સિન્હાને રાજકીય સલાહ આપી, તેમને ડોર-ટુ-ડોર પ્રચાર પર ધ્યાન કેન્દ્રિત કરવા કહ્યું, નાથે કહ્યું. યોગેન્દ્ર નાથે કહ્યું, "એક દિન ઈસી મેં આના હૈ (અહીં એક દિવસ આવવાનું છે), સિંહાજીએ મને સંસદ તરફ ઈશારો ગણવામાં આવતા નથી.

દૃષ્ટિકોણ

એવું પણ માનવામાં આવે છે કે સિન્હા અટલબિહારી વાજપેયી યુગ દરમિયાન સુસંગત રહ્યા હતા, તે સમયે બે ચૂંટણીઓ જીત્યા હતા, પરંતુ મોદીના નેતૃત્વમાં તેમને સરકારમાં હોદ્દો આપવામાં આવ્યા પછી જ તેમના કદમાં વધારો થયો હતો.

સારા મત મેળવ્યા હોવા છતાં તેમની પ્રથમ ચૂંટણી હારી ગયા પછી, તેઓ ૧૯૯૧માં ભારતીય કમ્યુનિસ્ટ પાર્ટી (CPI)ના વિશ્વનાથ શાસ્ત્રી સામે ફરીથી હારી ગયા પરંતુ બીજા સ્થાને રહ્યા. આગામી ચૂંટણીમાં, ૧૯૯૬માં, સિંહાને વ્યાપક માર્જિન સાથે તેમની પ્રથમ જીત મળી. આ પછી ૧૯૯૮માં સમાજવાદી પાર્ટીના વરિષ્ઠ નેતા ઓમ પ્રકાશ સિંઘ સામે પરાજય થયો હતો. પરંતુ એક વર્ષની અંદર, સિન્હાએ ૧૯૯૯ની ચૂંટણીમાં સિંઘ પાસેથી તેમની બેઠક પાછી ખેંચી લીધી હતી, જે રાજકીય ઉથલપાથલના સમયગાળા દરમિયાન યોજાઈ હતી.

**ચૂકી ગયેલી તક**

તેમના માટે સૌથી મોટી ક્ષણ પ્રથમ પસંદગી માનવામાં આવતી હતી. તે સિન્હાની રાજકીય સફરને બીજા ક્ષેત્રમાં લઈ જવાની હતી. પરંતુ તે એક વિરોધી પરાકાષ્ઠા હોવાનું બહાર આવ્યું, કારણ કે ગાઝીપુરથી આશરે ૧૫૦ કિલોમીટર ઉત્તરે આવેલા ગોરખપુરના ભગવા પહેરેલા પુજારી-રાજકારણી આદિત્યનાથને મુખ્ય પ્રધાન તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા.

સિન્હાના સમર્થકો માટે આ એક મોટી નિરાશા તરીકે આવ્યું હતું, જેમણે ગાઝીપુરમાં માનવામાં આવેલા મુખ્યપ્રધાન-નિયુક્તનું સ્વાગત કરવા માટે તમામ વ્યવસ્થા કરી હતી. સિન્હાએ પોતે વારાણસીમાં પ્રસિદ્ધ કાલ ભૈરવ અને કાશી વિશ્વનાથ મંદિરોની મુલાકાત લીધી, કૃતજ્ઞતાના હાવભાવ તરીકે, જેણે તેમના સમર્થકોને સંદેશો મોકલ્યો કે તેઓ આગળ લખનૌ જઈ રહ્યા છે. જ્યારે તેઓ ભાજપના મુખ્ય પ્રધાનની જાહેરાત કરવાના કલાકો પહેલાં તેમના વતન જિલ્લાના એક ગામની મુલાકાતે ગયા હતા ત્યારે ગાઝીપુરમાં સ્થાનિક વહીવટીતંત્રે પણ તમામ પ્રોટોકોલ સાથે ઔપચારિક સ્વાગત માટે તમામ વ્યવસ્થા કરી હતી. સિન્હાના સહયોગીઓએ કહ્યું કે તેઓ ઘટનાક્રમના વળાંકથી ખરેખર નિરાશ થયા હતા અને ઉમેર્યું હતું કે તેઓએ ક્યારેય તેને તેમના નજીકના વર્તુળની બહાર શેર કર્યું છે.

"તેઓ એક ગંભીર રાજકારણી છે. તેમના માટે નિરાશ થવું સ્વાભાવિક હતું પરંતુ તેમણે ક્યારેય કોઈને તેમની લાગણીનો અંદાજ કાઢવા દીધો ન હતો. તેમણે તે તેમના ચહેરા પર બતાવવા દીધું ન હતું, "યોગેન્દ્ર નાથે કહ્યું.

ઉત્તર પ્રદેશના રાજકીય વર્તુળોમાં એવા ઘણા લોકો છે જેઓ માને છે કે સિન્હા પાસે સારા પ્રશાસક બનવાની ઓળખ અને શિક્ષણ હોવા છતાં, તેમની પાસે આરએસએસના વૈચારિક એજન્ડાને આગળ વધારવા માટે જરૂરી ગતિશીલતા, વક્તૃત્વ અને આક્રમકતાનો અભાવ હતો. ઘણા લોકો કલ્પના કરે છે કે તેઓ શાસનના "બુલડોઝર" મોડેલ દ્વારા કટ્ટર હિન્દુત્વ પ્રશાસકની છબી બનાવવામાં સફળ થયા ન હોત. એવા અન્ય લોકો પણ છે જેઓ માને છે કે તેઓ ભૂમિહાર તરફી નેતા તરીકેની છબીથી બોજારૂપ હતા, અને તે તેમની અપીલની સંભવિતતાને મર્યાદિત કરે છે. દિવ્યેન્દુ રાય, એક સામાજિક કાર્યકર, જેમણે ભૂતકાળમાં સિંહા માટે પક્ષ દ્વારા મોહભંગ થયા પહેલા પ્રચાર કર્યો હતો, જણાવ્યું હતું કે એક શક્તિશાળી RSS નેતા કૃષ્ણ ગોપાલ, જેમની સાથે સિન્હા શ્રેષ્ઠ સમીકરણોનો આનંદ માણતા ન હતા, તેઓ પણ તેમની મુખ્ય પ્રધાન તરીકે નિમણૂકનો વિરોધ કરતા હતા. ઘા પર મીઠું ઉમેરતા, તેના બે વર્ષ પછી સિંહા ૨૦૧૯ની સંસદીય ચૂંટણીમાં અફઝલ અન્સારી સામે તેમની બેઠક હારી ગયા. પરંતુ આ બે અડચણો હોવા છતાં, મોદી અને તેમના લેફ્ટનન્ટ અમિત શાહની નિકટતાને કારણે તેમને શ્રીનગરમાં અસ્થિર અને ઉત્તેજક બાબતોના સંચાલન માટે મોકલવામાં આવ્યા હતા.

(ક્રમશઃ) (સૌ. : ધ ક્વિન્ટ.કોમ)

# શું બાંગ્લાદેશના હિન્દુ લઘુમતીઓ પર ધ્યાન કેન્દ્રિત કરવું એ ભારતની વિદેશ નીતિની નિષ્ફળતાઓને ઢાંકવા માટે છે ?

બાંગ્લાદેશમાં તાજેતરના અઠવાડિયામાં તેમજ ભૂતકાળમાં પણ ધાર્મિક લઘુમતીઓ ટોળાની હિંસાનું નિશાન બન્યા છે. આ દેશમાં ધાર્મિક લઘુમતીઓનું રક્ષણ કરવા અંગે ભારતના કેન્દ્રીય વિદેશ પ્રધાન દ્વારા લોકસભામાં તેની નોંધ લેવામાં આવી છે અને ઢાકાની વચગાળાની સરકારને ધાર્મિક ઓળખને ધ્યાનમાં લીધા વિના તમામ નાગરિકોનું રક્ષણ કરવાની તેની જવાબદારીની યાદ અપાવી છે. તેમનું આ નિવેદન પ્રશંસનીય અને યોગ્ય હોવા છતાં, તે એવું પણ સૂચવે છે કે ભારતના નજીકના સાથી, ભૂતપૂર્વ વડાપ્રધાન શેખ હસીનાની અપમાનજનક હકાલપટ્ટીથી ઉદ્ભવેલી બંન્ને દેશો વચ્ચેની વિદેશ નીતિના ગંભીર સંકટ પરથી ધ્યાન ભટકાવવા માટે પણ આ નિવેદન કરવામાં આવ્યું હતું.

આ સંસદીય નિવેદન બાંગ્લાદેશના હિંદુ સમુદાય, ચોક્કસ ધાર્મિક લઘુમતીની સુખાકારીને લગતા વડાપ્રધાન દ્વારા જાહેરમાં વ્યક્ત કરવામાં આવેલી ઉગ્ર ચિંતાઓ સાથે તેની વિપરીતતા માટે વધુ મૂલ્યવાન છે. તેમાં બાંગ્લાદેશી વિદ્યાર્થીઓ અને નાગરિક સમાજ દ્વારા લઘુમતી ધર્મસ્થાનો અને પડોશના રક્ષણ માટે નોંધપાત્ર પગલાં લેવામાં આવે છે જેને ભાગ્યે જ ધ્યાનમાં લેવામાં આવે છે. આક્રમણનો ભોગ બનનાર હિંદુઓનો વારંવાર ઉલ્લેખ અને ભારત સરકાર તેના વિશે કંઈક કરે તેવી માગણીઓ ભારતની બહાર રહેતા હિંદુઓની સુરક્ષાને રાજ્યની નીતિના મુખ્ય સિદ્ધાંતમાં અસરકારક રીતે દર્શાવે છે અને આ નોંધપાત્ર અને ચિંતાજનક છે. શું તાજેતરના બનાવોમાં હિંદુઓને ટોળા દ્વારા નિશાન બનાવવામાં આવ્યા હતા ? શું આ તેમના માનવ અને નાગરિક અધિકારોનું ઉલ્લંઘન હતું અને બાંગ્લાદેશી કાયદાઓ હેઠળ આ રક્ષણ મેળવવા તેઓ હકદાર હતા ? હા. શું આ હિંસાના ગુનેગારોને ક્યારેય ન્યાય મળે તેવી શક્યતા છે ? તે અસંભવિત છે. તો શું ભારતે આ અંગે ચિંતા ન કરવી જોઈએ ?

પ્રથમ, કોઈપણ જવાબદાર સરકારે વિદેશમાં વસતા તેના નાગરિકોના કલ્યાણની ચિંતા કરવી જોઈએ, પછી ભલે તે કોઈપણ ધર્મનો હોય. આનું એક ઉત્તમ ઉદાહરણ પ્રથમ ગલ્ફ વોર દરમિયાન ભારત સરકારની કાર્યવાહી હતી, જ્યારે કુવૈતમાંથી ભારતીયોને બહાર કાઢવા માટે ઈમરજન્સી એરલિફ્ટની વ્યવસ્થા કરવામાં આવી હતી. તેના નાગરિકોની સંભાળ રાખવી એ કોઈપણ સરકારની મૂળભૂત જવાબદારી છે, તેઓ ગમે ત્યાં રહેતા હોય. પરંતુ બાંગ્લાદેશી હિંદુઓ ભારતીય નાગરિક નથી.



પ્રોફેશનલ મીડિયા પંડિતો જેઓ બાંગ્લાદેશી હિંદુઓની દુર્દશા વિશે નિવેદનો કરે છે તેઓ એ વાતનો પર્દાફાશ કરે છે કે બહુમતીવાદી વિચારધારાનો એજન્ડા મુખ્ય પ્રવાહનો વિચાર બની ગયો છે.

ચર્ચા

- ઇટ્ટી અબ્રાહમ

વર્તમાન સંદર્ભમાં આગળનો અને વધુ મહત્ત્વનો શબ્દ એ ભારતીય મૂળના લોકો (PIO) છે. રોજિંદા વપરાશમાં આ શબ્દમાં એવા ભૂતપૂર્વ નાગરિકો જેઓ અન્ય દેશમાં નેચરલાઈઝ્ડ થઈ ગયા છે તેમજ બિન-નાગરિકો જેમનો વંશ વસાહતી ભારતીય પ્રદેશમાં છે તે બંનેનો સમાવેશ થાય છે. કંધારમાં લાંબા સમયથી રહેતા શીખ સમુદાયને સરકાર દ્વારા જોખમ હેઠળ પીઆઈઓને મદદ કરવાનું તાજેતરનું ઉદાહરણ હતું.

PIO અંગેની ચિંતા ૧૯૮૭માં લશ્કરી બળવા પછી ફિજીયન ભારતીય સમુદાયની સુરક્ષા માટેના પ્રયત્નોથી સંબંધિત છે. રાજીવ ગાંધીની ફિજીયન પીઆઈઓ માટે ચિંતાની અભિવ્યક્તિ, બળવા પછી તેમની સરકાર દ્વારા સક્રિય મુત્સદ્દીગીરી સાથે, પ્રવર્તમાન વિદેશ નીતિને ચિહ્નિત કરે છે. તે સમયે વ્યાપકપણે ટિપ્પણી કરવામાં આવી હતી, કારણ કે તે સમયે તે સંવેદનશીલ વસ્તી ભારતીય નાગરિકો ન હતા. તેમના પૂર્વજો કરારબદ્ધ મજૂરો તરીકે ફીજી ગયા હતા અને તેમના કરાર સમાપ્ત થયા પછી તેઓ ત્યાં જ રહ્યા હતા. ભારત સરકારે ભારતીય મૂળના આ લોકોની સલામતી માટે સક્રિય ચિંતા વ્યક્ત કરી હતી, અને વિવિધ ધાર્મિક પશ્ચાદભૂના પીઆઈઓ વચ્ચે કોઈ ભેદ રાખ્યો ન હતો.

ફિજી એક ટર્નિંગ પોઈન્ટ હતો, કારણ કે તેણે વિદેશી વસ્તી (દક્ષિણ આફ્રિકામાં રહેતા ભારતીયોના વિશેષ કેસને રાખીને) વિદેશી વસ્તી પ્રત્યે હેન્ડ-ઓફ નીતિ અપનાવવાની સ્વતંત્ર ભારતની લાંબા સમયથી ચાલતી પ્રથાને બદલી દીધી હતી. ભારતીય ડાયસ્પોરા પ્રત્યે ઉદાસીનતાની આ નીતિ એ ભૂતપૂર્વ વડાપ્રધાન ઈન્દિરા ગાંધીની પ્રતિક્રિયા હતી જ્યારે ૧૯૭૨માં યુગાન્ડામાંથી પીઆઈઓ (તે સમયે 'એશિયનો' તરીકે ઓળખાતા) ને હાંકી કાઢવામાં આવ્યા હતા.

તેણીએ સ્પષ્ટ કર્યું હતું કે ભારત આફ્રિકન પીઆઈઓ માટે "ડમ્પિંગ ગ્રાઉન્ડ" બનશે નહીં અને તેણીએ ખાતરી આપી કે તેમના વિદેશી લોકોને મદદ કરવાની જવાબદારી યુનાઈટેડ કિંગડમની છે. ઘણા વિલંબ પછી, યુકે અને તેના શ્વેત વસાહતી સાથીઓએ અનિચ્છાએ મોટાભાગના યુગાન્ડાના એશિયનોને આ દેશોના નોંધપાત્ર આર્થિક લાભ માટે ગ્રહણ કર્યા હતા. આ 'એશિયન'માં હિંદુ, શીખ, મુસ્લિમ અને અન્યનો સમાવેશ થાય છે. ભારત સરકાર તરફથી ચિંતાના અભિવ્યક્તિઓ વંશીય મૂળ કે ધાર્મિક ઓળખ પૂરતી હતી. અંતે, બાંગ્લાદેશમાં બિન-નાગરિક હિંદુઓના રક્ષણ માટેની હાકલ આ પ્રથામાં વધુ પરિવર્તન દર્શાવે છે. જો કે, ફિજીથી, રાજકીય ઉથલપાથલનો સામનો કરી રહેલા ભારતીય મૂળના બિન-નાગરિકો વિશે ચિંતા વ્યક્ત કરવા માટેના અનેક દાખલા છે, અને હિન્દુઓને PIOની વિશેષ શ્રેણી તરીકે ઓળખવામાં આવ્યા નથી. આ સંદર્ભમાં આપણી પાસે ભારતીય બાહ્ય સંબંધોમાં એક નવી ક્ષણ છે. બાંગ્લાદેશમાં હિંદુ સમુદાયના રક્ષણ માટે હિંદુઓને PIOની વિશેષ અને શ્રેષ્ઠ શ્રેણી તરીકે ઓળખાવી છે. અલબત્ત, તે ૨૦૧૯ના નાગરિકતા સુધારણા અધિનિયમ (CAA)ની ભેદભાવપૂર્ણ જોગવાઈઓ સાથે સંપૂર્ણપણે સુસંગત છે. તો શું ભારતે આ અંગે ચિંતા કરવી જોઈએ ? તે પ્રશ્નનો 'હા' જવાબ આપવો એ વિશ્વમાં ગમે ત્યાં લઘુમતી વસ્તીની સુખાકારી સાથે સંબંધિત રહેવાની આંતરરાષ્ટ્રીય સમુદાયની જવાબદારીની વાત કરે છે. જો કે આ ચિંતાથી આગળ જતાં વિદેશી સંબંધોમાં નવો વળાંક આવે છે. કેરેબિયન સહિત વિશ્વભરમાં હિન્દુઓની વસ્તી જોવા મળે છે. જો કે આ નાગરિકતા હવે અર્થપૂર્ણ સીમા નથી, તો શું આગલી વખતે જ્યારે ગુયાનામાં બળવો થાય ત્યારે શું સરકાર ગુયાનીઝ હિંદુઓ વતી હસ્તક્ષેપ કરવામાં આવશે ? અથવા નેપાળી હિંદુઓનો વિચાર કરો. શું ગલ્ફ રજવાડાઓમાં દુર્વ્યવહાર કરવામાં આવે છે એવા લોકો માટે ભારત વાત કરશે ? આ વિરોધાભાસ અને બેવડા ધોરણોની એક સહજ મર્યાદા છે. જ્યાં સુધી ભારત સક્રિયપણે તેના પોતાના ધાર્મિક લઘુમતીઓ સાથે ભેદભાવ કરે છે - જેઓ આ દેશના કાયદેસર નાગરિક છે - તે અન્ય દેશોમાં રહેતા હિન્દુ બિન-નાગરિકોના રક્ષણ માટેના તેના દરેક આહ્વાન સાથે અત્યંત દંભનું પ્રદર્શન કરે છે અને આ આરોપ યોગ્ય છે. આ ક્ષણમાં પ્રોફેશનલ મીડિયા પંડિતો જેઓ બાંગ્લાદેશી હિંદુઓની દુર્દશા વિશે વાત કરે છે, તેઓ એ વાતનો પર્દાફાશ કરે છે કે બહુમતીવાદી વૈચારિક એજન્ડા મુખ્યપ્રવાહનો વિચાર બની ગયો છે. વિદેશ મંત્રાલય માટે, આ ચિંતાઓ ઉઠાવવાથી તેના પૂર્વીય પાડોશી તરફ તેની નીતિના પતનથી ધ્યાન હટાવવા માટે છે. આથી, પોતાની વિદેશ નીતિની નિષ્ફળતાને ઢાંકવા માટે બાંગ્લાદેશમાં હિંદુઓની દુર્દશા માટે વધુ ચિંતા વ્યક્ત કરવાની અપેક્ષા એ વિદેશ નીતિના ટૂલબોક્સમાં એકમાત્ર સાધન છે. (સૌ. : ધવાયર.ઈન)

**હદીસ બોધ**

ગુનાઓનું પ્રાયશ્ચિત કરનાર વ્યકિત પવિત્ર માણસ જેટલો જ સારો છે. -હદીસ બોધ

**બોધ વચન**

તમામ માનવીઓ સત્ય બોલે તેવું શીખવવું હોય તો એ જરૂરી છે કે બધા જ એક સરખું સાંભળે. -સેમ્યુઅલ જોન્સન

**આજની આરસી**

૨૭ ઓગસ્ટ મંગળવાર ૨૦૨૪
૨૧ સફર હિજરી ૧૪૪૬
શ્રાવણ વદ નોમ સંવત ૨૦૮૦
સુબ્હ સાદિક ૪-૫૮
ખત્મે ઝવાલ ૧૨-૪૧
તુલૂએ આફતાબ (સૂર્યોદય) ૬-૨૦
ગુરૂબે આફતાબ (સૂર્યાસ્ત) ૭-૦૩

**અગત્યની સૂચના**

આ અખબારમાં જરૂરિયાતને અનુલક્ષીને ધાર્મિક શબ્દોનો ઉલ્લેખ, ફોટો કેટલીકવાર છાપવા પડે છે, જે વાચકમિત્રોના ધ્યાને આવે તો તેની તેમણે ખાસ હિફાઝત કરવી. - વ્યવસ્થાપક

### દુનિયાની સામે રહસ્ય ખુલ્યું

# પાકિસ્તાનની હારનું 'ભારત કનેકશન' રમીઝ રાજાના નિવેદનથી ખળભળાટ

કરાચી, તા.૨૬

સ્પિનરો શાકીબુલ હસન અને મહેદી હસન મિરાજના શાનદાર પ્રદર્શનની મદદથી બાંગ્લાદેશે ટેસ્ટ ક્રિકેટમાં ૧૦ વિકેટે હરાવી ઈતિહાસ રચી દીધો છે. આ મેચ પહેલા બાંગ્લાદેશ ટેસ્ટમાં ૧૩ વખત પાકિસ્તાન સામે ટકરાઈ ચૂક્યું હતું. પણ ક્યારેય વિજય થયો ન હતો. પાકિસ્તાનના સૌથી શાનદાર બેટસમેનોમાંથી એક રમીઝ રાજાએ બાંગ્લાદેશ ટાઈગર્સ વિરૂદ્ધ ટીમની હાર પાછળ એક અનોખો ભારતીય એન્ગલ બતાવ્યો છે. તેમણે કહ્યું કે આ બધું ત્યારે શરૂ થયું જ્યારે ભારતીયોએ એશિયાકપમાં પાકિસ્તાની બોલરોની ધોલાઈ કરી હતી. સૌથી પહેલા ટીમની પસંદગીમાં ભૂલ થઈ. તમારી પાસે સ્પિનર ન હતા. બીજી જે ટેલેન્ટના આધારે આપણે પોતાના ઝડપી બોલરો પર નિર્ભર છે. તે સમાપ્ત થઈ ગયું છે. આ પરાજય એક રીતે આત્મવિશ્વાસનું સંકટ એશિયાકપ દરમ્યાન શરૂ થયું. જ્યારે ભારતે સીમિંગ કન્ડિશનમાં આપણા બોલરોની ધોલાઈ કરી અને પછી આ રહસ્ય દુનિયાની સામે આવી ગયું કે આ લાઈન અપનો મુકાબલો કરવાની એકમાત્ર રીત આક્રમણ કરવાનું હતું. તેમની સ્પીડ ઓછી થઈ ગઈ છે અને એટલા માટે તેમનો પ્રભાવ પણ ઓછો થઈ ગયો છે. આ પહેલા બાંગ્લાદેશ ક્યારેય પાકિસ્તાનને હરાવી શક્યું ન હતું. આ વખતે પણ એવું જ લાગી રહ્યું હતું કે પ્રથમ ટેસ્ટમાં પણ તે જ સ્કિપ સામે આવશે. પણ બાંગ્લાદેશનો ઈરાદો કંઈક અલગ હતો. બાંગ્લાદેશ પાકિસ્તાનને બીજી ઈનિંગમાં ફક્ત ૧૪૬ રનમાં આઉટ કરી કંઈક અલગ જ વિચારી રહ્યું હતું અને પછી આસાનીથી ૩૦ રનનો પીછો કરતા પ્રવાસી ટીમના ડગઆઉટમાં ખુશીની લહેર દોડી ગઈ.

# દલિત નેતા શ્યામ રજકે વિશ્વાસઘાતનો આરોપ લગાવી RJD છોડી દીધી



(એજન્સી)

નવી દિલ્હી, તા.૨૬

રાષ્ટ્રીય જનતા દળ (RJD)ના રાષ્ટ્રીય મહાસચિવ શ્યામ રજકે વિશ્વાસઘાતની લાગણી દર્શાવીને રાજીનામું આપ્યું. એક અગ્રણી દલિત નેતા અને પૂર્વ મંત્રી રજકે પાર્ટી પ્રમુખ લાલુ પ્રસાદને લખેલા પત્રમાં તેમની ચિંતાઓની વિગતો આપતા નિરાશા વ્યક્ત કરી હતી. તેમણે ટૂંક સમયમાં તેએની ભાવિ યોજનાઓ જાહેર કરવાનો સંકેત આપ્યો. બિહારમાં રાષ્ટ્રીય જનતા દળ (RJD)ને નોંધપાત્ર ફટકો મારતાં, તેના રાષ્ટ્રીય મહાસચિવ શ્યામ રજકે ગુરૂવારના રોજ રાજીનામું આપી દીધું હતું અને વ્યક્ત કર્યું હતું કે, તેઓ ચાર વર્ષ પહેલાં જે પક્ષમાં જોડાયા હતા તે પક્ષ દ્વારા તેમને છેતરપિંડી અનુભવાઈ હતી. રજક પૂર્વ રાજ્ય મંત્રી અને આરજેડીના મુખ્ય દલિત નેતા, પાર્ટી અધ્યક્ષ લાલુ પ્રસાદને એક નિર્દેશિત પત્ર મોકલ્યો. તેમણે તેમના ઉચ્ચ હોદ્દા અને પક્ષની સદસ્યતા બંનેમાંથી રાજીનામું જાહેર કર્યું. રજકે તેમના પત્રનો અંત એક રહસ્યમય હિન્દી શ્લોક સાથે કર્યો, જેનો અંદાજે અનુવાદ કર્યો, મને ચેસની રમતનો શોખ ન હોતો, તેથી છેતરાઈ ગયો. તમે તમારી ચાલનું આયોજન કરતા રહ્યા, હું આપણા સંબંધોની કાળજી રાખતો રહ્યો. આરજેડીના પ્રવક્તા શક્તિ યાદવે રજકને ઠપકો આપ્યો હતો, જેઓ નીતિશ કુમારની કેબિનેટમાંથી હાંકી કાઢવામાં આવ્યા હતા અને જેડી(યુ)માંથી હાંકી કાઢ્યા બાદ ૨૦૨૦ની વિધાનસભા ચૂંટણી પહેલા પાર્ટીમાં જોડાયા હતા. યાદવે રજક પર રાજકીય તકવાદનો આરોપ લગાવતા કહ્યું કે, શતરંજની રમત રમવાનું પસંદ કરનાર શ્યામ રજક છે, જયારે અમારા નેતાઓ લાલુ પ્રસાદ અને તેજસ્વી યાદવ દિલથી બોલે છે અને કામ કરે છે. રાજકીય એકલતા અનુભવ્યા બાદ તેઓ આરજેડીમાં પાછા ફર્યા.

# ૨૦ વર્ષીય દલિત વ્યક્તિની હત્યા કરવા બદલ ત્રણને આજીવન કેદની સજા

(એજન્સી) બિજનૌર, તા.૨૬

બિજનૌરની વિશેષ એસસી/એસટી કોર્ટે મંદવારના સાદકપુરમાં જાન્યુઆરી ૨૦૧૯ના રોજ ૨૦ વર્ષના દલિત વ્યક્તિ વિવેકકુમારની હત્યા કરવા બદલ ત્રણ પુરૂષો, સાહબસિંહ, કુલદીપસિંહ અને સંદીપસિંહને આજીવન કેદની સજા અને કુલ ૩.૧ લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો હતો.

સ્પેશિયલ પ્રોસિક્યુશન ઓફિસર શલભ શર્માએ શનિવારના રોજ જણાવ્યું હતું કે, આ ઘટના ત્યારે બની જ્યારે વિવેકકુમાર ઈલેક્ટ્રીકલ વાયરને ઠીક કરવા માટે તેના ઘરની છત પર હતો. તે ક્ષણે તે જ ગામના ત્રણ આરોપીઓએ (૨૫થી ૩૦ વર્ષની વય વચ્ચે) જાતિવાદી અપશબ્દોનો ઉપયોગ કર્યો હતો અને જૂની અદાવતને કારણે તેની હત્યા કરવાના ઈરાદે તેના પર ગોળીબાર કર્યો હતો. એક ગોળી કુમારની જમણી આંખમાં વાગી હતી. તેને જિલ્લા હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો અને પછીથી તેને મેરઠ ખસેડવામાં આવ્યો હતો, પરંતુ તેણે રસ્તામાં જ દમ તોડી દીધો હતો.

કુમારના પિતા હુકુમસિંહ દ્વારા દાખલ કરવામાં આવેલી ફરિયાદ બાદ મંદવાર પોલીસ સ્ટેશનમાં આરોપીઓ વિરુદ્ધ હત્યાનો કેસ નોંધવામાં આવ્યો હતો અને સાહબની કબૂલાતના આધારે ગુનામાં વપરાયેલ હથિયાર રિકવર કરવામાં આવ્યું હતું. ત્યારબાદ પોલીસે તમામ આરોપીઓની ધરપકડ કરી હતી. તપાસ અને સાક્ષીઓના નિવેદનો પછી શુક્રવારના રોજ ન્યાયાધીશ અવધેશકુમારની અધ્યક્ષતાવાળી વિશેષ એસસી/એસટી કોર્ટે આરોપીઓને હત્યા માટે દોષિત ઠેરવ્યા અને તેમને આજીવન કેદની સજા ફટકારી. જામીન પર બહાર આવેલા આરોપીઓને શનિવારે પરત જેલમાં મોકલી દેવાયા હતા. સત્તાવાર રેકોર્ડ મુજબ સાહબ જિલ્લાના ટોચના ૧૦ ગુનેગારોમાં સૂચિબદ્ધ છે અને તેની સામે હત્યાનો પ્રયાસ અને એસસી/એસટી એક્ટ, ગુંડા એક્ટ અને આર્મ્સ એક્ટ હેઠળ વિવિધ પોલીસ સ્ટેશનોમાં તેની સામે નોંધાયેલા ઘણા ગંભીર કેસ છે.

# તમિલનાડુમાં દલિત પંચાયત પ્રમુખે તેમના નાયબ પર જાતીય દુર્વ્યવહારનો આરોપ લગાવ્યો




(એજન્સી) ચેન્નાઈ, તા.૨૬

ટીંડીવનમ તાલુકા હેઠળના અવવૈયારકુપ્પમ ગામની એક દલિત મહિલા પંચાયત પ્રમુખ, કે.મહાલક્ષ્મીએ આક્ષેપ કર્યો છે કે, ઉપ-પ્રમુખ વીરામણી તેમને તેમની ફરજો નિભાવતા અટકાવી રહ્યા છે અને જાતિવાદી અપશબ્દોનો ઉપયોગ કરીને મૌખિક રીતે તેમની સાથે દુર્વ્યવહાર કરી રહ્યા છે. મંગળવારની સાંજે જિલ્લા કલેક્ટરસી પલાનીને કરેલી ફરિયાદમાં, મહાલક્ષ્મી, જેઓ પછાત વર્ગના છે, જણાવ્યું હતું કે, વીરમાણી, પદ સંભાળ્યાના દિવસથી મારી સાથે મૌખિક રીતે દુર્વ્યવહાર કરે છે. તેઓ મને ઓફિસમાં મારી નિયુક્ત ખુરશી પર પણ બેસવા દેતા નથી. તાજેતરમાં, અમે અમારા ગામમાં ૮.૨ લાખના ખર્ચે પીવાના પાણીના બે માળખાકીય કામો હાથ ધરવાનું આયોજન કર્યું છે. પાણીની ટાંકીઓનું બાંધકામ લગભગ પૂર્ણ થઈ ગયું છે. પ્રોજેક્ટ પૂરો કરવા માટે, બાકીના ભંડોળની મંજૂરી માટે મેં મારી ડિજિટલ કી (સરકાર પાસેથી ભંડોળ મેળવવા માટેનો એક પ્રકારનો પાસવર્ડ) સરકારી વેબસાઈટ પર અપલોડ કરી છે, પરંતુ વીરામણીએ તેને અપલોડ કરવાનો ઈનકાર કર્યો છે. જ્યારે પૂછવામાં આવ્યું ત્યારે, વીરમણિએ કથિત રીતે મહાલક્ષ્મીને પૂછપરછ કરવા માટે જાતિવાદી અપશબ્દો સાથે દુર્વ્યવહાર કર્યો અને એમ પણ કહ્યું કે, તેઓ તેમને જવાબ આપવા માટે જવાબદાર નથી. બુધવારે, વિલ્લુપુરમના સાંસદ ડી રવિકુમારે મહાલક્ષ્મી સાથે મુલાકાત કરી અને તેમને સરકાર તરફથી ઝડપથી પગલાં લેવાની ખાતરી આપી. TNIE સાથે વાત કરતા પલાનીએ કહ્યું, ફરિયાદ મળ્યા બાદ તપાસ શરૂ કરવામાં આવી હતી. વીરામણીએ વાંધો નોંધાવ્યો હતો અને અવલોકન માટે અમુક દસ્તાવેજોની વિનંતી કરી હતી, જે તેમને પણ પ્રદાન કરવામાં આવ્યા હતા. જો કે, તેઓ તેમની ડિજિટલ કી અપલોડ કરી રહ્યા નથી. બુધવારે મેલમ મ્ર્ઢ એ તેમને બે દિવસની અંતિમ મુદત આપી હતી. જો તેઓ પાલન કરવામાં નિષ્ફળ જશે, તો તેમની નાણાંકીય સત્તા પાછી ખેંચી લેવામાં આવશે અને મ્ર્ઢને ટ્રાન્સફર કરવામાં આવશે. પંચાયત પ્રમુખે એકલા હાથે રાષ્ટ્રધ્વજ ફરકાવ્યો અને ગ્રામસભાની બેઠકો પણ કરી. ઓફિસની ચેમ્બરમાં કોઈ ભેદભાવ જોવા મળ્યો ન હતો.

# ટેસ્ટ ક્રિકેટના ઈતિહાસમાં ભારત અને પાક. વચ્ચે એક અણગમતો રેકોર્ડ જોડાઈ ગયો




નવી દિલ્હી, તા.૨૬

પાકિસ્તાન ક્રિકેટ ટીમે ભારત દ્વારા ૪૮ વર્ષ પહેલા બનાવેલા એક અણગમતા રેકોર્ડની બરાબરી કરી લીધી છે. ટેસ્ટ ક્રિકેટના ઈતિહાસમાં આ ૧૭મી વાર છે જ્યારે કોઈ ટીમ પોતાની પ્રથમ ઈનિંગ ડિક્લેર કર્યા બાદ હારી છે. વિડંબના છે કે પાકિસ્તાન પણ પહેલા આવી હારનો સામનો કરી ચૂક્યું છે. ૧૯૬૧માં લાહોરમાં ઈંગ્લેન્ડ વિરૂદ્ધ રમાયેલી ટેસ્ટમાં તેણે નવ વિકેટ ૩૮૭ રન બનાવી ઈનિંગ ડિક્લેર કરી હતી પણ પાંચ વિકેટે હારી ગયું હતું. રાવલપિંડીમાં હાલમાં મળેલી હાર પાકિસ્તાનની ત્રીજી એવી હાર છે. આ પહેલા તે ૨૦૧૬માં મેલબોર્ન ટેસ્ટમાં ઓસ્ટ્રેલિયા સામે હારી ગયું હતું. જ્યારે તેણે પ્રથમ ઈનિંગ નવ વિકેટે ૪૪૩ રન બનાવી ડિક્લેર કરી હતી. ભારતને ૧૯૭૬માં કિંગસ્ટનમાં વેસ્ટ ઈન્ડિઝ વિરૂદ્ધ રમાયેલી ટેસ્ટ મેચમાં આવો જ અનુભવ થયો હતો. ભારતે ૬ વિકેટે ૩૦૬ રન બનાવી ઈનિંગ ડિક્લેર કરી હતી પણ ૧૦ વિકેટે હારી ગયું હતું. રાવલપિંડીમાં બાંગ્લાદેશ સામેની પાકિસ્તાનની હાર ભારતની ૧૯૭૬ની હારની યાદ અપાવે છે. ભારતની પ્રથમ ઈનિંગ ૬ વિકેટે ૩૦૬ રને ડિક્લેર કરી કપ્તાન બિશનસિંહ બેદીએ ખતરનાક પિચ પર વેસ્ટ ઈન્ડિઝના ખતરનાક ઝડપી બોલરો સામે ભારતના પૂંછડિયા બેટ્સમેનોને બચાવવાનો પ્રયાસ કર્યો હતો. જો કે આ મેચમાં ભારતને ૧૦ વિકેટે પરાજયનો સામનો કરવો પડ્યો હતો. હવે પાકિસ્તાન ભારત સાથે પોતાની પ્રથમ ઈનિંગ ડિક્લેર કર્યા બાદ ૧૦ વિકેટે હારની એકમાત્ર ટીમના રૂપમાં રેકોર્ડ શેર કરે છે.

# ૩૫ બોલમાં દ.આફ્રિકાની શરણાગતિ

### જીતતા જીતતા હારી ગયું દ.આફ્રિકા, વેસ્ટ ઈન્ડિઝ સિરીઝમાં ૨-૦થી આગળ

તારોબા, તા.૨૬

એક સમયે જીતતી દેખાઈ રહેલી દ.આફ્રિકાની ટીમ છેલ્લી પાંચ-છ ઓવરમાં એવી ધરાશાયી થઈ કે મેચ જ ગુમાવી બેઠી. અંતિમ ૩૬ બોલમાં દ.આફ્રિકાને ૫૦ રનની જરૂર હતી અને તેની છ વિકેટ બાકી હતી પણ દ.આફ્રિકા એક બાદ એક સાત વિકેટ ગુમાવતા ફક્ત ૨૦ રનની અંદર ઓલઆઉટ થઈ ગયું. આ રીતે વેસ્ટ ઈન્ડિઝે ત્રણ મેચની સિરીઝમાં ૨-૦ની લીડ મેળવી લીધી છે. બીજી ટી-૨૦માં વેસ્ટ ઈન્ડિઝે પ્રથમ બેટિંગ કરતા ૬ વિકેટે ૧૭૯ રન બનાવ્યા હતા. જવાબમાં દ.આફ્રિકાની ટીમ ૧૯.૪ ઓવરમાં ૧૪૯ રનમાં જ સમેટાઈ ગઈ. શેમાર જોસેફ અને રોમારિયો રિયો શેફર્ડે ત્રણ-ત્રણ વિકેટ ઝડપી. આ સિરીઝની અંતિમ મેચ આ જ મેદાન પર ૨૮ ઓગસ્ટે રમાશે. બ્રાયન લારા સ્ટેડિયમમાં પ્રથમ બેટિંગ કરતા શાઈ હોપ અને અથાનાઝે પ્રથમ વિકેટ માટે ૪૧ રન બનાવી વેસ્ટ ઈન્ડિઝને સારી શરૂઆત આપી હતી. હોપે ૨૨ બોલમાં બે ચોગ્ગા અને ચાર સિક્સરની મદદથી ૪૧ રનની સ્ફોટક ઈનિંગ રમી. કપ્તાન રોવમેન પોવેલે ૨૨ બોલમાં ૩૫ રનની ઈનિંગ રમી જયારે રૂધરફોર્ડે ૧૮ બોલમાં ૨૯ રનની મહત્ત્વપૂર્ણ ઈનિંગ રમતા વેસ્ટ ઈન્ડિઝે ૬ વિકેટે ૧૭૯ રન બનાવ્યા હતા. પ્રોટિયાઝ તરફથી લિઝાદ વિલિયમ્સે ત્રણ વિકેટ ઝડપી હતી. લક્ષ્યાંકનો પીછો કરતા દ.આફ્રિકાની શરૂઆત શાનદાર રહી હતી. હેન્ડ્રિક્સ (૧૮ બોલમાં ૪૪) અને રયાન રિકેલ્ટર્ન (૧૩ બોલમાં ૨૦ રન) પ્રથમ વિકેટ માટે ૨૮ બોલમાં ૬૩ રનની ભાગીદારી કરી હતી. પણ આ ભાગીદારી તૂટતાં જ ટીમ વિખેરાઈ ગઈ અને ટીમને પરાજયનો સામનો કરવો પડ્યો.

### આરોપી બનાવાયેલા સાત પૈકી એક પત્રકારનો મત

# બાંગ્લાદેશ સંકટ : શાકીબુલ હસન 'બદલાની રાજનીતિ'નો ભોગ બન્યો



ઢાકા, તા.૨૬

પૂર્વ વડાપ્રધાન શેખ હસીનાથી લઈ ક્રિકેટ સુપરસ્ટાર શાકીબુલ હસન સુધી બાંગ્લાદેશમાં નવી સરકારે અનેક લોકો વિરૂદ્ધ હત્યાનો આરોપ લગાવ્યો છે જે એક રાજનૈતિક ષડયંત્ર જેવું પ્રતીત થાય છે. આ જ કેસમાં હસીનાના પુત્ર સાજીબ વાઝેદ જોય, પુત્રી સેમા વાઝેદ, ઓછામાં ઓછા સાત પત્રકારો અને અવામી લીગના વરિષ્ઠ નેતા પણ સામેલ છે. શાકીબે રવિવારે પાકિસ્તાન વિરૂદ્ધ બાંગ્લાદેશની પ્રથમ ટેસ્ટ જીતમાં મહત્ત્વની ભૂમિકા નિભાવી હતી. આ મામલો ઢાકાના એક કોલેજના ૧૭ વર્ષીય વિદ્યાર્થી નઈમની ૧૯ જુલાઈએ થયેલા મોત સાથે જોડાયેલો છે. આ મોત વિરોધ પ્રદર્શન દરમ્યાન થયું હતું. જેના કારણે પાંચ ઓગસ્ટે હસીનાને સત્તા છોડવી પડી હતી. પોલીસ સૂત્રોએ જણાવ્યું કે મૃતકના પિતાએ કેસ નોંધાવ્યો હતો. જેમાં હસીના સહિત ૧૯૨ લોકો વિરૂદ્ધ નામજોગ ફરિયાદ નોંધાવી હતી. ઈસ્લામે જણાવ્યું કે આ બધા લોકો આ મામલામાં સામેલ છે. નહીંતર તેમનું નામ લેતો નહી. આ લોકોએ પોલીસને ગોળી ચલાવવા માટે ઉશ્કેર્યા હતા. તેમણે વિસ્તારથી કહેવાનો ઈન્કાર કર્યો પણ કહ્યું કે યોગ્ય સમયે આનું સ્પષ્ટીકરણ આપીશ. રાજનૈતિક બદલાની ભાવનાથી નવી સરકારની છબી ખરડાવાની આશંકા વચ્ચે વચગાળાની સરકારના સલાહકાર આસિફે મીડિયાને કહ્યું કે, મૃતક વિદ્યાર્થીના માતા-પિતાને કેસ નોંધાવતા રોકી શકાય નહીં. જે સાત પત્રકારો પર આરોપ લાગ્યા છે. તેમાંથી એકે કહ્યું કે મને નથી લાગતું કે જે કંઈ થઈ રહ્યું છે તેના પર તેનું (યુનુસ) નિયંત્રણ છે. આ સત્ય છે કે ગત સરકારે તેમના પર અત્યાચાર કર્યો હતો. અમારા મીડિયાનો એક મોટો હિસ્સો જે અવામી લીગના નિયંત્રણમાં હતો. તેમની સાથે ન્યાય કરી રહ્યો ન હતો. પણ તે પત્રકારો સાથે બદલો લેવા માટે આટલી હદે જશે. પત્રકારે કહ્યું કે બદલાની રાજનીતિનું નેતૃત્વ બીએનપી અને જમાત-એ-ઈસ્લામી નેતાઓ અને તેમના સહયોગીઓ દ્વારા કરવામાં આવી રહી છે. જે નાગરિક અને પોલીસ તંત્ર પર નિયંત્રણ ધરાવે છે. પત્રકારે કહ્યું કે જ્યારે આ યુવાન દુર્ભાગ્યવશ મરી ગયો ત્યારે શાકીબ કેનેડામાં લીગ ક્રિકેટ રમી રહ્યો હતો. હા શાકીબ અવામી લીગનો સાંસદ હતો પણ આ કારણે તે હત્યાનો આરોપી બની શકે નહીં.

### સુનીલે ૩૪૮ મેચોમાં ૨૫૮૩૪ રન બનાવ્યા છે

# ગાવસ્કર ફર્સ્ટકલાસ ક્રિકેટમાં સૌથી વધારે રન બનાવનાર બેટ્સમેન

### આ યાદીમાં બીજા સ્થાને સચિન તેન્ડુલકર (૨૫૩૯૬), ત્રીજા સ્થાને રાહુલ દ્રવિડ (૨૩૭૯૪) અને ચોથા સ્થાને ચેતેશ્વર પુજારા (૨૦૮૯૯) છે

નવી દિલ્હી, તા.૨૬

સ્ટાર બેટ્સમેન ચેતેશ્વર પુજારા લાંબા સમયથી ટીમ ઈન્ડિયાની બહાર છે. પૂજારાએ ગયા વર્ષે વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપમાં ભારત માટે તેની છેલ્લી આંતરરાષ્ટ્રીય મેચ રમી હતી. પુજારા ઓસ્ટ્રેલિયા સામેની ફાઈનલ મેચમાં ૪૧ રન બનાવી શક્યો હતો. આ પછી પુજારાને ટેસ્ટ ટીમમાંથી બહાર કરી દેવામાં આવ્યો હતો.હવે ભારતના ટેસ્ટ સ્પેશિયાલિસ્ટ ચેતેશ્વર પુજારા માટે કોઈ સારા સમાચાર નથી. પૂજારા આવતા વર્ષે કાઉન્ટી ચેમ્પિયનશિપ (૨૦૨૫ કાઉન્ટી ચેમ્પિયનશિપ) માટે સસેક્સ ટીમમાં પરત ફરશે નહીં. પૂજારાની ટેસ્ટ કારકિર્દી શાનદાર રહી છે. પૂજારાએ અત્યાર સુધી ૧૦૩ ટેસ્ટ મેચમાં ૪૩.૬૦ની એવરેજથી ૭૧૯૫ રન બનાવ્યા છે. આ દરમિયાન તેના બેટમાંથી ૧૯ સદી અને ૩૫ અડધી સદી આવી. જો જોવામાં આવે તો, પુજારા ભારતીય ફર્સ્ટ ક્લાસ ક્રિકેટમાં સૌથી વધુ રન બનાવનાર ચોથા ક્રમે છે. પૂજારાએ અત્યાર સુધી ૨૭૧ ફર્સ્ટ ક્લાસ મેચમાં ૨૦૮૯૯ રન બનાવ્યા છે. પૂજારાએ આ દરમિયાન ૬૫ સદી અને ૮૦ અડધી સદી ફટકારી છે. સુનીલ ગાવસ્કર ફર્સ્ટ ક્લાસ ક્રિકેટમાં સૌથી વધુ રન બનાવનાર બેટ્સમેન છે. સુનીલ ગાવસ્કરે ૩૪૮ ફર્સ્ટ ક્લાસ મેચોમાં ૫૧.૪૬ની એવરેજથી ૨૫૮૩૪ રન બનાવ્યા, જેમાં ૮૧ સદી અને ૧૦૫ અડધી સદી સામેલ છે. જ્યારે સચિન તેંડુલકર ૨૫૩૯૬ રન સાથે આ મામલે બીજા સ્થાને છે. આ મામલે રાહુલ દ્રવિડ ૨૩૭૯૪ રન સાથે ત્રીજા સ્થાને છે.

# પાકિસ્તાનમાં ક્રિકેટને શું થઈ ગયું છે ? કેવિન પીટરસન

નવી દિલ્હી, તા.૨૬

પાકિસ્તાન ક્રિકેટ ટીમને જે રીતે બાંગ્લાદેશ વિરૂદ્ધ બે મેચોની સિરીઝની પ્રથમ ટેસ્ટ મેચમાં ૧૦ વિકેટે પરાજયનો સામનો કરવો પડ્યો છે. ત્યારબાદથી વિશ્વભરના તમામ દિગ્ગજ ક્રિકેટરો થોડા દંગ રહી ગયા છે. આમાં ઈંગ્લેન્ડનો પૂર્વ કપ્તાન કેવિન પીટરસન પણ સામેલ છે. તેમણે ટ્વિટર પર લખ્યું કે પાકિસ્તાનમાં ક્રિકેટને થઈ શું ગયું છે જયારે હું પાકિસ્તાન સુપર લીગમાં રમ્યો હતો તો લીગનું સ્ટાન્ડર્ડ શાનદાર હતું. ખેલાડીઓમાં ઘણું સારૂં વર્ક એથિક્સ હતું અને યુવા ક્રિકેટરો પણ જબરદસ્ત દેખાઈ રહ્યા હતા ત્યાં હવે થઈ શું રહ્યું છે. પાકિસ્તાન ક્રિકેટ ટીમે ૨૦૨૨ ટી-૨૦ વર્લ્ડકપની ફાઈનલમાં સ્થાન મેળવ્યું હતું પણ ત્યારબાદથી દરેક ફોર્મેટમાં તેનું પ્રદર્શન સતત પડતું થઈ રહ્યું છે. ટીમ ૨૦૨૩ વર્લ્ડકપ, ૨૦૨૪ ટી-૨૦ વર્લ્ડકપમાં લીગ રાઉન્ડમાં આગળ વધી શકી નહીં. આ દરમ્યાન બાબર આઝમને ત્રણેય ફોર્મેટની કેપ્ટનશીપથી હટાવાયો. પછી શાહીન આફ્રિદીને લિમિટેડ ઓવરનો કપ્તાન બનાવાયો જ્યારે શાન મસુદને ટેસ્ટ કપ્તાન બનાવાયો. ૨૦૨૪ ટી-૨૦ વર્લ્ડકપ બાદ ફરીથી બાબરને કેપ્ટનશીપ સોંપવામાં આવી. પણ ટેસ્ટનું નેતૃત્વ હજી પણ શાન મસુદ પાસે જ છે.

# રમત જગતના રોલ મોડલ મોહમ્મદઅલી



તા.૨૬

રમત જગતમાં રોલ મોડલની વાત કરીએ તો પહેલુ નામ મોહમ્મદ અલીનું આવે છે. આ યાદીમાં કરીમ અબ્દુલ જબ્બાર, મોહમ્મદ સાલેહ, સર મોહમ્મદ મુખ્તાર જામા ફરાહ, ઈબનીહાજ મોહમ્મદ અને રૂકશાના બેગમ જેવા નામોનો સમાવેશ થાય છે. પ્રખ્યાત બોક્સર મહમ્મદઅલી અમેરિકાના એક પ્રોફેશનલ બોક્સર હતા અને તેમને બોક્સિંગના ઈતિહાસમાં વિશ્વના સૌથી મોટા બોક્સર માનવામાં આવે છે. બોક્સિંગમાં મોહમ્મદઅલી ત્રણ વખત હેવીવેઈટ ચેમ્પિયન રહી ચૂક્યા છે. આ ઉપરાંત તેમને સ્પોર્ટ્સ પર્સનાલિટી ઓફ ધ સેન્ચ્યુરીના સન્માનથી સન્માનિત કરાઈ ચૂક્યા છે. મોહમ્મદઅલીએ ૬ માર્ચ ૧૯૬૪ના દિવસે ઈસ્લામ ધર્મ અંગીકાર કર્યો હતો. આ પહેલા અલી ખ્રિસ્તી હતા અને તેમનું નામ કેસિયસ ક્લે હતું. મોહમ્મદઅલી ઈસ્લામ ધર્મ અંગીકાર કર્યા બાદ અમેરિકાના મુસ્લિમો માટે આદર્શ બની ગયા હતા. મોહમ્મદઅલીએ પોતાની બીજી પત્ની મેલીડાના ઈસ્લામ અપનાવવાનું કારણ પૂછવા પર એક પત્ર લખી આનો ખુલાસો કર્યો હતો કે એકવાર જયારે તે પોતાના ગૃહનગરમાં સ્કેટિંગ રીંગની બહાર ઊભા હતા તે દરમ્યાન તેમની નજર એક અખબાર વેચનારા પર પડી તે 'નેશન ઓફ ઈસ્લામ' અખબાર વેચી રહ્યો હતો. તેમણે તેની પાસેથી અખબાર ખરીદ્યું. અખબારમાં છપાયેલા કાર્ટૂને મોહમ્મદઅલીનું ધ્યાન ખેંચ્યું અને અહીંયાથી જ તેમણે ઈસ્લામ અપનાવવાનું નક્કી કર્યું. અલીએ પત્રમાં લખ્યું કે કાર્ટુનમાં એક શ્વેત શખ્સ કાળા ગુલામને મારી રહ્યો છે અને પ્રાર્થના કરવા કહી રહ્યો છે. તેમણે લખ્યું કે આ કાર્ટૂને તેમની અંદર હલચલ પેદા કરી દીધી હતી. મોહમ્મદઅલીએ ૧૯૬૪માં હેવીવેઈટ ચેમ્પિયનશીપ જીત્યા બાદ ઈસ્લામ અપનાવવાની જાહેરાત કરી હતી. તેમણે લખ્યું કે તે અલ્લાહ અને શાંતિમાં વિશ્વાસ કરે છે. મોહમ્મદઅલી રિંગમાં પોતાના ફૂટવર્ક અને જોરદાર પંચ માટે જાણીતા હતા. તેઓ ત્રણવાર લેનિયલ ચેમ્પિયનશીપ જીતનાર વિશ્વના એક માત્ર વિશ્વ હેવીવેઈટ ચેમ્પિયન રહ્યા છે. અલીનો જન્મ ૧૭ જાન્યુઆરી ૧૯૪૨ના રોજ લુઈસ વિલે કેન્ટકીમાં થયો હતો. મોહમ્મદઅલીનો બોક્સર બનવાનો માર્ગ ત્યારે ખુલ્યો જયારે ૧૨ વર્ષની ઉંમરમાં કોઈએ તેમના પિતા દ્વારા ગિફ્ટ કરાયેલી સાયકલ ચોરી લીધી. આ વાતથી નારાજ અલીએ પોલીસકર્મીને કહ્યું કે તે ચોરની ધોલાઈ કરવા માંગે છે તે પોલીસકર્મીનું નામ જો માર્ટીન હતું. જે એક બોક્સિંગ ટ્રેનર હતા. તેમણે યુવા અલીને ટ્રેનિંગ આપવાનું શરૂ કરી દીધું. બાળપણમાં મોહમ્મદઅલી બીજા બાળકોની જેમ સ્કૂલ બસથી સ્કૂલ જતા ન હતા પણ બસ સાથે રેસ લગાવી શાળામાં જતા હતા. અનેક દિગ્ગજોને રિંગમાં ધૂળ ચટાડનાર મોહમ્મદઅલીનો ફલાઈટમાં બેસવાનો ડર લાગતો હતો. તેઓ ફલાઈટથી એટલા ડરતા હતા કે જયારે તે ૧૯૬૦ના ઓલિમ્પિકમાં રોમ જવા માટે પ્લેનમાં બેઠા તો તેમણે એરહોસ્ટેસને તેમને પેરાશૂટ પહેરાવવા કહ્યું હતું.

**સ્પોર્ટ્સ પર્સનાલિટી ઓફ ધ સેન્ચ્યુરીથી સન્માનિત થઈ ચૂકેલા બોક્સિંગના કિંગ મોહમ્મદઅલી ત્રણ વખત હેવીવેઈટ ચેમ્પિયન રહી ચૂક્યા છે**

# તૃણમૂલ કોંગ્રેસનો દાવો- ભાજપે આર.જી. કર હોસ્પિટલમાં ધરણા સ્થળે અશ્લીલ ડાન્સ પાર્ટીનું આયોજન કર્યું, ભગવાધારી પક્ષે આપ્યો જવાબ

(એજન્સી) તા.૨૬

તૃણમૂલ કોંગ્રેસના સાંસદ સાકેત ગોખલેએ સોમવારે એક ચોંકાવનારો વિડીયો શેર કર્યો જેમાં એક છોકરી બેકગ્રાઉન્ડમાં બંગાળી ગીત સાથે સ્ટેજ પર અશ્લીલ ડાન્સ કરતી જોઈ શકાય છે. સ્ટેજ પર લટકેલા પોસ્ટરોમાંથી એક પર "વી વોન્ટ જસ્ટિસ ફોર આરજી કાર" શબ્દો લખેલા જોઈ શકાય છે. વીડિયો શેર કરતાં, TMC સાંસદે ભાજપ પર પ્રહાર કરતા કહ્યું, "દુઃખદાયક ! આ કથિત રીતે બંગાળમાં ભાજપ દ્વારા આયોજિત 'આરજી કાર માટેના વિરોધ પ્રદર્શન'માંથી છે. શું આ 'મહિલાઓનું સન્માન' કરવાનો ભાજપનો વિચાર છે ?" તેમણે ઉમેર્યું હતું કે, "બીજેપીના ભયાનક દુષ્કર્મવાદીઓએ પીડિત અથવા કોઈપણ મહિલા માટે શૂન્ય ચિંતા સાથે રાજકીય એજન્ડા માટે વિરોધને હાઈજેક કર્યો." સાકેત ગોખલેની પોસ્ટ પછી તરત જ, ભાજપના પશ્ચિમ બંગાળ એકમના સોશિયલ મીડિયા હેન્ડલએ ટીએમસી નેતા પર વળતો પ્રહાર કર્યો, નિર્દેશ કર્યો કે ગોખલે દ્વારા શેર કરવામાં આવેલ વિડિઓ "પૂજા પંડાલ"નો છે અને તેને ભાજપ સાથે કોઈ લેવાદેવા નથી. ગોખલે પર નિશાન સાધતા, પોસ્ટમાં લખ્યું હતું




કે, "જ્યારે મમતા બેનરજી બિન-બંગાળી-ભાષી ટ્રોલ્સને રાજ્યસભામાં નોમિનેટ કરે છે, જેઓ બાંગ્લા વાંચી કે લખી શકતા નથી, ત્યારે આવું થાય છે. કોઈ પણ બેકડ્રોપમાં વાંચી શકે છે. તે સ્પષ્ટ રીતે કહે છે 'પૂજા પંડાલ' તેને ભાજપ સાથે કોઈ લેવાદેવા નથી.

# કેન્દ્ર સરકારની મોટી જાહેરાત, લદ્દાખમાં બનાવશે નવા ૫ જિલ્લા

(એજન્સી) તા.૨૬

જન્માષ્ટમીના દિવસે લદ્દાખને લઈ સૌથી મોટા સમાચાર સામે આવ્યા છે. કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે સોમવારે જાહેરાત કરી કે, કેન્દ્ર સરકાર લદ્દાખમાં પાંચ નવા જિલ્લા બનાવશે. આ નવા જિલ્લાઓ ઝંસ્કર, દ્રાસ, શામ, નુબ્રા અને ચાંગથાંગ છે. અમિત શાહે કહ્યું કે, આ પગલું વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિકસિત અને સમૃદ્ધ લદ્દાખના વિઝનને સાકાર કરવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે X પર પોસ્ટ કરીને કહ્યું કે, એક વિકસિત અને સમૃદ્ધ લદ્દાખના નિર્માણના વડા પ્રધાન નરેન્દ્ર મોદીના વિઝનને આગળ વધારતા MHA એ કેન્દ્રશાસિત પ્રદેશમાં પાંચ નવા જિલ્લા બનાવવાનો નિર્ણય લીધો છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ઝંસ્કર, દ્રાસ, શામ, નુબ્રા



અને ચાંગથાંગ નામના નવા જિલ્લા દરેક ખૂણે-ખૂણે શાસનને મજબૂત કરીને લોકો માટે બનાવેલા લાભોને તેમના ઘર સુધી પહોંચાડશે.

અમિત શાહે કહ્યું કે, મોદી સરકાર લદ્દાખના લોકો માટે વિપુલ તકો ઊભી કરવા માટે પ્રતિબદ્ધ છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, નવા જિલ્લાઓ પાયાના સ્તરે શાસનને મજબૂત કરીને લોકો માટેના લાભો તેમના ઘર સુધી પહોંચાડશે. આ જાહેરાત લદ્દાખ માટે એક મહત્વપૂર્ણ વિકાસ છે, કારણ કે નવા જિલ્લાઓ વહીવટનું વિકેન્દ્રીકરણ કરશે અને લોકો માટે સરકારી સેવાઓનો ઉપયોગ કરવાનું સરળ બનાવશે. દૂરના અને દુર્ગમ વિસ્તારોમાં રહેતા લોકોને હવે આરોગ્યસંભાળ, શિક્ષણ અને રોજગારની તકો જેવી પ્રાથમિક સુવિધાઓની વધુ સારી પહોંચ મળશે.

આ જાહેરાતની પહેલા લદ્દાખમાં માત્ર બે જ જિલ્લાઓ હતા લેહ અને કારગીલ. મોટી વસ્તી, ભૌગોલિક વિસ્તાર અને વિકાસની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને પાંચ નવા જિલ્લાઓની રચનાને પ્રગતિશીલ પગલું માનવામાં આવી રહ્યું છે. આનાથી ન માત્ર વહીવટી કાર્યક્ષમતામાં સુધારો થશે પરંતુ સ્થાનિક લોકો માટે બહેતર શાસન અને વિકાસની તકો પણ સુનિશ્ચિત થશે.

# કર્મચારી સંગઠનોએ મોદી સરકારની યુનિફાઈડ પેન્શન સ્કીમને નકારી કાઢતા તેઓ OPS માટે લડત ચાલુ રાખશે

## રાજ્ય અને કેન્દ્રીય કર્મચારીઓના સંગઠન નેશનલ મૂવમેન્ટ ફોર ઓલ્ડ પેન્શન સ્કીમે જણાવ્યું હતું કે કેન્દ્ર ભ્રામક રીતે UPSને રજૂ કરી રહ્યું છે

(એજન્સી) તા.૨૬

અનેક કર્મચારીઓના યુનિયનોએ રવિવારે કેન્દ્રની નવી જાહેર કરાયેલ યુનિફાઈડ પેન્શન સ્કીમ (યુપીએસ)ને ફગાવી દીધી હતી, જે વર્તમાન નેશનલ પેન્શન સ્કીમ (એનપીએસ) જેવી જ યોગદાન યોજના છે અને આ સંગઠનોએ જૂની પેન્શન યોજના (ઓપીએસ) ફરી લાગુ કરવા માટે લડત ચાલુ રાખવાની પ્રતિજ્ઞા લીધી હતી. રાજ્ય અને કેન્દ્રીય કર્મચારીઓના સંગઠન નેશનલ મૂવમેન્ટ ફોર ઓલ્ડ પેન્શન સ્કીમએ જણાવ્યું હતું કે કેન્દ્ર ભ્રામક રીતે UPSને રજૂ કરી રહ્યું છે.

OPS નિવૃત્ત કર્મચારીઓને તેમના છેલ્લા મૂળભૂત પગાર અને મોંઘવારી ભથ્થા (DA)ના અડધા જેટલા પેન્શન માટે હકદાર બનાવે છે. ૨૦૦૪માં રજૂ કરાયેલ NPS હેઠળ કર્મચારીઓ પેન્શન ફંડમાં મૂળભૂત પગાર અને DAના ૧૦ ટકા યોગદાન આપે છે જ્યારે સરકાર ૧૪ ટકા ફાળો આપે છે. NPS હેઠળની પેન્શનની રકમ જે આપેલા યોગદાનના જથ્થા પર આધારિત છે તે OPS હેઠળની રકમ કરતાં ઓછી છે.

શનિવારે જાહેર કરાયેલ યુપીએસ હેઠળ, કર્મચારી ૧૦ ટકા યોગદાન આપશે જ્યારે સરકારનો હિસ્સો વધીને ૧૮.૫ ટકા થશે. આ પેન્શન છેલ્લા ૧૨ મહિનાના




પગાર અને DAની સરેરાશ અડધા જેટલું હશે. પ્રમુખ વિજય કુમાર બંધુએ જણાવ્યું હતું કે, ઓપીએસ હેઠળ, કર્મચારીઓ ૨૦ વર્ષની સેવા પછી સંપૂર્ણ પેન્શન માટે પાત્ર બને છે. યુપીએસમાં તે ૨૫ વર્ષ કેમ છે ? અમે OPS માટે લડત ચાલુ રાખીશું. CPM લેબર આર્મ સિટુના જનરલ સેક્રેટરી તપન સેને જણાવ્યું હતું કેઃ UPS એ NPS કરતાં વધુ સારી હોઈ શકે છે પરંતુ તે યોગદાનની યોજના છે. અમે માત્ર OPSની જ માંગ કરીએ છીએ. દિલ્હી યુનિવર્સિટીના ડેમોક્રેટિક ટીચર્સ ફ્રન્ટ (ડીટીએફ) એ જણાવ્યું હતું કે, યુપીએસ હેઠળના યોગદાનનું રોકાણ એવી સંપત્તિઓમાં કરવામાં આવે છે જેની પ્રોફાઈલ જોખમી છે. જો કોઈપણ વર્ષમાં UPS હેઠળની કુલ પેન્શન જવાબદારી હાલના કોર્પસ પરના વ્યાજ કરતાં વધી જાય, તો ચારમાંથી એક વસ્તુ થઈ શકે છે. એક, સેવામાં રહેલા કર્મચારીઓ કે જેમણે યુપીએસ પસંદ કર્યું છે તેઓએ વધુ યોગદાન આપવું આવશ્યક છે; બે, યુપીએસ કોર્પસ ડાઉન કરવામાં આવશે એટલે કે આવતીકાલના પેન્શન માટે આજનું પેન્શન ચૂકવવા માટે બલિદાન આપવામાં આવશે; ત્રણ, યુપીએસ કોર્પસને વધુ જોખમી નાણાકીય અસ્કયામતો તરફ ફરીથી લઈ જવામાં આવી શકે છે જે મૂડી નુકસાન તરફ દોરી શકે છે એટલે કે યુપીએસ કોર્પસમાં ઘટાડો થશે; ચાર, હાલના પેન્શનરોને પેન્શન અને મોંઘવારી રાહત ચૂકવવામાં અસાધારણ વિલંબ થશે. એકેડેમિક્સ ફોર એકશન એન્ડ ડેવલપમેન્ટ ટીચર્સ એસોસિએશનએ જણાવ્યું હતું કે ૪૦ વર્ષની ઉંમર પછી નિમણૂક કરાયેલા કર્મચારીઓ માટે યુપીએસ "અર્થહીન" છે કારણ કે તેઓ ૨૫ વર્ષની સેવા પૂર્ણ કરી શકશે નહીં. શૈક્ષણિકમાં પ્રવેશની ઉંમર સામાન્ય રીતે વધુ હોય છે. એસસી, એસટી, ઓબીસી શિક્ષકો અને કર્મચારીઓના કિસ્સામાં, મોટાભાગે તેમનો કાર્યકાળ ઓછો હોય છે. UPSને પે કમિશન સાથે જોડવામાં આવશે, જે OPS હેઠળ પેન્શનની સમીક્ષા કરવા માટે વપરાય છે તેની કોઈ સ્પષ્ટતા કરવામાં આવી નથી.

# ભાજપે જમ્મુ-કાશ્મીરની ચૂંટણી માટે ૪૪ ઉમેદવારોની યાદી પાછી ખેંચી નવી યાદી જાહેર કરી

(એજન્સી) તા.૨૬

જમ્મુ-કાશ્મીર અને હરિયાણાની વિધાનસભા ચૂંટણીની તારીખોના એલાન બાદ ભાજપે આજે જમ્મુ-કાશ્મીર માટે ઉમેદવારોની પહેલી યાદી જાહેર કરી સૌને ચોંકાવી દીધા હતા પરંતુ પછી એવા અહેવાલ સામે આવ્યા કે આ યાદી પાછી ખેંચી લેવામાં આવી. ત્યારબાદ હવે નવી યાદી જાહેર કરવામાં આવી છે જેમાં પ્રથમ તબક્કાના ૧૫ ઉમેદવારોના નામ જ જાહેર કરાયા છે. ઉલ્લેખનીય છે કે આ પહેલા ભાજપની જૂની યાદીમાં પહેલા તબક્કા માટે ૧૫, બીજા માટે ૧૦ અને ત્રીજા તબક્કાના મતદાન માટે ૧૯ જેટલાં ઉમેદવારોના નામ જાહેર કરી દેવાયા હતા. હવે આ યાદીમાં સુધારા-વધારા કરીને ફરી નવી યાદી જાહેર કરવામાં



આવી છે. તો તમને જણાવી દઈએ કે આ વખતે ભાજપની ઉમેદવારોની યાદીમાં નવું એ હતું કે જમ્મુ-કાશ્મીર વિધાનસભાના પૂર્વ ડેપ્યુટી સ્પીકર ડૉ. નિર્મળ સિંહને જ ટિકિટ ફાળવાઈ નહોતી અને તેમનું પત્તું કાપી નાખવામાં આવ્યું હતું. નિર્મળ સિંહ ૨૦૧૪માં વિધાનસભા બેઠક પર જીત્યા હતા. બીજી બાજુ ભાજપે ૨ કાશ્મીરી પંડિતોને પણ ટિકિટ આપી હતી. જેમાં વીર સરાફને શાંગાસ-અનંતનાગ તો અશોક ભટ્ટને હબ્બકાદલથી ટિકિટ આપી હતી. તમને જણાવી દઈએ કે જમ્મુ-કાશ્મીર વિધાનસભા ચૂંટણીને લઈને રવિવારે નવી દિલ્હીમાં બીજેપીની કેન્દ્રીય ચૂંટણી સમિતિની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં પીએમ નરેન્દ્ર મોદી, ગૃહમંત્રી અમિત શાહ અને ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડા સહિત ઘણા વરિષ્ઠ નેતાઓએ ભાગ લીધો હતો. આ બેઠકમાં ચૂંટણીની રણનીતિ, મુદ્દાઓ, ઉમેદવારોના નામ અને રાજ્યમાં પીએમ મોદીની સંભવિત રેલીઓ અંગે ચર્ચા કરવામાં આવી હતી. આ બેઠક બાદ એવી અટકળો વહેતી થઈ હતી કે ભાજપ સોમવારે સવાર સુધીમાં ઉમેદવારોના નામની જાહેરાત કરી દેશે.

# બાંગ્લાદેશ કટોકટી : ઢાકામાં વિરોધ હિંસક બન્યો, અર્ધલશ્કરી કર્મચારીઓ સાથે વિદ્યાર્થીઓની અથડામણ, ૫૦ ઘાયલ

(એજન્સી) તા.૨૬

બાંગ્લાદેશમાં ફરી એકવાર હિંસાના સમાચાર છે. રાજધાની ઢાકામાં સચિવાલય પાસે ગઈકાલે રાત્રે અંસાર જૂથના સભ્યો અને વિદ્યાર્થીઓ વચ્ચે હિંસક અથડામણ થઈ હતી. આ ઘટનામાં ૫૦ લોકો ઘાયલ થયા છે. અંસાર ગ્રુપના સભ્યો છેલ્લા કેટલાક દિવસોથી કાયમી નોકરીની માંગ સાથે વિરોધ પ્રદર્શન કરી રહ્યા હતા.

ઢાકા ટ્રિબ્યુનના અહેવાલ મુજબ આ ઘટના રવિવારે રાત્રે બની જ્યારે હજારો વિદ્યાર્થીઓ હાથમાં લાકડીઓ લઈને સચિવાલય તરફ કૂચ કરવા લાગ્યા. ખરેખર, અંસાર જૂથના સભ્યોએ સચિવાલય પર કબજો કર્યો હતો. તેમણે સચિવાલયનો દરવાજો બંધ કરી દીધો હતો. સચિવાલયની અંદર હાજર સરકારી અધિકારીઓને બહાર આવવા દેવામાં આવ્યા ન હતા. આ દરમિયાન ઘણા વિદ્યાર્થીઓ પણ અંદર કેદ હતા જેમણે સોશિયલ મીડિયા દ્વારા સેંકડો વિદ્યાર્થીઓને સચિવાલય આવવાની અપીલ કરી હતી.

સૂત્રોનું કહેવું છે કે ભેદભાવ વિરોધી વિદ્યાર્થી ચળવળના ઘણા કન્વીનરોએ વિદ્યાર્થીઓને રાજુ સ્કલ્પચર ખાતે ભેગા થવાનું કહ્યું હતું, જ્યાંથી આ વિદ્યાર્થીઓએ



સચિવાલય તરફ કૂચ કરી હતી. શરૂઆતમાં અંસાર જૂથના સભ્યો પીછેહઠ કરવા લાગ્યા હતા. પરંતુ બાદમાં તેઓએ લાકડીઓ વડે વિદ્યાર્થીઓનો પીછો શરૂ કર્યો હતો. તેઓએ ત્યાં હાજર વિદ્યાર્થીઓ પર ઈંટો પણ ફેંકવાનું શરૂ કર્યું, જેના પગલે બંને જૂથો વચ્ચે હિંસક અથડામણ થઈ. આ ઘટનામાં બંને પક્ષના લોકો ઘાયલ થયા છે. વિદ્યાર્થી નેતા અને બાંગ્લાદેશની વચગાળાની સરકારના સલાહકાર, નાહીદ ઈસ્લામ, અન્સાર જૂથના સભ્યો દ્વારા સચિવાલયમાં અટકાયતમાં લેવામાં આવેલા લોકોમાં સામેલ હતા. જેના કારણે વિદ્યાર્થીઓમાં રોષ ભભૂકી ઉઠ્યો હતો. વિદ્યાર્થીઓએ અંસાર જૂથના દેખાવકારોને વિખેરવાનો પ્રયાસ કર્યો હતો. બંને પક્ષોએ એકબીજા પર પથ્થરમારો કર્યો હતો. બાદમાં પોલીસે પરિસ્થિતિને કાબૂમાં લીધી હતી.

અંસાર ગ્રુપ (હોમગાર્ડ) છેલ્લા બે દિવસથી વિરોધ કરી રહ્યું છે. આ જૂથની માંગ છે કે તેમની નોકરી કાયમી કરવામાં આવે. તે જ સમયે, વિદ્યાર્થીઓનો આરોપ છે કે અંસાર જૂથ બાંગ્લાદેશના ભૂતપૂર્વ વડાપ્રધાન શેખ હસીનાના એજન્ટ તરીકે કામ કરી રહ્યું છે.

# ન્યાય સરળ અને સ્પષ્ટ હોવો જોઈએ, તેની પ્રક્રિયાઓ તેને મુશ્કેલ બનાવે છે : વડાપ્રધાન મોદી

(એજન્સી) જોધપુર, તા.૨૬

નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે કાનૂની દસ્તાવેજો સુધી પહોંચ એ ગરીબોને સશક્તિકરણ કરવાની દિશામાં સૌથી મોટું સાધન છે. રાજસ્થાન હાઈકોર્ટની પ્લેટિનમ જ્યુબિલી ઉજવણીના સમાપન સમારોહમાં મોદીએ આ એક્સેસ શક્ય બનાવવામાં સરકારને મદદ કરવા માટે કાનૂની સમુદાયને હાકલ કરી હતી.

તેમણે કહ્યું કે, લોકોને સ્થાનિક ભાષાઓમાં કાયદાકીય દસ્તાવેજોની ઍક્સેસ હોય તે મહત્વપૂર્ણ છે. ન્યાય હંમેશા સરળ અને સ્પષ્ટ હોવો જોઈએ. અમારી પ્રક્રિયાઓ તેને મુશ્કેલ બનાવે છે. તેમણે અલગથી કામ કરતી તમામ IT સિસ્ટમના એકીકરણની જરૂરિયાત પર ભાર મૂકતા કહ્યું કે, પોલીસ, ફોરેન્સિક્સ, પ્રક્રિયા, અને સર્વોચ્ચ અદાલતથી જિલ્લા અદાલતો સુધીની સેવા પદ્ધતિ, બધાએ એકસાથે કામ કરવું જોઈએ. તે અમારૂં વિઝન છે કે તમામ IT સિસ્ટમ અલગથી કામ કરે છે. મોદીએ ટેક્નોલોજીના મહત્વ પર ભાર મૂક્યો હતો અને કહ્યું કે લોકોના સશક્તિકરણ માટે અજમાયશ અને પરીક્ષણ ફોર્મ્યુલા છે. ન્યાય સરળ અને સ્પષ્ટ છે તે સુનિશ્ચિત કરવા માટે ન્યાયતંત્રની સામૂહિક જવાબદારી છે અને દેશે આ દિશામાં ઘણા પગલાં લીધાં છે અને ભારતીય દંડ



સંહિતા (IPC)ને ભારતીય ન્યાય સંહિતા (BNS) સાથે બદલવામાં આવી છે. વસાહતી માનસિકતા પર કાબૂ મેળવીને, અમે સંસ્થાનવાદી કાયદાઓ રદ કર્યા છે. હવે સજાના બદલે ન્યાય છે, જે ભારતીય ફિલસૂફીનો પાયો છે.

મોદીએ કહ્યું કે, આપણે લોકોને કોર્ટના 'ચક્કર' ઓછા કરવા માટે અને સામાન્ય નાગરિકની આ પીડાને નાબૂદ કરવા માટે અસરકારક પગલાં લેવા પડશે.

# જાતીય શોષણ : ચાનો પાક લેતી મહિલાઓના અભ્યાસથી તેમના પર અત્યાચારનો મોટો ખુલાસો

(એજન્સી) તા.૨૬

ચાના બગીચાઓમાં કામ કરતી સુંદર મહિલાઓની આ તસવીર ચર્ચામાં છે. જે ચાના પાંદડા તોડી રહી છે. જોકે જ્યારે નજીકથી જોવામાં આવ્યું ત્યારે આ ચિત્ર ખૂબ સુંદર લાગતું નથી. ઉત્તર બંગાળના ચાના બગીચાઓમાં મહિલાઓની કાર્યસ્થળની સલામતી અંગેનો તાજેતરનો અભ્યાસ મહિલાઓ દ્વારા સામનો કરવામાં આવતી ઊંડી સમસ્યાઓ તરફ નિર્દેશ કરે છે, જેઓ ચાના બગીચાઓમાં કામ કરતી મોટાભાગની છે.

કલકત્તા સ્થિત જેન્ડર રિસોર્સ સેન્ટર સંહિતા દ્વારા જલપાઈગુડી, અલીપુરદ્વાર અને દાર્જિલિંગ જિલ્લાના ૨૪ ચાના બગીચાઓમાં હાથ ધરવામાં આવેલા અભ્યાસ "ક્રિએટિંગ સેફ વર્કપ્લેસીસ: એન્ગેજિંગ વિથ ટી ગાર્ડન્સ ઈન વેસ્ટ બંગાળ" અનુસાર, મોટી સંખ્યામાં મહિલાઓ ચા તોડવામાં રોકાયેલી છે. બગીચાઓમાં ખાસ કરીને સંવેદનશીલ હોય છે કારણ કે તેઓ પદાનુક્રમના નીચલા સ્તરે કામ કરે છે.

આ મહિલાઓ હંમેશા જાતીય સતામણીનો સામનો કરતી હોવાનો ચોંકાવનારો ખુલાસો પણ થયો છે. જ્યારે ચાના બગીચાઓમાં મહિલા કામદારોએ તેના વિશે વાત કરી, ત્યારે તેમાંથી ઘણાએ તેને જાતીય સતામણી ન ગણી પણ તેને



સામાન્ય ગણાવી. તેમનું કહેવું હતું કે તેમને દરરોજ આ રીતે હેરાનગતિ કરવામાં આવતી હોય છે.

અભ્યાસમાં જાણવા મળ્યું છે કે ૭૮ ટકા મહિલાઓએ કામના સ્થળે મહિલાઓની જાતીય સતામણી (પ્રિવેન્શન, પ્રોહિબિશન એન્ડ રિડ્રેસલ) એક્ટ અથવા PoSH એક્ટ, ૨૦૧૩ વિશે સાંભળ્યું ન હતું. ૨૦૨૩માં પ્રકાશિત થયેલો અભ્યાસ સંહિતા દ્વારા ટી એસ્ટેટના કામદારો અને ટ્રેડ યુનિયન અને મેનેજમેન્ટના પ્રતિનિધિઓ સાથે સતત જોડાણ દ્વારા વિકસાવવામાં આવ્યું હતું.

સંશોધકો અત્યાર સુધીમાં અભ્યાસ માટે ૨૪ એસ્ટેટમાંથી લગભગ ૨૬૦ મહિલાઓને મળ્યા છે અને નીચેની ક્રિયાપ્રતિક્રિયા માટે ૧૭ એસ્ટેટમાંથી મળ્યા છે. અભ્યાસ માટે, ટ્રેડ યુનિયન અને ચાના બગીચાના મેનેજમેન્ટના પ્રતિનિધિઓ સહિત ૨૬ પુરૂષોની મુલાકાત લેવામાં આવી હતી. સંહિતાના સોમા સેન ગુપ્તાએ જણાવ્યું હતું કે, આ ચાના બગીચાઓમાં જાતીય સતામણીનો મુદ્દો પ્રથમ વખત ઉઠાવવામાં આવ્યો હતો. "અમે જે મૌનને પહેલા મળ્યા તે આશ્ચર્યજનક હતું કારણ કે મહિલાઓને તેના વિશે કેવી રીતે વાત કરવી તે ખબર ન હતી."

# કર્ણાટક સરકાર ઊથલાવી દેવા ભાજપ, જેડીએસએ ૧૦૦ કરોડ રૂપિયાની ઓફર કરી : ધારાસભ્યનો દાવો

(એજન્સી) તા.૨૬

કર્ણાટકમાં કોંગ્રેસના એક ધારાસભ્યે ભાજપ પર ઓપરેશન કમળ ચલાવવાનો આરોપ મૂક્યો છે. તેમણે જણાવ્યું હતું કે, મુખ્યપ્રધાન સિદ્ધારમૈયાના નેતૃત્ત્વવાળી રાજ્ય સરકારને અસ્થિર બનાવવા માટે ૧૦૦ કરોડ રૂપિયાની ઓફર કરી કોંગ્રેસના ધારાસભ્યોને લલચાવવાનો પ્રયત્ન કરવામાં આવી રહ્યો છે.

માંડયાથી કોંગ્રેસના ધારાસભ્ય રવિકુમાર ગૌડાએ જણાવ્યું છે કે, ભલે ભાજપ કોંગ્રેસના ધારાસભ્યોને લાલચ આપી કોંગ્રેસની સરકારને અસ્થિર કરવાના પ્રયત્નો કરી રહી હોય પણ કોંગ્રેસનો કોઇ પણ ધારાસભ્ય તેમની આ ઓફરનો સ્વીકાર કરશે નહીં. રાજ્યમાં કોંગ્રેસની સરકાર સ્થિર અને મજબૂત છે.

રવિકુમાર ગૌડાએ જણાવ્યું છે કે, હું આજે પણ કહી રહ્યો છું કે ભાજપે ૫૦ કરોડ રૂપિયાની ઓફર વધારી ૧૦૦ કરોડ રૂપિયા કરી છે. બે દિવસ પહેલ ફોન આવ્યો હતો જેમાં જણાવવામાં આવ્યું હતું કે ૧૦૦ કરોડ રૂપિયા તૈયાર છે. તે ૫૦ ધારાસભ્યો ખરીદવા માંગે છે.

ભાજપના લોકો ૫૦ કરોડ રૂપિયાથી ૧૦૦ કરોડ રૂપિયાએ પહોંચી ગયા છે. આ અગાઉ ગયા વર્ષે ઓક્ટોબરમાં ગૌડાએ દાવો કર્યો હતો કે એક ટીમે કોંગ્રેસ ધારાસભ્યોને ૫૦ કરોડ રૂપિયા અને મંત્રી પદ આપવાની ઓફર કરી હતી. તેમણે જણાવ્યું હતું કે ચાર ધારાસભ્યોનો સંપર્ક કરવામાં આવ્યો હતો અને આ અંગેના



પુરાવા પણ ઉપલબ્ધ છે. ગૌડાએ ભાજપના રાષ્ટ્રીય મહાસચિવ (સંગઠન) બી એલ સંતોષ, કેન્દ્રીય પ્રધાન શોભા કરંદલાજે, પ્રહલાદ જોશી અને એચ ડી કુમારસ્વામી (જનતા દળ-સેક્યુલર) પર આરોપ મૂક્યા છે. તેમણે જણાવ્યું હતું કે રાજ્યમાં કોંગ્રેસ સરકાર અસ્થિર કરવા માટે એક જૂથના રૂપમાં આ લોકો કામ કરી રહ્યાં છે. તેમણે જણાવ્યું હતું કે ૧૩૬ ધારાસભ્યો સાથે કોંગ્રેસની સરકાર પર્વતની જેમ મજબૂત છે. કોંગ્રેસ ધારાસભ્યે જણાવ્યું છે કે, આ લોકોએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહને વચન આપ્યું છે. તે સરકારને તોડવાના ઉદ્દેશથી આગળ વધી રહ્યાં છે. ભાજપના દલાલ કોંગ્રેસ ધારાસભ્યોનો રોજ સંપર્ક કરી રહ્યાં છે.

### રાજ્યમાં અત્યાર સુધીમાં ૧૬૫૩ લોકોનું રેસ્ક્યુ અને ૧૮ હજારનું કરાયું સ્થળાંતર

# રાજ્યમાં ભારે વરસાદને લઇ મુખ્યમંત્રીએ ઉચ્ચસ્તરીય બેઠક યોજી પરિસ્થિતિનો તાગ મેળવ્યો

**● મનુષ્યજીવન અને પશુઓની જાનહાની ના થાય તેને પ્રથમ પ્રાયોરીટી આપવા આપી સૂચના ● રાજ્યમાં પ૨૩ વિવિધ માર્ગો બંધ, હજુ વધુ વરસાદની આગાહીને લઇ તંત્રને એલર્ટ રહેવા તાકીદ**

(સંવાદદાતા દ્વારા)
ગાંધીનગર, તા.૨૬

સમગ્ર રાજ્યમાં ભારે વરસાદ વરસી રહ્યો છે. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે ગાંધીનગરમાં રાજ્યમાં ભારે વરસાદને કારણે સર્જાયેલી પરિસ્થિતિનો તાગ મેળવવા ઉચ્ચ સ્તરીય બેઠક યોજી હતી. મુખ્યમંત્રી સોમવારે બપોરે સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર પહોંચ્યા હતા અને વરસાદગ્રસ્ત જિલ્લાઓના કલેકટરે, મ્યુનિસિપલ કમિશ્નરો તથા જિલ્લા અધિકારીઓ સાથે વીડિયો કોન્ફરન્સ યોજીને તલસ્પર્શી વિગતો મેળવી હતી. મુખ્ય સચિવ રાજકુમાર સહિત રાજ્ય સરકારના વિભાગોના વરિષ્ઠ સચિવો NDRF હવામાન વિભાગના અધિકારીઓ આ બેઠકમાં જોડાયા હતા.

ગાંધીનગર સેન્ટર પર યોજાયેલી આ બેઠકમાં મુખ્યમંત્રીએ ખાસ કરીને નીચાણવાળા વિસ્તારના લોકોના સલામત સ્થળાંતર માટે તાકીદ કરી હતી, મુખ્યમંત્રીએ જિલ્લા કલેકટર્સ અને મ્યુન્સિપલ કમશનર્સને સ્પષ્ટપણે જણાવ્યું હતું કે આપણી પહેલી પ્રાયોરિટી મનુષ્ય જીવન અને પશુધનની જાનહાની ના થાય તે હોવી જોઈએ.

તેમણે નદી નાળા કે માર્ગો પર જ્યારે વરસાદી પાણી પુષ્કળ માત્રામાં અને ભયજનક રીતે વહેતું હોય ત્યારે કોઈ પણ વ્યક્તિ તે ક્રોસ ના કરે કે તેમાં ના જાય તે માટેની ખાસ તકેદારી અને જરૂર જણાય તો પોલીસની મદદથી કડકાઈ વર્તીને પણ લોકોને અટકાવવા જરૂરી છે તેમ કલેક્ટર્સને આ અંગેની સૂચનાઓ આપતા જણાવ્યું હતું.

પાણીમાં ફસાયેલા લોકોના રેસ્ક્યુ કરવાની બાબત પણ અગ્રતા આપવા તેમણે સૂચના આપી હતી. આ હેતુસર NDRF, SDRF, સ્થાનિક પોલીસની મદદથી લોકોનું રેસ્ક્યુ કરવા સાથે સ્થળાંતર કામગીરીની વિગતો પણ તેમણે મેળવી હતી. રાજ્યમાં અત્યાર સુધીમાં ૧૭,૮૨૭ લોકોનું સ્થળાંતર તેમજ ૧,૬૫૩ લોકોનું રેસ્ક્યુ કરવામાં આવેલું છે. અસરગ્રસ્ત જિલ્લાઓમાં NDRFની ૧૩ અને SDRFની ૨૨ ટીમ તૈનાત કરવામાં આવી છે, જે બચાવ રાહત કામગીરીમાં મદદરૂપ થઈ રહી છે.

રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં થયેલા ભારે અને વ્યાપક વરસાદ અંગેની વિગતો પણ સીએમ ભુપેન્દ્ર પટેલે મેળવી હતી. તદ અનુસાર સમગ્ર રાજ્યમાં ૩૩ જિલ્લાના ૨૪૪ તાલુકામાં વરસાદ વરસ્યો છે. સરેરાશ ૬૩.૩૬ મી..મી વરસાદ આ સમયગાળામાં પડ્યો છે. આ ૨૪ કલાકમાં સૌથી વધુ વરસાદ નવસારી જિલ્લાના ખેરગામમાં ૧૪ ઈંચ થી વધુનોંધાયો છે.સોમવારે, ૨૬ ઓગસ્ટના સવારે ૬ થી ૧૨ વાગ્યા સુધીમાં પંચમહાલના મોરવા હડફમાં સૌથી વધુ ૧૫૭ મિ.મી. વરસાદ વરસ્યો છે. સમગ્ર ગુજરાતમાં આ વર્ષે મોસમનો એવરેજ ૯૧.૮૮ ટકા વરસાદ થયો છે.મુખ્યમંત્રી રાજ્યમાં થયેલા આ વરસાદને પરિણામે નદીઓ જળાશયોમાં આવેલા પાણીની સ્થિતિની પણ વિગતો મેળવી હતી. રાજ્યના ૨૦૬ જળાશયોમાંથી ૧૦૦% ભરાઈ ગયા હોય તેવા ૫૯ જળાશયો છે જેમાં ૭૨ જળાશયો હાઈ એલર્ટ ૫૨ અને ૨૨ એલર્ટ ૫૨ રાખવામાં આવ્યા છે, તથા ૯ માટે છલકાઈ જવાની વોર્નિંગ અપાઇ છે અને ૭ નદીઓ ઓવરફ્લો થઈ છે.સરદાર સરોવર ડેમમાં કુલ સંગ્રહ ક્ષમતાના ૮૮.૭૪% એટલે કે ૨,૯૬,૪૫૯ MCFT પાણીનો જથ્થો છે. મુખ્યમંત્રીએ વરસાદને કારણે વીજ પુરવઠાને, માર્ગોને કે આવશ્યક ચીજ વસ્તુઓના પુરવઠાને પડેલી અસર પણ યુદ્ધના ધોરણે કામગીરી કરી સ્થિતિ પૂર્વવત કરવા સંબંધિત તંત્રવાહકોને અને વરિષ્ઠ અધિકારીઓને સૂચનાઓ આપી છે. સમગ્ર રાજ્યમાં ૭૦૦૯ ગામોના વીજ પુરવઠાને અસર પહોંચી હતી તેમાંથી ૬૯૭૭ ગામોમાં સ્થિતી પૂર્વવત થઈ છે ૬૦૯૦ વીજ પોલને થયેલા નુકસાનમાંથી ૫૯૬૧ રીપેર કરી દેવાયા છે.મુખ્યમંત્રીએ વરસાદ અટકે એટલે તુંરત જ રોગચાળા નિવારણના આગોતરા પગલાં લેવા માટે જંતુનાશક દવાનો છટકાવ, માટી, કાંપ દૂર કરી સફાઈ કામગીરી ત્વરાએ હાથ ધરવા તથા રસ્તા પરની આડશો દૂર કરી માર્ગો પુનઃ વાહન વ્યવહાર યોગ્ય બનાવવા પણ સૂચનાઓ આપી હતી. રાજ્યમાં હાલ સુરત, નવસારી, વલસાડ, તાપી, ડાંગ અને છોટાઉદેપુર જિલ્લાઓમાં મળીને સમગ્ર તયા ૫૨૩ માર્ગો બંધ છે. હવામાન વિભાગે આગામી સમયમાં રાજ્યમાં ભારે વરસાદની કરેલી આગાહી સંદર્ભે પણ મુખ્યમંત્રીએ વિગતો મેળવી હતી. જેમાં હવામાન વિભાગના આગામી બે ત્રણ દિવસ સુધી રાજ્યમાં વ્યાપક અને ભારે વરસાદની આગાહી કરી છે અને રેડ એલર્ટ આપવામાં આવ્યું છે તેની વિગતો આપી હતી. જેને લઈને મુખ્યમંત્રીએ કચ્છ અને સૌરાષ્ટ્ર વિસ્તારમાં ભારે વરસાદની સંભાવનાઓને પગલે આ જિલ્લાઓના કલેકટર્સને એલર્ટ રહેવા સૂચના આપી હતી. ખાસ કરીને નવસારી, વલસાડ, ડાંગ, પંચમહાલ તથા વડોદરા અને છોટા ઉદેપુર સહિતના વધુ અસરગ્રસ્ત જિલ્લાઓના કલેકટરો સાથે તેમજ વડોદરા મ્યુનિ.કમિશનર સાથે કોન્ફરન્સ દરમિયાન વાતચીત કરીને તેમના જિલ્લામાં નદીઓના પાણીનો આવરો, ટ્રાફિક નિયમન તેમજ નીચાણ વાળા વિસ્તારોના લોકોના કરવામાં આવેલા સ્થળાંતરની ઝીણવટપૂર્વકની સમીક્ષા કરી હતી.આ સાથે તેમણે સ્થાનિક જિલ્લા તંત્રનું માર્ગદર્શન કરવા સંબંધિત જિલ્લાના પ્રભારી સચિવોને તત્કાલ તેમને સોંપાયેલા જિલ્લામાં પહોંચી જવા સૂચનાઓ આપી હતી. તેમણે સમગ્ર રાજ્યના જિલ્લા કલેકટરો અને વહીવટી તંત્રોને સંપૂર્ણ સજ્જતા સાથે ઝીરો કેઝ્યુઆલીટી અભિગમ અપનાવી સતર્ક રહેવા માર્ગદર્શન આપ્યું હતું.

### રાજ્યભરમાં સતત વરસી રહેલા વરસાદને લઈ શિક્ષણ વિભાગની જાહેરાત

# રાજ્યભરની તમામ પ્રાથમિક શાળાઓમાં વરસાદને લઈ આજે રજા રાખવા નિર્ણય

**● માધ્યમિક-ઉ.માધ્યમિક શાળાઓમાં રજા અંગેનો નિર્ણય જે તે જિલ્લાના ડીઈઓ કરશે ● અમદાવાદ શહેર અને ગ્રામ્ય વિસ્તારની સ્કૂલોમાં રજાની સત્તાવાર જાહેરાત**

(સંવાદદાતા દ્વારા)
ગાંધીનગર,તા.૨૬

રાજ્યભરમાં ભારે વરસાદને લઈ ઠેર-ઠેર પાણી ભરાઈ જવા પામેલ છે અને હજુ પણ ભારે વરસાદ પડવાની હવામાન વિભાગની આગાહીને લઈને સરકાર દ્વારા રાજ્યની તમામ પ્રાથમિક શાળાઓમાં આવતીકાલે મંગળવારે રજા જાહેર કરવામાં આવી છે. જ્યારે રાજ્યની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં રજા રાખવી કે કેમ તે અંગે જે તે જિલ્લાના ડીઈઓને સ્થિતિ જોઈ નિર્ણય લેવાનું ઠરાવાયું છે. આ વચ્ચે સ્થિતિને જોઈ અમદાવાદ જિલ્લામાં શાળાઓ બંધ રાખવાનો નિર્ણય જાહેર કરી દેવામાં આવ્યો છે.

રાજ્યમાં વરસાદને પગલે રાજ્યના પ્રાથમિક શિક્ષણ નિયામક મહેશ જોશીએ રાજ્યની તમામ ધોરણ ૧થી ૮ની પ્રાથમિક શાળાઓ આવતીકાલે મંગળવારે રજા જાહેર કરી છે. જ્યારે શિક્ષણ બોર્ડના ચેરમેન સાથે વાત કરતા તેમણે ધોરણ ૯થી ૧૨ની માધ્યમિક શાળાઓમાં રજા અંગે જે તે જિલ્લાના શિક્ષણાધિકારી કલેક્ટર સાથે મળી સ્થિતિ પ્રમાણે નિર્ણય લેશે તેમ જણાવ્યું હતું.

સમગ્ર રાજ્યને પગલે અમદાવાદ શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં પણ મોડી રાતથી લઈને સોમવાર સમગ્ર દિવસ દરમ્યાન ભારે વરસાદના પગલે જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું હતું. ભારે વરસાદના પગલે અમદાવાદ શહેર અને ગ્રામ્યની સ્કૂલોમાં મંગળવારના રોજ રજા જાહેર કરવામાં આવી છે. જેથી મંગળવારના રોજ સ્કૂલોમાં શૈક્ષણિક કાર્ય થશે નહીં. અમુક સ્કૂલોમાં માસિક પરીક્ષાઓ ચાલુ હોવાથી તે પરીક્ષા પણ પાછી લઈ જવાની ફરજ પડશે. પ્રાપ્ત માહિતી અનુસાર, અમદાવાદમાં રવિવારના રોજ ભારે વરસાદ પડ્યા બાદ મોડી રાતથી વરસાદ વધવા લાગ્યો હતો. ભારે વરસાદના પગલે દિવસ દરમિયાન શહેરના અનેક વિસ્તારોમાં પાણી ભરાયા હતા. જે વિસ્તારોમાં અગાઉ પાણી ભરાતા ન હતા ત્યાં પણ ભારે વરસાદના પગલે પાણી ભરાયા હતા. ઉપરાંત શહેરમાં ઠેરઠેર ઝાડ પડવા સહિતના બનાવો પણ નોંધાયા હતા. ભારે વરસાદના પગલે પાણીના ભરાવા બાદ હજુ પણ ભારે વરસાદની આગાહી હોવાથી શહેરીજનોનો વધુ હાલાકીનો સામનો કરવો પડી શકે તેમ છે. આ સ્થિતીને જોતા અમદાવાદ શહેર અને અમદાવાદ ગ્રામ્ય વિસ્તારમાં આવેલી તમામ શાળાઓમાં મંગળવારના રોજ રજા જાહેર કરવામાં આવી છે. અમદાવાદ શહેર અને ગ્રામ્ય જિલ્લા શિક્ષણાધિકારી કચેરી દ્વારા પોતાના તાબા હેઠળની શાળાઓમાં રજા જાહેર કરવાનો નિર્ણય કર્યો હતો. આ અંગે સ્કૂલોને પણ જાણ કરી દેવામાં આવી હોવાથી મંગળવારના રોજ સ્કૂલોમાં રજા રહેશે. ભારે વરસાદને જોતા સાંજે જ નિર્ણય લઈ લેવામાં આવ્યો હોવાનું જાણવા મળે છે. અમદાવાદ શહેર અને ગ્રામ્ય વિસ્તારની સ્કૂલોમાં રજા જાહેર કરવામાં આવતા અમુક સ્કૂલોમાં માસિક પરીક્ષા ચાલતી હોવાથી તે પણ પાછળ લઈ જવાની ફરજ પડશે. આ અંગે અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારી રોહિત ચૌધરી અને ગ્રામ્ય જિલ્લા શિક્ષણાધિકારી કૃપા જહાએ જણાવ્યું હતું કે, ભારે વરસાદના પગલે સ્કૂલોમાં આવતીકાલ એટલે કે મંગળવારના રોજ રજા જાહેર કરવામાં આવી છે.

### 'આફતનો વરસાદ'

# હળવદના ઢવાણા ગામે ટ્રેકટર સાથે ૧૭ લોકો નદીમાં તણાયા : ૯ને બચાવાયા, ૮ હજુ પણ લાપતા

અમદાવાદ,તા.૨૬

રાજયમાં હાલ ભારે વરસાદ વરસી રહ્યો છે. જેને પગલે ઠેર ઠેર પાણી ભરાયા છે તો અનેક નદીઓ ગાંડીતુર બની છે. ત્યારે ગત રાત્રીએ મોરબી જિલ્લાના હળવદ તાલુકાના ઢવાણા ગામ પાસે નદીના કોઝવે ઉપરથી પાણીમાં ટ્રેક્ટર તણાઇ ગયું હતું. જેથી તેમાં બેઠેલા લોકોમાંથી લગભગ ૧૭ લોકો પાણીમાં તણાયા હતા. જેથી એનડીઆરઆફ તેમજ એસડીઆરએફની ટીમોને બોલાવવામાં આવી હતી અને બચાવ રાહતની કામગીરી કરવામાં આવી રહી હતી. જો કે, પાણીમાં

**NDRF-SDRFની ટીમો કાર્યરત**

તણાયેલા લોકોમાંથી ૯ જેટલા લોકોને વહેલી સવાર સુધીમાં બચાવી લેવામાં આવ્યા છે, પરંતુ ઘટનાને ૧૫ કલાક જેટલો સમય થઈ ગયો છે તો પણ પાંચ બાળક, બે મહિલા સહિત આઠ લોકો લાપતા છે. જેને શોધવા માટેની કાર્યવાહી કરવામાં આવી રહી છે. ઢવાણા ગામ પાસે ટ્રેક્ટર પાણીમાં તણાઇ જવાથી જેટલા લોકો તણાયા હતા. તેમાંથી આઠ જેટલા લોકો હજુ પણ લાપતા છે. જેથી તેમને શોધવા માટેની કવાયત જુદીજુદી ટીમો ચલાવી રહી છે. જે લોકો લાપતા છે તેમાં અશ્વિનભાઈ રાઠોડ (ઉં.૨૮, રહે. જોરાવરનગર), આશિષભાઈ સુરેશભાઈ બારોટ (ઉં.૧૨, રહે. નવા ઢવાણા), રાજુબેન ગણપતભાઈ બારોટ ઉં.૪૫, રહે. નવા ઢવાણા), વિજયભાઈ સુરેશભાઈ બારોટ (ઉં.૧૯ રહે. નવા ઢવાણા), જીનલ મહેશભાઈ બારોટ (ઉં.૬, રહે. પાટડી), ગીતાબેન સુરેશભાઈ બારોટ (ઉં.૧૬ રહે. નવા ઢવાણા), જાનકીબેન પ્રવીણભાઈ મકવાણા (ઉં.૩૨ રહે. નવા ઢવાણા) અને રામદેવ પ્રવીણભાઈ મકવાણા (ઉં.૧૪ રહે. નવા ઢવાણા)નો સમાવેશ થાય છે.રવિવારે રાતે જે ઘટના બની હતી. તેમાં જે લોકો ટ્રેક્ટરની સાથે પાણીમાં તણાયા હતા. તેમાંથી લાલજી ભગાભાઈ સાકરીયા, ચમન ભીખાભાઈ જાદવ, પાંચાભાઈ લખમણભાઈ મુંધવા, મનોજ ડાયાભાઈ સોલંકી, રાહુલ ગણપતભાઈ બારોટ, કિશન ગણપતભાઈ બારોટ, લલિત અમરશીભાઈ જાદવ, મનીષા સુરેશભાઈ બારોટ અને મનસુખભાઈ જેઠાભાઈ (રહે. પેઢડા તાલુકો લખતર)ને બચાવી લેવામાં આવ્યા છે. તેવી વિગતો સૂત્રો પાસેથી જાણવા મળી છે. હળવદ તાલુકામાં રવિવારે બપોરના બે વાગ્યાથી લઈને રાત્રના દસ વાગ્યા સુધીના સમયગાળા દરમિયાન હળવદ તાલુકામાં કુલ મળીને સાડા છ ઇંચ જેટલો વરસાદ વરસી ગયો છે. જેથી કરીને સ્થાનિક નદી નાળામાં વરસાદી પાણી આવી ગયા હતા. કેટલીક જગ્યાએ દુર્ઘટનાઓ બની હોવાનું સામે આવી રહ્યું છે. તેવામાં રાતના ૯ વાગ્યાના અરસામાં તાલુકાના ઢવાણા ગામ પાસે નદીના કોઝવે ઉપર પાણી આવી ગયું હતું. ત્યારે ત્યાંથી ટ્રેક્ટર પસાર થતાં ટ્રેક્ટર પાણીમાં તણાઈ ગયું હતું. આ ટ્રેક્ટરમાં બેઠેલા ૧૭ લોકોમાંથી આઠ લોકો બંને છેડા બાજુ પોતાની રીતે નીકળી ગયા હતા. એક મહિલા તથા પુરુષને ફાયરની ટીમે બચાવેલ છે. જો કે, બે મહિલા અને પાંચ બાળક સહિત આઠ લોકો હજુ પણ લાપતા છે.

### મધ્યપ્રદેશના ઉપરવાસમાં ભારે વરસાદને પગલે સતત પાણીની આવકમાં વધારો

# સરદાર સરોવર ડેમમાંથી ૩.૯૫ લાખ કયુસેક પાણી નર્મદા નદીમાં છોડાતાં ૨૮ ગામોને એલર્ટ

**નર્મદા ડેમની સપાટી ૧૩૫.૩૦ મીટરે પહોંચી : ૨૩ દરવાજા ખોલવામાં આવ્યા**

(સંવાદદાતા દ્વારા)
ગાંધીનગર, તા.૨૬

નર્મદા બંધના ઉપરવાસમાં પડી રહેલા સતત વરસાદ તથા ઓમકારેશ્વર બંધમાંથી છોડવામાં આવી રહેલા પાણીને કારણે સરદાર સરોવર બંધની સપાટીમાં સતત વધારો થવાથી રવિવારે રાત્રે સરદાર સરોવર બંધનાં ૧૫ દરવાજા ૨.૮૫ મીટર ખોલવામાં આવ્યા હતા. જોકે ઉપરવાસમાંથી સતત પાણીની આવક વધતાં સોમવારે બપોર વધુ ૮ ગેટ મળી કુલ - ૨૩ ગેટ ૨.૨ મીટર જેટલા ખોલવામાં આવ્યા છે. બંધના નીચલા વિસ્તારમાં ૩.૯૫ લાખ ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે. જેના કારણે નર્મદા નદી બે કાંઠે વહેતી થઈ છે. નર્મદા ડેમના ઉપરવાસમાં હાલ ૩૬૮૪૭૫ ક્યૂસેક પાણીની આવક થઈ રહી છે. જેથી નદી તળ વિદ્યુત મથક (R.B.P.H)નાં૬ મશીનો અને સરદાર સરોવર બંધનાં ૨૩ દરવાજાના ખોલી નર્મદા નદીમાં કુલ ૩ લાખ ૯૫ હજાર ક્યૂસેક પાણી છોડવામાં આવી રહ્યું છે. હાલ ડેમની સપાટી ૧૩૫.૩૦ છે. ડેમનું સ્ટોરેજ ૪૭૪૦.૬૦ mcm છે. ડેમ તેની મહત્તમ સપાટીથી માત્ર ૩.૩૮ મીટર દૂર છે. કલેક્ટર એસ કે મોદી જિલ્લાના નાગરિકોને અપીલ કરતા જણાવ્યું કે, નર્મદા ડેમના ઉપરવાસમાંથી જેટલો પાણીનો ઈનફ્લો છે તેના પ્રમાણમાં જ આઉટ ફ્લો છે. નર્મદા નદીમાં છોડવામાં આવી રહેલા પાણીની માત્રા હાલમાં ઓછી છે જેથી કોઈએ ગભરાવાની જરૂર નથી. પરંતુ સતત વરસી રહેલા વરસાદથી સૌએ સાવચેતી રાખવી જરૂરી છે. ક્યાંક પાણીનો ભરાવો થાય તો તેનો ઝડપી નિકાલ થાય તેવા પ્રયાસો કરવા અને જરૂર પડ્યે જિલ્લા આપત્તિ વ્યવસ્થાપનના ૨૪ કલાક કાર્યરત કંન્ટ્રોલ રૂમનો સંપર્ક કરવા નાગરિકોને અનુરોધ કર્યો હતો. નર્મદા ડેમમાંથી પાણી છોડવામાં આવતા તકેદારી અને સાવચેતીને ધ્યાને રાખીને અસરગ્રસ્ત થતા ગામોમાં નાંદોદ તાલુકાના સિસોદરા, ભદામ, માંગરોલ, ગુવાર, રામપુરા, રાજપીપળા, ઓરી, નવાપુરા, ધમણાચા, ધાનપોર, ભચરવાડા, હજરપુરા, શહેરાવ, વરાછા, પોઈચા, રૂંઢ ગામો અને ગરૂડેશ્વર તાલુકાના સાંજરોલી, અંકતેશ્વર, સુરજવડ, ગોરા, ગરૂડેશ્વર, ગંભીરપુરા, વાંસલા તેમજ તિલકવાડા તાલુકાના વાસણ, તિલકવાડા, વડીયા, વિરપુર, રેંગણ મળી ત્રણેય તાલુકાના ઉક્ત ૨૮ ગામોના નાગરિકોને નદીના પટમાં નહીં જવા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા અપીલ કરવામાં આવી છે. સરદાર સરોવર બંધના નીચાણવાળા વિસ્તારોમાં કોઈ દુર્ઘટના કે જાનહાનિ ના થાય તે માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા જરૂરી સુરક્ષાના પગલાં લેવામાં આવી રહ્યા છે. જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન મંડળ દ્વારા પૂરની સ્થિતિ ઉપર નજર રાખવામાં આવી રહી છે. જિલ્લાના તમામ તાલુકા મામલતદાર અને તાલુકા વિકાસ અધિકારી તથા ગ્રામ્ય કક્ષાના અધિકારીઓને તાકીદ કરાઈ છે કે, વધુ વરસાદ પડે અને લોકોના જનજીવન પ્રભાવિત થાય તો તેમને સલામત જગ્યાએ ખસેડીને પ્રાથમિક સુવિધા પણ ઉપલબ્ધ કરાવવા અને કોઈ જાનમાલનું નુકશાન ન થાય તેની તકેદારી રાખવી. રસ્તા પર ઝાડ પડી જાય કે રસ્તો ધોવાઈ જાય કે ભયજનક લાગે તો પોલીસ તંત્રને જાણ કરીને આગોતરા પગલાં ભરવા પણ અનુરોધ કરવામાં આવ્યો છે. આમ, વરસાદની પરિસ્થિતિમાં કંઈપણ ઘટના કે બનાવ બને તો ડિઝાસ્ટર શાખાને જાણ કરવા અને કન્ટ્રોલ રૂમ પર સંપર્ક કરવા જણાવાયું છે.

# ગોમતીપુર વોર્ડમાં ડ્રેનેજ અને વરસાદના પાણી ઘરમાં ઘૂસ્યા

અમદાવાદ,તા.૨૬

વરસાદ અને ડ્રેનેજ પમ્પીંગની ટેક્નિકલ ખામીના કારણે ગોમતીપુર અને રખિયાલ સરસપુર વોર્ડની આશરે ૨૫.થી ૩૦ ચાલીઓ જેવી કે સારંગપુર બ્રિજ પાસે ૧.ગંગા રામ કુંભારની ચાલી. ૨.મનુભાઈની ચાલી. ૩.ભૂરે ખાનની ચાલી. ૪.પત્રેવાલી મસ્જિદ પાસેની ચાલીઓ ૫.બારા સાંચાની ચાલી. ૬.ચારતોડા કબ્રસ્તાન.૭.સોની ની ચાલી. ૮.વાજાવાલી ચાલી. ૯. કસાઈની ચાલી. ૧૦.પટેલની ચાલી. ૧૨.લક્ષ્મીનું ડેલું. ૧૩.દરજી કી ચાલી. ૧૪. નિરંજનની ચાલી.૧૫.પન્નાલાલની ચાલી૧૬.બોમ્બે હાઉસિંગ પોલીસ લાઈન અને સરસપુરનો વિસ્તાર વગેરેમાં લોકોના ઘરોની અંદર ડ્રેનેજ અને વરસાદનું પાણી ઘૂસ્યા હતા લોકો ખુબજ તકલીફનો સામનો કરી રહ્યા છે

આ ડ્રેનેજ પમ્પીંગ સ્ટેશનની કેપેસીટી વધારી ૧૨૦૦ MM ડાયા મીટરની કરી ઈપરોક્ત પ્રશ્નનું નિરાકરણ લાવવા ઘણાજ સમયથી કોર્પોરેટર ઈકબાલ શેખ અને ઝુલ્ફી ખાને મ્યુનિસિપલ કમિશ્નર અને મેયરને વારંવાર લેખિત માં રજૂઆતો કરવા છતાં કોઈજ નિરાકરણના આવતા આજે ફરીથી ઉપરોક્ત તમામ વિસ્તારના લોકોને તંત્ર દ્વારા બાનમાં લેવાનું કૃત્ય કરવામાં આવ્યું હતું.

આ તમામ બાબતની ગંભીરતા લઈ ડ્રેનેજ પ્રોજેક્ટ.એસ.ટી.પી. વિભાગ. તેમજ પૂર્વ ઝોનમાં તમામ એડિશનલ સિટી એન્જીનયરો દ્વારા સંયુક્ત રાઉન્ડ લઇ તાત્કાલિક કાર્યવાહી કરવા ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર (એન્જીનીયરિંગ)ને ઉગ્ર રજૂઆત કરવામાં આવી છે.

**નામ બદલેલ છે**

જૂનું નામ- શેખ ગુલામ મુસ્તુફા ગુલામઝાફર
નવું નામ- શેખ ગુલામ મુસ્તુફા ગુલામ જાફર

સરનામું-બી-૨૪,એમાં પાર્ક ૨ સોસાયટી, ધોળકા, અમદાવાદ-૩૮૭૮૧૦


**રોકાણકાર શૈક્ષણિક અને જાગૃતિ પહેલ**

મ્યુચ્યુઅલ ફંડ્સ વિશે વધુ જાણકારી મેળવવા માટે અમારી સાથે જોડાઓ.

**તારીખ અને સ્થળઃ**

ગુરૂવાર, 29 ઓગસ્ટ 2024; સાંજે 6:30 વાગ્યાથી.
હોટેલ માઇલસ્ટોન, HXC4+VH9, મોતીપુરા સર્કલ, જીઆઇડીસી, મોતીપુરા, હિંમતનગર – 383 001, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરોઃ હરમિત મહેતા, મોબાઇલ : 92761 08858.

ગુરૂવાર, 29 ઓગસ્ટ 2024; સાંજે 7:00 વાગ્યાથી.
બેન્કેટોરિયા, 301–303, જુનોમોનેટા ટાવર, પાલ આરટીઓ સામે, અડાજણ, સુરત – 395 009, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરોઃ અભિક રોય, મોબાઇલ : 99099 79712.

ગુરૂવાર, 29 ઓગસ્ટ 2024; સાંજે 7:00 વાગ્યાથી.
હીટ પ્લેટર, 101, મંગલદીપ કોમ્પ્લેક્સ, પ્રથમ માળ, હીરાબાગ, સુરત – 395 006, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરોઃ અમિત મંડલયવાલા, મોબાઇલ : 99249 59993.

શુક્રવાર, 30 ઓગસ્ટ 2024; સાંજે 6:30 વાગ્યાથી.
ગ્રીન ચિલી રેસ્ટોરન્ટ, અક્ષર મોલ, આનંદ ક્રોસ રોડ પાસે, બોરસદ, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરોઃ નિરલ જોષી, મોબાઇલ : 70166 95863 .

શુક્રવાર, 30 ઓગસ્ટ 2024; સાંજે 7:00 વાગ્યાથી.
હોટેલ રિયો કાર્નિવલ, આરજેડી ફાર્મ, સરથાણા પોલીસ ચોકી પાસે, સરથાણા જકાતનાકા, સુરત – 395 006, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરોઃ અમિત મંડલયવાલા, મોબાઇલ : 99249 59993.

શનિવાર, 31 ઓગસ્ટ 2024; સવારે 11:00 વાગ્યાથી.
હોટેલ અલ ડોરાડો, નેતાજી રોડ, મીઠાખળી, નવરંગપુરા, અમદાવાદ – 380 006, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરોઃ અભિષેક સાહુ, મોબાઇલ : 89876 66101.

શનિવાર, 31 ઓગસ્ટ 2024; સાંજે 6:00 વાગ્યાથી.
હોટેલ ગ્રાન્ડ તુલસી, મહેસાણા–ઊંઝા હાઇવે, એટ એન્ડ પોસ્ટ પાલોદર, મહેસાણા – 384 002, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરોઃ રોનિત રાવલ, મોબાઇલ : 90168 55774.

શનિવાર, 31 ઓગસ્ટ 2024; સાંજે 6:00 વાગ્યાથી.
પેરેડાઇઝ રેસ્ટોરન્ટ એન્ડ બેન્કવેટ, રાંધેજા ચોકડી, ગાંધીનગર–382610, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરોઃ ધૈર્ય મણિયાર, મોબાઇલ : 70166 77500.

શનિવાર, 31 ઓગસ્ટ 2024; સાંજે 6:30 વાગ્યાથી.
હોટેલ રીજેન્ટા, સેન્ટ્રલ હરિમંગલા, એબીસી સર્કલ, ભરૂચ, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરોઃ દીપક ચૌહાણ, મોબાઇલ : 94089 75787.

શનિવાર, 31 ઓગસ્ટ 2024; સાંજે 7:00 વાગ્યાથી.
દિલ સે રે બેન્કવેટ હોલ, સ્ટાર બજારની ઉપર, ડેસ્ટિની મોલ, અડાજણ, સુરત – 395 009, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરોઃ અમિત મંડલયવાલા, મોબાઇલ : 99249 59993.

શનિવાર, 31 ઓગસ્ટ 2024; સાંજે 7:00 વાગ્યાથી.
લક્ષ્મીનારાયણ કલબ એન્ડ રિસોર્ટ, સન ફાર્મા રોડ, પ્રમુખ સ્વામી નગર, અટલાદરા, વડોદરા – 390 012, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરોઃ અમિત મંડલયવાલા, મોબાઇલ : 99249 59993.

નોંધણી ફરજિયાત છે. નોંધણીનો સમય સવારે 9:30 થી સાંજે 5:00 સુધીનો જ રહેશે. વોક–ઇન્સને મંજૂરી નથી.

Azadi Ka Amrit Mahotsav HDFC MUTUAL FUND BHAROSA APNO KA

An Investor Education and Awareness Initiative

મ્યુચ્યુઅલ ફંડ્સમાં રોકાણ કરવા વન-ટાઇમ નો યોર કસ્ટમર (કેવાયસી) પૂર્ણ કરવાની પ્રક્રિયા વિશે વધુ જાણવા માટે વિઝિટ કરો https://www.hdfcfund.com/information/key-know-how. રોકાણકારોએ નોંધણીકૃત મ્યુચ્યુઅલ ફંડ્સ સાથે જ લેવડદેવડ કરવી જોઈએ, જેની વિગતો સેબીની વેબસાઇટ (www.sebi.gov.in/intermediaries.html) પર વેરિફાઇ કરી શકાશે. કોઈ પણ પૂછપરછ, ફરિયાદ અને તકરાર નિવારણ માટે રોકાણકારો એએમસી અને/ અથવા રોકાણકાર સંબંધ અધિકારીનો સંપર્ક કરી શકે છે. ઉપરાંત રોકાણકારોને એએમસીને પ્રત્યક્ષ ફરિયાદ પણ કરી શકે છે. જો એએમસી દ્વારા આપવામાં આવેલા ઉકેલથી સંતોષ નહીં હોય તો https://scores.gov.in પર સ્કોર્સ પોર્ટલ થકી ફરિયાદ નોંધાવી શકે છે. સ્કોર્સ પોર્ટલ પર રોકાણકારો સેબીને ઓનલાઇન ફરિયાદ કરી શકે છે અને ત્યારબાદ તેની સ્થિતિ જોઈ શકે છે. જો રોકાણકારોને એએમસી પાસે પ્રત્યક્ષ ઉપસ્થિત કરેલી અથવા સ્કોર્સ પોર્ટલ થકી કરેલી ફરિયાદના ઉકેલથી સંતોષ નહીં થાય તો તેઓ https://smartodr.in/login સ્માર્ટ ઓડીઆર પર કોઈ પણ ફરિયાદ કરી શકે છે.

**મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણો બજારનાં જોખમોને અધીન હોય છે, સર્વ યોજના સંબંધી દસ્તાવેજો કાળજીપૂર્વક વાંચો.**


# સીરત કમિટી દ્વારા કોમ્પ્યુટર કલાસમાં ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓને સર્ટિફિકેટ અપાયા



અમદાવાદ,તા.૨૬

આજે સીરત કમિટી અમદાવાદ તરફથી શફીભાઈ મનિયાર (પ્રેસિડેન્ટ મનિયાર ગ્રુપ ઓફ કું.) તથા ઈકબાલભાઈ મનિયાર (મેનેજિંગ ડાયરેકટર મનિયાર- ગ્રુપ ઓફ કું.)ના હસ્તે સીરત કોમ્પ્યુટર કલાસમાં ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થી અને વિદ્યાર્થિનીઓને સર્ટિફિકેટ આપવામાં આવ્યા હતા. મહેમાનોએ ઉતીર્ણ થયેલા વિદ્યાર્થી વિદ્યાર્થિનીઓને અભિનંદન આપી ભવિષ્યમાં તેના સદઉપયોગ વડે જીવનમાં આગળ વધવા માર્ગદર્શન આપ્યું હતું. આ પ્રસંગે સીરત કમિટીના પ્રેસિડેન્ટ મુશ્તાક અહેમદખાન મુન્શી તેમજ વાઈસ પ્રેસિડેન્ટ અશરફઅલીખાન પઠાણ અને સીરત કમિટીના સહુ સભ્યોએ હાજર રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.હાલમાં સીરત કોમ્પ્યુટર કલાસમાં એમ.એસ. ઓફિસ, બેઝીક અને ટેલીના કોર્સ ચલાવવામાં આવે છે. તથા ટૂંક સમયમાં ગ્રાફીક ડિઝાઈન અને વેબ ડીઝાઈનના કોર્સ પણ શરૂ કરવામાં આવનાર છે. એમ સીરત કમિટીના પ્રમુખ મુશ્તાક અહેમદખાન મુન્શીએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

# ગુજરાત સ્ટેટ કૂડો ટુર્નામેન્ટમાં મો.અર્શલાને બે ગોલ્ડ મેડલ જીત્યા




અમદાવાદ શહેરના શાહપુર વિસ્તારમાં રહેતા મોહમ્મદ અર્શલાન મોહમ્મદ નાસીર શેખએ સુરતમાં યોજાયેલ ગુજરાત સ્ટેટ કુડો ટુર્નામેન્ટમાં ૨૧ કેજી કેટેગરીમાં ભાગ લઈ બે ગોલ્ડમેડલ જીત્યા હતા. તેમાં એક ગોલ્ડમેડલ સ્ટેટ ટુર્નામેન્ટ અને એક ગોલ્ડમેડલ ઓપન ટુર્નામેન્ટમાં જીત્યા હતા. જાણવામાં આવી રહ્યું છે કે મોહમ્મદ અર્શલાન ખૂબ ટૂંક સમયમાં આ ટુર્નામેન્ટ માટે તૈયાર થયેલ અને સ્કૂલના ટીચર વડે તેમના માતા-પિતાને જણાવવામાં આવ્યું હતું કે "તમારા બાળકને મને સોંપી દો હું એને સ્ટેટ ટુર્નામેન્ટ માટે તૈયાર કરીશ અને તમારો બાળક ગોલ્ડમેડલ જીતીને જ આવશે " આ ટુર્નામેન્ટમાં ભાગ લીધા પછી તેમના ટીચરે તેમના ઉપર ખૂબ સારી રીતે ધ્યાન આપ્યું અને અંતે તેમના શબ્દો મોહમ્મદ અર્શલાનએ સાચા કરી બતાવ્યા છે.

**જાહેર નોટિસ**

આથી અમો ફૈઝાન એમ. રાજપુત (એડવોકેટ) તે અમારા અસીલ શેખ કાસમભાઈ ચાંદભાઈ રહે-એચ ૭, ન્યુ ફૈસલનગર ગલી નંબર ૩, દાણીલીમડા, અમદાવાદનાની સુચના અને ફરમાઈશથી જાહેર નોટિસ આપી જણાવીએ છે કે, શેખ ઈસ્માઈલ ચાંદભાઈ એ અમારા અસીલના ભાઈ થાય છે તેમજ શેખ તબસુમ તે ઈસ્માઈલ શેખની પત્ની તેમજ અમારા અસીલની ભાભી થાય છે અને તે બન્ને અમારા અસીલના કહયામાં નથી અને તે બન્ને પોતાની રીતે જીવન જીવે છે. તેમજ અમારા અસીલનો ભાઈ શેખ ઈસ્માઈલ ચાંદભાઈ ઘરેથી વારંવાર ભાગી જાય છે જેથી અમારા અસીલે તે બન્નેની સાથે કોઈ સબંધ રાખવો નથી તેમજ અમારા અસીલના નામે તે બન્ને વ્યક્તિઓ સાથે કોઈ પણ વ્યક્તિએ કોઈ પણ જાતનો વ્યવહાર કરવો નહી અને જો ભુતકાળમાં એમની સાથે વ્યવહાર કર્યો હોય કે ભવિષ્યમાં કોઈ વ્યવહાર કરવાના હોય તો તેમા અમારા અસીલ કે અમારા અસીલના વંશ, વાલી, વારસદારોની કોઈ પણ જવાબદારી રહેશે નહી અને જો છતા કોઈ વ્યવહાર કરવામાં આવશે તો તેની સંપૂર્ણ જવાબદારી વ્યવહાર કરનારના જ સીરે રહેશે. જેની જાહેર જનતાને આ નોટિસથી નોંધ લેવી.

અમદાવાદ
તા.૨૫/૦૮/૨૦૨૪

અમારી સુચના અને ફરમાઈશથી
કાસમભાઈ ચાંદભાઈ શેખ

**મારી મારફતે**
ફૈઝાન એમ. રાજપુત (એડવોકેટ)
ઠે.૨૫, મ્યુનિ.મીની સ્ટોલ, ઝુલ્તામિનારા પાસે, ગોમતીપુર, અમદાવાદ.
મો.૯૯૭૪૫૪૭૪૧૬

# સોનિયા ગાંધી અને જયા બચ્ચનની 'નવી મિત્રતા' વ્યક્તિગત કરતાં રાજકીય રીતે વધુ મહત્ત્વપૂર્ણ છે

## કોંગ્રેસનું રાજકીય નસીબ ઉત્તરપ્રદેશમાં સમાજવાદી પાર્ટી સાથે જોડાયેલું છે, આ નવીકૃત મિત્રતા કદાચ આ રાજકીય વાસ્તવિકતાઓની સ્વીકૃતિ છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૬

સંસદની નવી ઈમારતમાં જયા અને સોનિયા એકજૂટ દેખાયા હતા, તે એક સમયે એકબીજા સાથે અસ્વસ્થ હતા. તે રાજકીય હતું કે અંગત હતું ? અથવા બંનેનું સંયોજન હતું ? ગાંધી પરિવારની જેમ બચ્ચને પણ કાળજીપૂર્વક તેમનો રાજકીય વારસો બનાવ્યો છે. તત્કાલીન વડાંપ્રધાન ઈન્દિરા ગાંધી સાથેની નિકટતાને કારણે બચ્ચન પિતા હરવંશરાય બચ્ચને ૧૯૬૬માં રાજ્યસભાનો કાર્યકાળ મેળવ્યો હતો.



રાજીવ ગાંધી અને અમિતાભ બચ્ચન વચ્ચે પણ દોસ્તી હતી જ્યારે રાજીવ વડાપ્રધાન હતા અને અમિતાભ અલ્હાબાદથી સંસદના સભ્ય હતા. જયા બચ્ચન પાંચ વર્ષ પછી જુલાઈ ૨૦૦૪માં સંસદમાં સોનિયા ગાંધી સાથે હતી. તેમણે ઉપલા ગૃહમાં પાંચ વખત પુનઃ નોમિનેશન મેળવ્યું હતું. એપ્રિલ ૨૦૨૪માં સોનિયા ગાંધી તેમની સાથે રાજ્યસભામાં જોડાયા. બંને ૨૦30 સુધી રાજ્યસભામાં રહે તેવી શક્યતા છે.

હરિવંશરાય અથવા અમિતાભથી વિપરીત, જયાની રાજકીય સફર સમાજવાદી પાર્ટી સાથે રહી છે અને તે ઘણી વખત કોંગ્રેસ સાથે વિવાદમાં રહી છે. ઓકટોબર ૨૦૦૪માં બરાકબંકી જિલ્લાના સિદ્ધૌરમાં જયાએ સોનિયાની આગેવાની હેઠળની કોંગ્રેસ પર હુમલો કર્યો હતો.

ગાંધી અને બચ્ચન પરિવારના અમુક સમયે પ્રિય અને ઘણી વાર ખરાબ સંબંધ થયા છે. તેમની મિત્રતાની વાર્તા નહેરૂ-ગાંધી પરિવારના આનંદભવનના દિવસોની છે. આ તે સમય હતો જ્યારે ઈન્દિરા હજુ અપરિણીત હતા અને સરોજિની નાયડુએ કવિ હરિવંશરાય બચ્ચન અને તેમની શીખ પત્ની તેજીને જવાહરલાલ નહેરૂ અને તેમની પુત્રીને 'કવિ અને કવિતા' તરીકે રજૂ કર્યા હતા. અમિતાભ માંડ ચાર વર્ષના હતા ત્યારે તેમનો પરિચય રાજીવ સાથે થયો હતો. જ્યારે નહેરૂ ભારતના પ્રથમ વડાપ્રધાન તરીકે નવી દિલ્હીના તીન મૂર્તિભવનમાં ગયા, ત્યારે રાજીવ અને તેમના ભાઈ સંજયને ઘણીવાર બચ્ચન ભાઈ અમિતાભ અને અજિતાભ સાથે ઈન્દિરાના સાથી મોહમ્મદ યુનુસના પુત્ર આદિલ શહરયાર અને કબીરબેદી સાથે રમતા જોવા મળતા હતા. રાજીવ અને સંજય જ્યારે દૂન સ્કૂલમાં ભણતા હતા, ત્યારે અમિતાભ અને અજિતાભ નૈનીતાલના શેરવુડમાં હતા. નવી દિલ્હીમાં રજાઓ દરમિયાન આ છોકરાઓ દરરોજ રાષ્ટ્રપતિ ભવનના પૂલ પર મળતા હતા.

ઈન્દિરાના નજીકના સાથી યશપાલ કપૂર અમિતાભને પસંદ કરતા હતા. રાજ્યોમાં વિપક્ષની સરકારોને પછાડવા માટે વધુ પ્રખ્યાત કપૂરે અમિતાભને દિલ્હીની પ્રતિષ્ઠિત સેન્ટ સ્ટીફન્સ કોલેજમાં ભણાવવાનો પ્રયાસ કર્યો હોવાનું કહેવાય છે. કેટલાક કારણોસર, અમિતાભ જોડાયા નહોતા, તેમણે કિરોરીમલ કોલેજમાં જવાનું પસંદ કર્યું હતું પરંતુ તેમના નાના ભાઈ અજિતાભે સ્ટીફન્સમાં અર્થશાસ્ત્રનો અભ્યાસ કર્યો હતો.

બોલિવૂડમાં અમિતાભનો પહેલો બ્રેક કે.એ. અબ્બાસની સાત હિન્દુસ્તાનીમાં હતો. અબ્બાસને તત્કાલીન વડાંપ્રધાન ઈન્દિરાની નજીક ગણવામાં આવતા હતા અને એવી વાતો વહેતી થઈ હતી કે, તેમણે સંઘર્ષ કરી રહેલા અભિનેતા માટે આ ફિલ્મ કરી હતી. પરંતુ અબ્બાસે ઈન્દિરાના ઈશારે કામ કર્યું હોવાનો સ્પષ્ટ ઈન્કાર કર્યો હતો.

હરિવંશરાય રાજ્યસભાના સભ્ય બન્યા અને તેજી બચ્ચનને ૧૯૭૩માં ફિલ્મ ફાઈનાન્સ કોર્પોરેશનના ડિરેક્ટર બનાવવામાં આવ્યા હતા. આ તે સમય હતો જ્યારે અમિતાભે જયા સાથે લગ્ન કર્યા હતા. જ્યારે અમિતાભ એક સફળ અભિનેતા બન્યા હતા, ત્યારે રાજીવ ઘણીવાર સેટ પર તેમની મુલાકાત લેતા હતા. એ પછી ઈમરજન્સી આવી. સંજયની કંપનીમાં અવારનવાર જોવા મળતા અમિતાભને ટેકો આપવા બદલ મીડિયાના ગુસ્સાનો સામનો કરવો પડ્યો હતો. જ્યારે રાજીવે સોનિયા સાથે લગ્ન કરવાનું નક્કી કર્યું ત્યારે તે લગ્ન પહેલાં બચ્ચન સાથે રહી હતી. બચ્ચનના ઘરે સોનિયાની મહેંદી સેરેમની જેવી અનેક લગ્નની વિધિઓ યોજાઈ હતી. સોનિયાએ હંમેશા તેજી પ્રત્યેનો તેમનો પ્રેમ જાળવી રાખ્યો હતો, જેમણે તેણીની ગોડમધર તરીકે કામ કર્યું હતું અને ૧૯૬૮માં રાજીવ ગાંધીની મંગેતર તરીકે દિલ્હી આવી ત્યારે તેને ભારતીય રીત-રિવાજોમાં શીખવ્યા હતા. જ્યારે ગાંધીઓ સત્તાની બહાર હતા ત્યારે બચ્ચને પોતાને નહેરૂ-ગાંધી પરિવારથી દૂર કર્યા હોવાનું કહેવાય છે. સંજય પરિવારનો પક્ષ દાવો કરે છે કે, જ્યારે ઈન્દિરા સત્તામાંથી બહાર હતી, ત્યારે બચ્ચનને જાહેર રેલીમાં આમંત્રિત કરવાનો પ્રસ્તાવ આપ્યો હતો, પરંતુ તેજીએ તેના પુત્રની કારકિર્દીને ટાંકીને કથિત રીતે આ ઓફર નકારી કાઢી હતી. સંજય કથિત રીતે ઉશ્કેરાયો હતો અને બંને પરિવારો વચ્ચેના સંબંધો તે સમય માટે તૂટ્યા હતા.

જ્યારે અભિનેત્રી નરગીસને રાજ્યસભાનું નામાંકન આપવામાં આવ્યું ત્યારે ગાંધી અને બચ્ચન વચ્ચે મતભેદો હતા. ઈન્દિરા જેમની તેજી બચ્ચન સાથે નિકટતા હતી, તેણે ૧૯૮૦માં નરગીસને રાજ્યસભાના સભ્ય તરીકે પસંદ કર્યા. આ પગલાથી તેજી કથિત રીતે નારાજ થઈ હતી.

૧૯૮૪ પછીના યુગમાં જ્યારે રાજીવે વડાપ્રધાન તરીકેનો કાર્યભાર સંભાળ્યો અને અમિતાભ કોંગ્રેસના પ્રભાવશાળી સાંસદ હતા. બોફોર્સના હંગામાને પગલે અમિતાભે ભ્રમિત થઈને અચાનક રાજકારણ છોડી દીધું. સુપરમેન પર વચેટિયા હોવાનો આરોપ હતો. અમિતાભ તેમના સન્માન માટે લડ્યા અને લાંબી કાનૂની લડાઈ જીતી, પરંતુ તેઓ રાજકારણ સાથેના તેમના સંબંધો તોડી શક્યા નહીં. તેમના પરિવારના સંબંધો ક્યારેય સંપૂર્ણ રીતે પુનઃ પ્રાપ્ત થઈ શક્યા નહીં. ત્યારબાદ ૨૧ મે, ૧૯૯૧ના રોજ શ્રીપેરૂમ્બુદુરમાં રાજીવની હત્યા કરવામાં આવી હતી.

હવે ૨૦૨૪માં રાજકીય વાસ્તવિકતાઓ બદલતી જણાય છે. સોનિયા અને જયા વચ્ચેની અચાનક ઉષ્મા અંગત કરતાં રાજકીય વધુ જણાય છે. ગાંધી ઈન્ડિયા ગઠબંધનમાં છે. તેમના મિત્ર મમતા બેનરજી અને અખિલેશ યાદવ સાથે ગઠબંધન અને સૌથી મહત્ત્વની વાત એ છે કે, કોંગ્રેસ પાર્ટીએ સારૂં પ્રદર્શન કર્યું છે. કોંગ્રેસનું રાજકીય નસીબ ઉત્તરપ્રદેશમાં સમાજવાદી પાર્ટી સાથે જોડાયેલું છે અને આ નવીકૃત મિત્રતા કદાચ આ તદ્દન રાજકીય વાસ્તવિકતાની સ્વીકૃતિ છે.

# આર.જી. કર હત્યા કેસમાં પોસ્ટમોર્ટમ રિપોર્ટ વિશે વાયરલ થયેલા ભ્રામક દાવાઓ

(એજન્સી) તા.૨૬

કોલકાતાની આર.જી. કર મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં મહિલા યુવાન ડોક્ટર પર કથિત જાતીય હુમલો અને હત્યા બાદ સોશિયલ મીડિયા પર ડોક્ટરને થયેલી ઈજાઓ વિશે ખોટી માહિતી પ્રસારિત કરવામાં આવી રહી છે. પીડિતાના શરીરમાંથી લગભગ ૧૫૦ ગ્રામ વીર્ય મળી આવ્યું હોવાનો એક દાવો સોશિયલ મીડિયા અને વ્હોટ્સએપ જેવી મેસેજિંગ એપ્સ પર વાયરલ થયો હતો.




**દાવો ૧ : ૧૫૦-ગ્રામ વીર્ય**

મોજો સ્ટોરીની બરખા દત્ત સાથેની વાતચીતમાં સુબર્ણા ગોસ્વામી નામના ડોક્ટરે દાવો કર્યો હતો કે, યોનિમાર્ગમાંથી ૧૫૧ ગ્રામ વીર્ય મળી આવ્યું હતું. પીડિતાના માતા-પિતા દ્વારા કથિત રીતે તેમને બતાવવામાં આવેલા પોસ્ટમોર્ટમ રિપોર્ટ પર ડોક્ટરે ટિપ્પણી કરી હતી કે, તેઓએ જાડું સફેદ પ્રવાહી એકત્ર કર્યું જેનું વજન ૧૫૧ ગ્રામ હતું. ભલે તે શરીરના અન્ય પ્રવાહી જેમ કે યોનિમાર્ગમાંથી નીકળતા સ્રાવ અથવા લાળ અથવા અન્ય કોઈ પેશીઓ સાથે મિશ્રિત હોય, પરંતુ વીર્યનો આટલો જથ્થો માત્ર વીર્ય હોવાનું જણાય છે, તે ફોરેન્સિક લેબમાં સાબિત થશે. ગોસ્વામીએ ઈન્ડિયા ટુડે પર પણ આ દાવો કર્યો હતો. બિઝનેસ સ્ટાન્ડર્ડ, ટાઈમ્સ ઓફ ઈન્ડિયા અને ફર્સ્ટપોસ્ટ જેવા અન્ય મીડિયા આઉટલેટ્સે પણ આ દાવો કર્યો હતો. એ જ રીતે સોશિયલ મીડિયા યુઝર્સે પણ આ દાવો વિવિધ પ્લેટફોર્મ પર પોસ્ટ કર્યો હતો.

ક્વિન્ટે આર.જી. કર મેડિકલ કોલેજ અને હોસ્પિટલના ડોક્ટરો દ્વારા સહી કરાયેલ પોસ્ટમોર્ટમ રિપોર્ટને એક્સેસ કર્યો હતો. તેમાં લખ્યું છે કે, બાહ્ય અને આંતરિક જનનેન્દ્રિય એન્ડોસેર્વિકલ કેનાલની અંદર સફેદ જાડા સ્નિગ્ધ પ્રવાહી મળી આવ્યું છે જે ૧૫૧ ગ્રામ જેટલું છે. ક્વિન્ટે એક ફોરેન્સિક નિષ્ણાત સાથે વાત કરી, જેમણે નામ ન આપવાની શરતે કહ્યું કે, તેમના અનુસાર રિપોર્ટમાં '૧૫૧ ગ્રામ'નો ઉલ્લેખ ગર્ભાશયનું વજન હતું અને તે વીર્ય નથી. રિપોર્ટમાં વીર્યનો કોઈ ઉલ્લેખ નથી. તેઓએ એમ પણ કહ્યું કે, શરીરના અન્ય અંગો જેમ કે હૃદય, લીવર, બરોળ, કિડની અને ફેફસાંના વજનનો ઉલ્લેખ રિપોર્ટમાં કરવામાં આવ્યો હતો. છેલ્લે તેઓએ ઉલ્લેખ કર્યો કે સેમિનલ પ્રવાહીને 'મિલીલીટર'માં માપવામાં આવે છે.

સુપ્રીમ કોર્ટે પણ આ દાવાને ફગાવી દીધો અને ભારતના મુખ્ય ન્યાયાધીશ ડી.વાય. ચંદ્રચૂડે પણ દાવાને ફગાવી દીધો હતો. એક વકીલે ઉલ્લેખ કર્યો કે, પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં ૧૫૧ મિલિગ્રામ વીર્યની વાત કરવામાં આવી છે. આના પર CJIએ જવાબ આપ્યો કે, કોર્ટમાં દલીલો કરવા માટે સોશિયલ મીડિયાનો ઉપયોગ કરશો નહીં. અમારી પાસે ખાસ કરીને હવે પોસ્ટમોર્ટમ રિપોર્ટ અમારી સમક્ષ છે. અમને ખબર છે કે, તે ૧૫૧નો સંદર્ભ શું છે. અમે મીડિયા પર જે વાંચીએ છીએ અને તેના આધારે કાનૂની દલીલો ન કરવી જોઈએ.

કોલકાતા પોલીસે ૧૫૧ ગ્રામના દાવાને ફગાવી દીધો હતો : કોલકાતા પોલીસ કમિશનર વિનીતકુમાર ગોયલે ૧૬ ઓગસ્ટના રોજ સમાચાર એજન્સી એશિયન ન્યુઝ ઈન્ટરનેશનલ (ANI) સાથે વાત કરી અને કહ્યું કે, હવે એવી અફવા ફેલાવવામાં આવી રહી છે પણ તે ખોટું છે કે, તેના શરીરમાં ૧૫૦ ગ્રામ વીર્ય મળી આવ્યું હતું.

૧૫૦ ગ્રામ વીર્યના આ દાવાએ હુમલાખોરોની સંખ્યા વિશે પણ ખોટી માહિતી ઊભી કરી હતી. આ રિપોર્ટ પછી નિષ્ણાતે ટિપ્પણી કરી કે એક અથવા એકથી વધુ વ્યક્તિઓએ ગુનો કર્યો છે કે કેમ તે નક્કી કરવું મુશ્કેલ હતું. જો કે, તેઓએ કહ્યું કે, એક વ્યક્તિ હુમલો કરી શકે છે કારણ કે, તે માનસિકતા પર આધાર રાખે છે.

**દાવો ૨ : ઈજાઓનું પ્રમાણ - પેલ્વિક, હાયઓઈડ હાડકું તૂટી ગયું હતું**

સોશિયલ મીડિયા યુઝર્સે એવો પણ દાવો કર્યો હતો કે, પીડિતાના પેલ્વિક કમર અને હાયઓઈડ હાડકા અને થાઈરોઈડ કોમલાસ્થિ વચ્ચે ગરદનની અગ્રવર્તી મધ્યરેખામાં હાડકાં તૂટી ગયા હતા. જો કે, પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં પણ આનો ઉલ્લેખ જોવા મળતો નથી.

આ રિપોર્ટમાં 'ફ્રેક્ચર' માટેનું ટેબલ પણ હતું, જેમાં 'કઈ મળ્યું નથી' એવું લખ્યું છે. ફોરેન્સિક નિષ્ણાતે અમને જણાવ્યું કે, પેલ્વિક અથવા હાયઓઈડ તૂટી ગયા હોવાનો કોઈ ઉલ્લેખ નથી. તેઓએ ઉલ્લેખ કર્યો કે, પીડિતાને તેના ચહેરા અને ગરદન પર મોટાભાગની ઈજાઓ થઈ હતી. ખોપરીમાં રક્તસ્ત્રાવ જોવા મળ્યો હતો. તેઓએ અમને જણાવ્યું કે, પીડિતાનું મોત ધુમ્મસ અને ગૂંગળામણને કારણે થયું હતું, હુમલાની પ્રકૃતિ અસ્પષ્ટ હતી અને તેના ગાલ અને ગરદન પર અને પીડિતાના હોઠ પર બહુવિધ ઘર્ષણ અને ઉઝરડા પણ હતા. આ રિપોર્ટ આંતરિક જનનેન્દ્રિયોમાં બળપૂર્વક પ્રવેશ અને ઉઝરડાના સંકેત આપે છે.

# મહારાષ્ટ્ર સરકારે રાજ્યના કર્મચારીઓ માટે યુનિફાઈડ પેન્શન સ્કીમને મંજૂરી આપી

(એજન્સી) તા.૨૬

મહારાષ્ટ્ર સરકારે રાજ્યમાં યુનિફાઈડ પેન્શન સ્કીમ (UPS) લાગુ કરવાની જાહેરાત કરી છે. બે દિવસ પહેલા એટલે કે ૨૪ ઓગસ્ટે કેન્દ્ર સરકારે નવી પેન્શન સ્કીમ (NPS)માં સુધારો કરીને UPS લાવી હતી. યુપીએસ ૧ એપ્રિલ, ૨૦૨૫થી લાગુ કરવામાં આવશે. કેન્દ્ર સરકારે કહ્યું હતું કે, જો રાજ્ય સરકારો ઈચ્છે તો તેઓ પણ તેને અપનાવી શકે છે. જે બાદ મહારાષ્ટ્રની શિંદે સરકારે રવિવારે (૨૫ ઓગસ્ટ) તેને મંજૂરી આપી હતી. મહારાષ્ટ્ર પોતાના રાજ્યમાં આ કેન્દ્રીય યોજના લાગુ કરનાર પ્રથમ રાજ્ય બન્યું છે. મહારાષ્ટ્ર કેબિનેટના નિર્ણય મુજબ, UPS આ વર્ષે માર્ચથી લાગુ થશે અને તમામ રાજ્ય સરકારી કર્મચારીઓને તેનો લાભ મળશે. મહારાષ્ટ્ર વિધાનસભાનો કાર્યકાળ નવેમ્બરમાં પૂરો થાય છે અને ઓક્ટોબર-નવેમ્બરમાં ચૂંટણી યોજાય તેવી શક્યતા છે. આ યોજના નવી પેન્શન યોજના અને જૂની પેન્શન યોજના (OPS)થી કેવી રીતે અલગ છે તે પ્રશ્ન પર કેન્દ્રીય સચિવાલયમાં OSD ટીવી સોમનાથને જવાબ આપ્યો કે, UPSએ સંપૂર્ણપણે ફાળો આપતી ભંડોળ યોજના છે. (એટલે કે, આમાં પણ કર્મચારીઓએ NPS જેવા મૂળભૂત પગાર + DAના ૧૦% યોગદાન આપવું પડશે.) જ્યારે જૂની પેન્શન યોજના એક અનફન્ડેડ યોગદાન યોજના હતી. (આમાં, કર્મચારીઓએ કોઈપણ પ્રકારનું યોગદાન આપવું પડ્યું ન હતું.) પરંતુ NPSની જેમ, અમે તેને બજારની દયા પર છોડવાને બદલે નિશ્ચિત પેન્શનની ખાતરી આપી છે. UPS OPS અને NPS બંનેના ફાયદાઓને




જોડે છે. NPSમાં, કર્મચારીએ તેના મૂળભૂત પગાર + DAના ૧૦% યોગદાન આપવું પડશે અને સરકાર ૧૪% આપે છે. સરકાર હવે આ યોગદાન વધારીને ૧૮.૫% કરશે. કર્મચારીના ૧૦% હિસ્સામાં કોઈ ફેરફાર થશે નહીં. સોમનાથને કહ્યું કે, NPS હેઠળ જે કર્મચારીઓ ૨૦૦૪થી નિવૃત્ત થયા છે અને જેઓ હવેથી માર્ચ ૨૦૨૫ સુધી નિવૃત્ત થશે તેમને પણ તેનો લાભ મળશે. તેઓ ફંડમાંથી પહેલાથી જ મેળવેલા અથવા ઉપાડેલા નાણાંને સમાયોજિત કર્યા પછી ચુકવણી કરવામાં આવશે. જો સરકારનું યોગદાન ૧૪%થી વધારીને ૧૮.૫% કરવામાં આવે તો પ્રથમ વર્ષમાં ૬૨૫૦ કરોડ રૂપિયાનો વધારાનો ખર્ચ થશે. આ ખર્ચ દર વર્ષે વધતો રહેશે. હાલમાં, મહારાષ્ટ્રમાં ભાજપ-શિવસેના (શિંદે જૂથ)ની સરકાર છે. તેનો કાર્યકાળ ૨૬ નવેમ્બર ૨૦૨૪ના રોજ સમાપ્ત થાય છે. અહીં ઓક્ટોબર અથવા નવેમ્બર ૨૦૨૪માં ચૂંટણી યોજાઈ શકે છે. વિપક્ષ મહાવિકાસ આઘાડી આ ચૂંટણીમાં શાસક પક્ષને હટાવવાનો પૂરો પ્રયાસ કરશે.

# રશિયાની ઈમારત પર યુક્રેનનો ડ્રોન હુમલો, અમેરિકા પરના ૯/૧૧ના આતંકી હુમલાના યાદ તાજી થઈ

(એજન્સી) મોસ્કો, તા.૨૬

અમેરિકાના વર્લ્ડ ટ્રેન્ડ સેન્ટર જેવો હુમલો રશિયાના સારાટોવમાં થયો છે. સોમવારે સવારે એક ડ્રોન ૩૮ માળની રહેણાંક ઈમારત 'વોલ્ગા સ્કાય' સાથે અથડાયું હતું. અત્યાર સુધીમાં ચાર લોકો ઘાયલ થયાના અહેવાલ છે.



રોયટર્સ અનુસાર, સોમવારે રશિયા પર ૨૦ ડ્રોન છોડવામાં આવ્યા હતા. તેમાંથી સૌથી વધુ ૯ સારાટોવમાં છોડાયા હતા. મોસ્કોના ગવર્નરે દાવો કર્યો હતો કે, યુક્રેને આ ડ્રોન હુમલા કર્યા છે. યુક્રેને હજુ સુધી આ અંગે કોઈ ટિપ્પણી કરી નથી. મળતી માહિતી મુજબ ડ્રોનને યુક્રેનથી છોડવામાં આવ્યું હતું.

હુમલામાં ઈમારતના મોટા ભાગને નુકસાન થયું છે. હુમલાને કારણે બિલ્ડિંગની નીચે પાર્ક કરાયેલા ૨૦થી વધુ વાહનોને નુકસાન થયું છે. હુમલામાં એક મહિલા ગંભીર રીતે ઘાયલ થઈ છે, જેને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી છે. સારાટોવ યુક્રેન સરહદથી ૯૦૦ કિ.મી. દૂર છે. આ હુમલા બાદ તમામ પ્રકારની હવાઈ ગતિવિધિઓ પર પ્રતિબંધ લગાવી દેવામાં આવ્યો છે.

સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહેલા વીડિયોમાં જોવા મળી રહ્યું છે કે, એક ડ્રોન 'વોલ્ગા સ્કાય' બિલ્ડિંગ તરફ ઝડપથી આગળ વધી રહ્યું છે અને તેને ટક્કર મારી રહ્યું છે. ૧૧ સપ્ટેમ્બર, ૨૦૦૧ના રોજ આતંકવાદીઓએ આ રીતે અમેરિકાના વર્લ્ડ ટ્રેડ સેન્ટરમાં વિમાનો તોડી નાખ્યા હતા.

આતંકવાદીઓએ ૪ પ્લેન હાઈજેક કર્યા હતા. તેમાંથી ૩ પ્લેન એક પછી એક અમેરિકાની ૩ મહત્ત્વની ઈમારતો પર તૂટી પડ્યા હતા. પ્રથમ ક્રેશ રાત્રે ૮:૪૫ વાગ્યે થયો હતો. બોઈંગ ૭૬૭ ખૂબ જ ઝડપે વર્લ્ડ ટ્રેડ સેન્ટરના નોર્થ ટાવર સાથે અથડાયું હતું. ૧૮ મિનિટ પછી બીજું બોઈંગ ૭૬૭ બિલ્ડિંગના દક્ષિણ ટાવર સાથે અથડાયું.

જ્યારે એક પ્લેન યુએસ ડિફેન્સ મિનિસ્ટ્રી એટલે કે પેન્ટાગોન સાથે ટકરાયું હતું. ચોથું વિમાન ખેતરમાં ક્રેશ થયું હતું. ૯/૧૧ના હુમલામાં ૯૩ દેશોના ૩ હજાર લોકો માર્યા ગયા હતા. માનવ ઈતિહાસનો સૌથી ભયંકર આતંકવાદી હુમલો માનવામાં આવે છે.

રિપોર્ટ અનુસાર, યૂક્રેનની સેનાએ સારાટોવ પ્રાંતના એંગલ્સમાં સૌથી ઊંચી ઈમારતને નિશાન બનાવી હતી. એંગલ્સમાં રશિયાનું વ્યૂહાત્મક બોમ્બર લશ્કરી મથક પણ છે. રશિયા-યુક્રેન યુદ્ધની શરૂઆતથી યુક્રેન તેના પર અનેકવાર હુમલો કરી ચૂક્યું છે.

અઢી વર્ષ લાંબા રશિયા-યુક્રેન યુદ્ધમાં ૬ ઓગસ્ટ, ૨૦૨૪ના રોજ પહેલીવાર આવું બન્યું જ્યારે યુક્રેન રશિયામાં ઘૂસીને તેના કુર્સ્ક વિસ્તાર પર કબજો કર્યો. ત્યારથી યુક્રેન સતત રશિયા પર હુમલા કરી રહ્યું છે. RT રિપોર્ટ અનુસાર ૨૦ દિવસમાં યુક્રેનિયન હુમલામાં ૩૧ રશિયન નાગરિકોએ જીવ ગુમાવ્યા છે.

તે જ સમયે, ૧૪૦થી વધુ લોકો ઘાયલ થયા છે. બીજા વિશ્વયુદ્ધ પછી આ પહેલીવાર બન્યું છે જ્યારે રશિયન ભૂમિ પર વિદેશી શક્તિનો કબજો થયો છે. યુક્રેને બે અઠવાડિયામાં રશિયાનો ૧૨૬૩ ચોરસ કિલોમીટર વિસ્તાર કબજે કર્યો હતો.

રાજકીય નિષ્ણાત તાતીઆના સ્ટેનોવાયા કહે છે કે રશિયા તેની બીજા વિશ્વ યુદ્ધની રણનીતિ અપનાવી રહ્યું છે. તેમની વ્યૂહરચના એ રહી છે કે પહેલા દુશ્મનને અંદર પ્રવેશવા દે અને પછી ઘેરીને હુમલો કરે. આ કારણે, યુક્રેનનું કુર્સ્ક અભિયાન ઝેલેન્સકી માટે પ્રતિકૂળ સાબિત થઈ શકે છે.

# ઉત્તરાખંડ : ગૌહત્યાના આરોપમાં હરિદ્વારમાં પોલીસથી બચવાનો પ્રયાસ કરતી વખતે ૨૪ વર્ષીય યુવક તળાવમાં ડૂબી જતાં મોત

(એજન્સી) તા.૨૬

ઉત્તરાખંડમા એક ૨૪ વર્ષીય મુસ્લિમ યુવક પર ગેરકાયદે રીતે ગૌહત્યા કરવાનો આરોપ લાગ્યો હતો. આ મામલે પોલીસે તેની ધરપકડ કરી લીધી હતી. જોકે શંકાના આધારે તેની ધરપકડ કરાઈ હોવાથી તેણે છૂટવાનો પ્રયાસ કરીને નાસવા જતાં તે એક તળાવમાં કૂદી ગયો હતો. જ્યાં ડૂબી જતાં તેનું દુઃખદ રીતે મોત નીપજ્યું હતું. ઉલ્લેખનીય છે કે ગૌહત્યાના આરોપીને પકડવા માટે ગંગાનહાર કોતવાલી રૂરકીના માધવપુર વિસ્તારમાં ગૌરક્ષકની ટીમ દ્વારા પીછો કરવા દરમિયાન એક યુવક તળાવમાં કૂદી ગયો હતો, જેના કારણે તેનું મોત થયું હતું. આ ઘટના બાદ પરિવારજનો અને ગ્રામજનોએ પોલીસ પર ગંભીર આક્ષેપો કરીને હોબાળો મચાવ્યો હતો. મૃતકની ઓળખ સોહલપુરના રહેવાસી ૨૪ વર્ષીય વસીમ ઉર્ફે મોનુ તરીકે થઈ છે, જે જીમ ટ્રેનર અને ઓપરેટર હતો. પરિવારનો આરોપ છે કે પોલીસે મેનુને બાંધીને તળાવમાં ફેંકી દીધો, જેના કારણે તેનું મોત થયું. જ્યારે તેની લાશને તળાવમાંથી બહાર કાઢવામાં આવી ત્યારે તેના હાથ-પગ દોરડાથી બાંધેલા હતા



અને શરીર પર કરડવાના નિશાન હતા. ઘટનાની માહિતી મળતાં જ ઝાબરેડાના ધારાસભ્ય વીરેન્દ્ર જાતિ, ભીમ આર્મીના પ્રદેશ અધ્યક્ષ મહેક સિંહ અને પૂર્વ મંત્રી ગૌરવ ચૌધરી ઘટનાસ્થળે પહોંચ્યા અને પરિવારજનોને મળ્યા. પરિવારના સભ્યોએ પોલીસ પર આરોપ લગાવ્યો અને ટીમમાં સામેલ તમામ છ કર્મચારીઓ સામે કેસ નોંધવાની માંગ કરી. આ દરમિયાન જનપ્રતિનિધિઓ અને પોલીસ વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. સ્થળ પર ભારે પોલીસ દળ તૈનાત કરવામાં આવ્યું હતું, પરંતુ ગ્રામજનોના વિરોધને કારણે પોલીસ મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે લઈ જઈ શકી ન હતી. સીઓ રૂરકી નરેન્દ્ર પંતનું કહેવું છે કે કથિત ગૌરક્ષકોએ સ્કૂટી સવારને પકડવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ તે બચવા માટે તળાવમાં કૂદી ગયો હતો, જેના કારણે તે ડૂબી ગયો હતો. તેમણે કહ્યું કે આ કેસની ફરિયાદ મળી છે અને પોસ્ટ મોર્ટમ રિપોર્ટના આધારે આગળની કાર્યવાહી કરવામાં આવશે.

# J-K બેઠક વહેંચણી : કોંગ્રેસે NC સાથે વાટાઘાટો માટે સલમાન ખુર્શીદ, વેણુગોપાલને શ્રીનગર દોડાવ્યા

## જમ્મુ-કાશ્મીરમાં પ્રથમ તબક્કાની ચૂંટણી માટે મંગળવારે નામાંકન ભરવાની છેલ્લી તારીખ છે



(એજન્સી) તા.૨૬

જમ્મુ અને કાશ્મીરમાં ચૂંટણીના પ્રથમ તબક્કા માટે નોમિનેશનની અંતિમ તારીખ (મંગળવાર છેલ્લો દિવસ છે) સાથે, કોંગ્રેસે શ્રીનગરમાં જમ્મુ અને કાશ્મીર નેશનલ કોન્ફરન્સ સાથે સીટ-વહેંચણીની યોજનાને અંતિમ સ્વરૂપ આપવા માટે બે દિગ્ગજોને દોડાવ્યા. બંને પક્ષો ખીણની ત્રણ બેઠકો પર અટવાયેલી વાટાઘાટો સાથે જોરદાર ખેંચાખેંચમાં વ્યસ્ત છે, જેના પર કોંગ્રેસ અને એનસી બંનેએ દાવો કર્યો છે. NCઅને પૂર્વ કેન્દ્રીય મંત્રી સલમાન ખુર્શીદ અને AICCના મહાસચિવ સંગઠન કેસી વેણુગોપાલ સાથે બેઠક વહેંચણીની વાટાઘાટો માટે કોંગ્રેસના પોઇન્ટ પર્સન શ્રીનગર પહોંચ્યા છે અને ટૂંક સમયમાં ડીલને અંતિમ સ્વરૂપ આપવા માટે NCના અબ્દુલ્લાઓને મળશે. ખુર્શીદે આ સંવાદદાતાને ફોન પર જણાવ્યું હતું કે, 'આ એક કરી શકાય તેવી બાબત છે. એકમાત્ર સમસ્યા એ છે કે ખીણની કેટલીક બેઠકો પરની અમારી આકાંક્ષાઓથી એનસીની અસહમત છે. પરંતુ અમે માનીએ છીએ કે આ થઈ શકે છે. ખીણમાં અમારી આકાંક્ષાઓનો યોગ્ય હિસ્સો છે જ્યાં અમે અમારા નેતા રાહુલને માનીએ છીએ. શ્રીનગરમાં તેમની ભારત જોડો યાત્રાના પ્રથમ તબક્કાના સમાપન પછી, અમે જમ્મુની એનસીને સમાવી લીધા પછી, અમને ખાતરી છે કે અમે બાકીની બેઠકો વિશે વાત કરી શકીએ છીએ. તેમણે કહ્યું કે એકવાર પ્રથમ તબક્કાની બેઠકો ઉકેલાઈ જાય, ત્યારબાદ બાકીની બેઠકો વિષે વાટાઘાટો કરીશું. ખુર્શીદે જણાવ્યું હતું કે બંને 'એકવાર અમે અમારી વાટાઘાટો પૂરી કરી લઈએ ત્યારે પ્રથમ તબક્કાના ઉમેદવારોની યાદીઓ કોંગ્રેસ-NCની બેઠક સમજૂતીને પ્રતિબિંબિત કરશે.' આજે સમજૂતી બહાર પાડવામાં આવે તેવી શક્યતા છે. આવતીકાલે ૧૮ સપ્ટેમ્બરે જમ્મુ-કાશ્મીરમાં પ્રથમ તબક્કાની ચૂંટણી માટે નામાંકન ભરવાની છેલ્લી તારીખ છે. ખુર્શીદે જણાવ્યું હતું કે બંને પક્ષોએ જમ્મુ ક્ષેત્રના ભાગોને સૌહાર્દપૂર્ણ રીતે ઉકેલ્યા છે અને ખીણના કેટલાક ભાગોની આસપાસની કેટલીક બાબતો પર વાત કરવાની બાકી છે. તેમણે કહ્યું કે કોંગ્રેસ ટૂંક સમયમાં સમજૂતી સપાટી પર આવે તેવી આશા રાખે છે 'સિવાય કે કોઈ અડચણ ઊભી થાય. ભાજપે આજે J&Kમાં પ્રથમ ત્રણ તબક્કા માટે ૪૪ ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર કરી છે.

# રશિયાએ યુક્રેન પર ડ્રોન, મિસાઈલ વડે પ્રચંડ હુમલો કર્યો : ઝેલેન્સકી

(એજન્સી) કિવ, તા.૨૬

રાષ્ટ્રપતિ વોલોદીમિર ઝેલેન્સકીએ સોમવારે જણાવ્યું હતું કે, રશિયાએ ૧૦૦થી વધુ મિસાઈલો અને લગભગ ૧૦૦ ડ્રોનનો ઉપયોગ કરીને યુક્રેન પર હુમલા કર્યા છે. ઝેલેન્સકીએ ટેલિગ્રામ પર પોસ્ટ કરેલા વીડિયો સંદેશમાં ડ્રોન હુમલાનો ઉલ્લેખ કરતા જણાવ્યું હતું કે, 'તે સૌથી મોટા સંયુક્ત હુમલા પૈકીનો એક હતો. વિવિધ પ્રકારની સો કરતાં વધુ મિસાઈલો અને લગભગ ૧૦૦ 'ડ્રોન' સાથે હુમલો કરાયો છે. સોમવારે રશિયન મિસાઈલ અને ડ્રોન હુમલાઓએ યુક્રેનના પાવર ગ્રીડને નુકસાન પહોંચાડ્યું હતું જેમાં ઓછામાં ઓછા ચાર લોકો માર્યા ગયા હતા અને સત્તાવાળાઓને કટોકટી બ્લેકઆઉટ દાખલ કરવાની ફરજ પડી હતી. અધિકારીઓએ જણાવ્યું હતું કે, રાત્રિ દરમિયાન શરૂ થયેલા હવાઈ હુમલામાં દેશભરના ૧૫ પ્રદેશોને નિશાન બનાવવામાં આવ્યા હતા અને તે અઠવાડિયામાં સૌથી મોટો હુમલો હતો. આ હુમલાઓ ત્યારે થયા છે જ્યારે યુક્રેન રશિયાના કુર્સ્ક પ્રદેશમાં એક મોટા સીમાપાર આક્રમણને દબાવી રહ્યું છે જ્યાં કિવ લગભગ ત્રણ અઠવાડિયાથી લડી રહ્યું છે અને રવિવારે આગળ વધવાનો દાવો કર્યો હતો. યુક્રેનના વડાપ્રધાન ડેનિસ શ્મિગલે કહ્યું કે, 'રશિયન આતંકવાદીઓએ ફરી એકવાર ઊર્જા માળખાને નિશાન બનાવ્યું છે. કમનસીબે સંખ્યાબંધ પ્રદેશોમાં નુકસાન થયું છે.' રાજ્યની માલિકીની વીજળી સિસ્ટમ ઓપરેટર યુક્રેનર્ગોને બેરેજને પગલે સિસ્ટમને સ્થિર કરવા માટે કટોકટી પાવર કટ દાખલ કરવાની ફરજ પડી હતી જ્યારે ટ્રેનનું સમયપત્રક ખોરવાઈ ગયું હતું. સોમવારે વહેલી સવારે રાજધાની કિવમાં હવાઈ સંરક્ષણ તરીકે દેખાતા વિસ્ફોટો સાંભળી શકાયા હતા જ્યારે રહેવાસીઓ મેટ્રો સ્ટેશનોમાં આશ્રય લેવા દોડી ગયા હતા તેમ અહેવાલમાં જણાવાયું હતું. એક આશ્રિત મહિલાએ કહ્યું કે, 'અમે હંમેશા ચિંતિત છીએ. અમે લગભગ ત્રણ વર્ષથી તણાવમાં છીએ.' તેણે કહ્યું કે, 'સાચું કહું તો તે ખૂબ જ ડરામણું હતું. તમને ખબર નથી કે શું અપેક્ષા રાખવી.' રશિયન સંરક્ષણ મંત્રાલયે કહ્યું કે, તેણે યુક્રેનના સંરક્ષણ ઉદ્યોગને ટેકો આપવા માટે ઉપયોગમાં લેવાતા ઊર્જા ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર હુમલો કર્યો છે. ફેબ્રુઆરી ૨૦૨૨માં આક્રમણ કર્યા પછી રશિયાએ યુક્રેન પર વારંવાર મોટાપાયે ડ્રોન અને મિસાઈલ હુમલાઓ શરૂ કર્યા છે જેમાં ઊર્જા સુવિધાઓ પરના હુમલાઓને સજા આપવાનો સમાવેશ થાય છે. આ દરમિયાન યુક્રેને રશિયાના હુમલા રોકવા માટે યુરોપિયન યુનિયનની મદદ માંગી હતી. સોમવારે થયેલા હુમલામાં દેશભરમાં ચાર લોકો માર્યા ગયા અને એક ડઝનથી વધુ લોકો ઘાયલ થયા હતા તેમ અધિકારીઓએ જણાવ્યું હતું.

# ગયા વર્ષે PM મોદી દ્વારા અનાવરણ કરાયેલ છત્રપતિ શિવાજી મહારાજની ૩૫ ફૂટ ઊંચી પ્રતિમા મહારાષ્ટ્રમાં તૂટી પડી

## PM મોદીએ ગયા વર્ષે ૪ ડિસેમ્બરે નેવી ડેના અવસર પર પ્રતિમાનું અનાવરણ કર્યું હતું, તેમણે કિલ્લા પરની ઉજવણીમાં પણ ભાગ લીધો હતો

(એજન્સી) સિંધુદુર્ગ, તા.૨૬

એક અધિકારીએ જણાવ્યું કે, મહારાષ્ટ્રના સિંધુદુર્ગ જિલ્લામાં એક કિલ્લામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા અનાવરણ કરાયેલ મરાઠા રાજા છત્રપતિ શિવાજી મહારાજની પ્રતિમા સોમવારે તૂટી પડી હતી. તેમણે જણાવ્યું હતું કે, માલવણના રાજકોટ કિલ્લામાં બપોરે ૧ વાગ્યાની આસપાસ ૩૫ ફૂટની પ્રતિમા તૂટી પડી હતી. પોલીસ અને જિલ્લા વહીવટીતંત્રના વરિષ્ઠ અધિકારીઓ પરિસ્થિતિનો તાગ મેળવવા સ્થળ પર પહોંચ્યા અને નુકસાનની તપાસ કરવામાં આવી રહી હોવાનું તેમણે જણાવ્યું હતું. પીએમ મોદીએ ગયા વર્ષે ૪ ડિસેમ્બરે નેવી ડેના અવસર પર પ્રતિમાનું અનાવરણ કર્યું હતું. તેમણે કિલ્લા પરની ઉજવણીમાં પણ ભાગ લીધો હતો.



# 'બટેંગે તો કટેંગે' : બાંગ્લાદેશની અશાંતિ વચ્ચે યોગી આદિત્યનાથનો સંદેશ

## યોગી આદિત્યનાથનું આ નિવેદન બાંગ્લાદેશમાં હિન્દુઓ પર હુમલાના અહેવાલોને પગલે આપવામાં આવ્યું છે, શેખ હસીનાની હકાલપટ્ટી પછી તે દેશમાં રાજકીય સંકટ આવ્યું છે

(એજન્સી) તા.૨૬

ઉત્તરપ્રદેશના મુખ્યપ્રધાન યોગી આદિત્યનાથે સોમવારે બાંગ્લાદેશમાં ચાલી રહેલી અશાંતિનો ઉલ્લેખ કરીને એકતા માટે હાકલ કરી હતી. તેમણે કહ્યું કે, રાષ્ટ્રથી ઉપર કંઈ ન હોઈ શકે અને રાષ્ટ્ર ત્યારે જ સશક્ત બનશે જ્યારે આપણે એક થઈશું. 'બટેંગે તો કટંગે'. બાંગ્લાદેશમાં શું થઈ રહ્યું છે તે તમે જોઈ રહ્યા છો. તે ભૂલો અહીં પુનરાવર્તિત થવી જોઈએ નહીં. 'બટેંગે તો કટંગે, એક રહેંગે તો નેક રહેંગે.' આદિત્યનાથે બાંગ્લાદેશમાં હિંદુઓ પરના હુમલા અંગે વિપક્ષના 'મૌન' પર સવાલ ઊઠાવ્યા છે. તેમણે કહ્યું કે, વિપક્ષ વૈશ્વિક મુદ્દાઓ પર બોલવામાં ઉતાવળ કરે છે, ત્યારે તે બાંગ્લાદેશમાં હિંદુઓના અત્યાચાર અને મંદિરોના ધ્વંસ વિશે સ્પષ્ટપણે મૌન છે. તેઓ પેલેસ્ટીનને જુએ છે પરંતુ બાંગ્લાદેશ તરફ આંખ આડા કાન કરે છે કારણ કે, તેઓને તેની વોટ બેંક ગુમાવવાનો ડર છે. યુપીના મુખ્યપ્રધાનનું આ નિવેદન બાંગ્લા-ભાષી દેશમાં અશાંતિના અહેવાલો વચ્ચે આવ્યું છે. ૫ ઓગસ્ટે તેના વડાંપ્રધાન શેખ હસીનાએ રાજીનામું આપ્યું અને દેશ છોડીને ભાગી ગયા પછી ત્યાં રાજકીય સંકટ આવ્યું છે. બાંગ્લાદેશની કુલ વસ્તીના ૮ ટકા હિંદુઓ છે અને તેમના પર હુમલા થયાના અહેવાલો છે. હિંદુ મંદિરો પર પણ કરવામાં આવ્યા છે અને સમુદાયના સભ્યોની મિલકતો પર ટોળા દ્વારા હુમલો કરવામાં આવ્યો છે.

હિંદુઓ શેખ હસીનાની અવામી લીગને મત આપતા હતા, જેણે ૧૯૭૧માં દેશની મુક્તિ ચળવળનું નેતૃત્વ કર્યું હતું. બાંગ્લાદેશ હિંદુ બૌદ્ધ ખ્રિસ્તી એકતા કાઉન્સિલે જણાવ્યું હતું કે, હિંદુ સમુદાયના સભ્યો પર ૨૦૦ હુમલા થયા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એક X પોસ્ટમાં બાંગ્લાદેશની વચગાળાની સરકારના મુખ્ય સલાહકાર મુહમ્મદ યુનુસને અભિનંદન આપતાં કહ્યું હતું કે, અમે હિંદુઓ અને અન્ય તમામ લઘુમતી સમુદાયોની સુરક્ષા સુનિશ્ચિત કરીને દેશમાં સામાન્ય સ્થિતિ થવાની આશા રાખીએ છીએ.

# અભિનેતા સિદ્દીકીએ જાતીય શોષણનો આરોપ લગાવનાર અભિનેત્રી સામે પોલીસ ફરિયાદ નોંધાવી

(એજન્સી) તા.૨૬

મલયાલમ ફિલ્મ અભિનેતા સિદ્દીકે એક અભિનેત્રી દ્વારા બળાત્કાર અને જાતીય હુમલાના આરોપમાં અભિનેત્રી પર ગુનાહિત ષડ્યંત્રનો આરોપ લગાવતા આજે કેરળ રાજ્યના પોલીસ વડા સમક્ષ ઔપચારિક ફરિયાદ નોંધાવી છે. સિદ્દીકે આક્ષેપ કર્યો હતો કે, આરોપો તેના અગાઉના દાવાઓ સાથે અસંગત છે અને તેને અને એસોસિએશન ઓફ મલયાલમ મૂવી આર્ટિસ્ટ્સ (એએમએમએ)ને બદનામ કરવાના વ્યાપક પ્રયાસનો એક ભાગ છે. સિદ્દીકે આરોપ લગાવ્યો હતો કે, અભિનેત્રી તેની સામે ખોટા અને નુકસાનકારક આરોપો ઘડી રહી છે અને ફેલાવી રહી છે. તેના પત્રમાં સિદ્દીકીએ દાવો કર્યો હતો કે, અભિનેત્રીએ સૌપ્રથમ ૨૦૧૮માં સોશિયલ મીડિયા પર તેની સામે આક્ષેપો કર્યા હતા, ૨૦૧૯માં ફિલ્મ પ્રિવ્યૂ દરમિયાન અયોગ્ય વર્તનનો આરોપ લગાવ્યો હતો. ત્યારબાદ તેણે ૨૦૨૧માં ફરી આરોપો લગાવ્યા હતા. તેની ફરિયાદમાં તેની ઉંમર અને શૈક્ષણિક પૃષ્ઠભૂમિ વિશે અભિનેત્રીના નિવેદનોમાં વિસંગતતા દર્શાવતા સિદ્દીકે આક્ષેપ કર્યો હતો કે, અભિનેત્રીને ચીનની વેઈફાંગ મેડિકલ યુનિવર્સિટીમાંથી ગેરવર્તણૂક માટે હાંકી કાઢવામાં આવી હતી. તેમણે એવો પણ દાવો કર્યો હતો કે, અભિનેત્રીએ યાદીમાંના બેંક મેનેજર પાસેથી લોન લીધી હતી અને તેમણે આજ સુધી તેના દાવાઓને રદિયો કે પડકાર્યો નથી.

# વાયરલ ક્લિપમાં હત્યાનો આરોપી અભિનેતા દર્શન ધૂમ્રપાન કરતો અને વીડિયો કોલ કરતો જણાયા બાદ જેલના ૭ અધિકારીઓ સસ્પેન્ડ

(એજન્સી) બેંગ્લુરૂ, તા.૨૬

કર્ણાટક સરકારે કહ્યું કે, બેંગ્લુરૂની સેન્ટ્રલ જેલના સાત અધિકારીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે અને સોશિયલ મીડિયાના વીડિયો અને તસવીરોમાં કન્નડ અભિનેતા દર્શન થૂગુદીપાને જેલમાં વિશેષ સારવાર મળી રહી છે, જે હત્યાના કેસમાં મુખ્ય આરોપી છે તે દર્શાવ્યા બાદ ઉચ્ચસ્તરીય તપાસ શરૂ કરવામાં આવી છે. રવિવાર સાંજથી સોશિયલ મીડિયા પર જે વીડિયો અને તસવીરો ફરી રહી છે તેમાં બેંગ્લુરૂની પરપ્પના અગ્રહારા જેલમાં બંધ દર્શન અનેક સુવિધાઓનો આનંદ લેતો દેખાય છે. એક ચિત્રમાં અભિનેતા અન્ય કેદીઓ સાથે બહાર આરામ કરતો, કોફી પીતો અને સિગારેટ પીતો જોવા મળે છે. અન્ય



સમસ્યાઓનો અનુભવ કરી રહ્યો હોવાનો દાવો કરીને તેના શરીરને જાળવી રાખવા માટે તેને પ્રોટીનયુક્ત ઘરનું રાંધેલું ભોજન મેળવવાની મંજૂરી આપવા કોર્ટનો સંપર્ક કર્યો હતો. કોર્ટે વિનંતી નકારી હતી. ભાજપના પ્રવક્તા શેહઝાદ

## કર્ણાટક સરકારે 'પ્રેફરન્શિયલ ટ્રીટમેન્ટ' માટે પગલાં લેવાનો આદેશ આપ્યો છે, કન્નડ અભિનેતા, તેના કથિત સાથી પવિત્રા ગૌડા, ફાર્મસી કર્મચારી રેણુકાસ્વામીની હત્યામાં આરોપી છે

વ્યાપક રીતે શેર કરાયેલા વીડિયોમાં દર્શન એક સહાયક સાથે વીડિયો કોલમાં ભાગ લેતો, હસતો અને કેમેરાને હલાવી રહ્યો છે. કર્ણાટકના ગૃહ બાબતોના પ્રધાન જી. પરમેશ્વરાએ પત્રકારોને જણાવ્યું હતું, ગઈકાલે લગભગ ૪:૩૦ વાગ્યાની આસપાસ, મને પરપ્પના અગ્રહરામાં થયેલા ઘટનાક્રમના સમાચાર મળ્યા. ૩-૪ અન્ય લોકો સાથે દર્શન આરામ કરી રહ્યો હતો, ચા પી રહ્યો હતો, આના ફોટા વાયરલ થયા છે. મેં ડાયરેક્ટર જનરલ (જેલ) સાથે વાત કરી છે અને અધિકારીઓને વધુ તપાસ માટે સ્થળ પર મોકલ્યા છે. તેમણે કહ્યું કે, જેલર શરણ બસપ્પા અમિંગડ અને પ્રભુ એસ. ખંડેલવાલ અને પાંચ સબઓર્ડિનેટ્સ-થિપ્પેસવામી એલ.એસ., શ્રીકાંત તલવાર, વેંકપ્પા કોર્થી, સંપતકુમાર કડાપતિ અને બસપ્પા તેલીને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. પરમેશ્વરાએ કહ્યું કે, તપાસ રિપોર્ટ બાદ સરકાર આગળની કાર્યવાહી કરશે. દરમિયાન કર્ણાટકના મુખ્યમંત્રી સિદ્ધારમૈયાએ અધિકારીઓને આ કેસના આરોપીઓને રાજ્યભરની અલગ-અલગ જેલોમાં શિફ્ટ કરવાનો નિર્દેશ આપ્યો હતો. સીએમ સિદ્ધારમૈયાના સત્તાવાર એકાઉન્ટની 'X' પરની પોસ્ટમાં જણાવ્યું હતું. મુખ્યમંત્રી સિદ્ધારમૈયાએ અભિનેતા દર્શન અને અન્યને પરપ્પાના અગ્રાહરા જેલની અંદર વિશિષ્ટ સારવાર આપવામાં આવી હોવાના મામલાને ગંભીરતાથી લીધો છે અને નિર્દેશ આપ્યો છે કે, સામેલ અધિકારીઓને તાત્કાલિક સસ્પેન્ડ કરવામાં આવે. દર્શન અને અન્યને અલગ-અલગ જેલમાં ખસેડવા જોઈએ. સીએમએ ડીજીપીને જેલની મુલાકાત લેવા અને ઘટના અંગે રિપોર્ટ સબમિટ કરવાનો નિર્દેશ આપ્યો છે. ૩૩ વર્ષીય રેણુકાસ્વામીની હત્યાના કેસમાં દર્શન, તેની કથિત સાથી પવિત્રા ગૌડા અને અન્ય કેટલાક સહયોગીઓ છેલ્લા બે મહિનાથી જેલમાં છે. તેઓએ કથિત રીતે ગૌડાને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ પર 'અશ્લીલ સંદેશાઓ' મોકલવા માટે ફાર્મસી કર્મચારીની હત્યા કરી. રેણુકાસ્વામીના પિતા શિવ ગૌડાએ પત્રકારોને જણાવ્યું હતું કે, દર્શનને તેણે કરેલા અપરાધ પર કોઈ 'પસ્તાવો' હોય તેવું લાગતું નથી. તેમણે કહ્યું, મને પોલીસ અને ન્યાય વ્યવસ્થામાં વિશ્વાસ છે. પરંતુ મને આશ્ચર્ય થાય છે કે, આ કેવી રીતે મંજૂરી આપવામાં આવી. આ અમારા માટે ખૂબ જ આઘાતજનક સમાચાર છે. હું વિનંતી કરૂં છું કે, સરકાર આની તપાસ કરે અને યોગ્ય સૂચનાઓ આપે.

**'ઘરના ભોજન માટે વિનંતી'** : જુલાઈના બીજા સપ્તાહમાં દર્શને તેને જેલમાં આપવામાં આવેલા ખોરાકને કારણે પાચન સંબંધી પૂનાવાલાએ મીડિયાને જણાવ્યું હતું. આ કોંગ્રેસ સરકારોની VVIP માનસિકતા અને ભ્રષ્ટાચારનું ઉદાહરણ છે. એક હત્યાનો આરોપી..હાઈ-પ્રોફાઈલ કેસ ...તેને પ્રેફરન્શિયલ ટ્રીટમેન્ટ મળી રહી હોવાની તસવીરો છે. શું આ રાહુલ ગાંધીનો ન્યાય છે ? જે ગરીબ વ્યક્તિનું ખૂન થયું હતું, તેના પરિવારજનોના આંસુ હજુ સૂકાયા નથી. તેઓ કદાચ વિચારી રહ્યા છે કે, શું આ વ્યક્તિ (દર્શન)ને કોંગ્રેસ સરકાર દ્વારા જેલમાં મોકલવામાં આવ્યો હતો કે કોઈ રિસોર્ટમાં ? બેંગ્લુરૂની સેન્ટ્રલ જેલમાંથી આ પ્રકારની આ પહેલી ઘટના નથી. જુલાઈ ૨૦૧૭માં સીએમ સિદ્ધારમૈયા (તેમના પ્રથમ કાર્યકાળ દરમિયાન) એ અપ્રમાણસર સંપત્તિના કેસમાં જેલમાં ગયેલા પૂર્વ ઓલ ઈન્ડિયા અન્ના દ્રવિડ મુનેત્ર કઝગમ (એઆઈએડીએમકે) નેતા વી.કે. શશિકલાને કથિત તરફેણમાં વધારો કરવા અંગે ઉચ્ચ સ્તરીય તપાસનો આદેશ આપ્યો હતો. ડી. રૂપા, તત્કાલીન ડેપ્યુટી ઈન્સ્પેક્ટર-જનરલ (જેલ)એ જેલ સત્તાવાળાઓ પર આરોપ મૂક્યો હતો કે, તેણે શશિકલાને પ્રેફરન્શિયલ ટ્રીટમેન્ટ આપવા માટે રૂા.૨ કરોડની લાંચ લીધી હતી. તેના અહેવાલમાં રૂપાએ આરોપ મૂક્યો હતો કે, પરપ્પના અગ્રહારાની તેની મુલાકાત દરમિયાન તેણે જોયું કે ચાર વર્ષની સજા ભોગવી રહેલી શશિકલાને અલગ રસોડાની જોગવાઈ આપવામાં આવી હતી અને તે ૧૬ ફેબ્રુઆરીથી ૧૮ માર્ચ, ૨૦૧૭ દરમ્યાન ૩૧ દિવસમાં ૨૮ મુલાકાતીઓને મળી હતી. તેમણે માદક દ્રવ્યોના દુરૂપયોગના કિસ્સાઓ, કેદીઓની બેરોકટોક હિલચાલ અને તબીબી કર્મચારીઓને તેમની તરફેણમાં અહેવાલો મેળવવા માટે કેદીઓ દ્વારા હુમલો કરવા સહિત અન્ય ગંભીર અનિયમિતતાઓની પણ વિગતો આપી હતી. રિપોર્ટમાં એવો પણ આરોપ છે કે, નકલી સ્ટેમ્પ પેપરના કિંગપિન અબ્દુલ કરીમ તેલગીની સેવામાં અન્ય કેદીઓ રાખવામાં આવ્યા હતા. દિલ્હીની તિહાર જેલ જેવી અન્ય મોટી જેલોમાંથી પણ આવા જ આક્ષેપો થયા છે, જ્યાં રાજકારણીઓ અને ગેંગસ્ટરો સહિત હાઈ-પ્રોફાઈલ કેદીઓને 'વીઆઈપી ટ્રીટમેન્ટ' મળી હોવાના અહેવાલો છે. નવેમ્બર ૨૦૨૨માં એક જેલ અધિક્ષકને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા જ્યારે તિહાર જેલમાં આમ આદમી પાર્ટી (AAP)ના મંત્રી સત્યેન્દ્ર જૈનને વિશેષ સારવાર આપવામાં આવી હોવાનું બહાર આવ્યું હતું. એપ્રિલમાં પૂર્વ દિલ્હી પોલીસ વડા નીરજકુમાર, જેમણે ડાયરેક્ટર જનરલ (જેલ) તરીકે સેવા આપી હતી તેમણે એક સમાચાર એજન્સી સાથે વાત કરતા જણાવ્યું હતું કે, VVIP કેદીઓ સત્તાવાળાઓ માટે 'મોટા ઉપદ્રવ' સમાન હતા.

# તેલંગાણામાં પત્રકારો પર હુમલાના વિરોધમાં નવી દિલ્હીના રાહુલ ગાંધી નિવાસી સ્થાનની બહાર ઉગ્ર દેખાવો

## મીડિયા સામેના હિંસાના બનાવો સામે વિરોધ દર્શાવવા પોસ્ટર અને પ્લેકાર્ડ ફરકાવીને તેલંગાણાથી આવેલા પત્રકારોએ વિરોધ પ્રદર્શન કર્યું

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૬

તેલંગાણામાં પત્રકારો પર વધતા જતા હુમલાના બનાવો સામે વિરોધ વ્યક્ત કરવા ૨૬ ઓગસ્ટના રોજ તેલંગાણાથી આવેલા પત્રકારોએ લોકસભા વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીના નવી દિલ્હી ખાતે આવેલા નિવાસી સ્થાનની સામે દેખાવો કર્યા હતા.ગયા અઠવાડિયે રાજકીય છત્રછાયા ધરાવતા કેટલાક બદમાશોએ તેલંગાણાના મુખ્યમંત્રી રેવંત રેડ્ડીના વતનના ગામ કોંડારેડ્ડીપલ્લી ખાતે બે પત્રકારો પર હુમલા કર્યા હતા એ ઘટનાને પગલે સોમવારે કોંગ્રેસ સાંસદ અને નેતાના ઘરની બહાર દેખાવો કરવામાં આવ્યા હતા. ખેડૂતો લોન માફી અંગે અહેવાલ લેખન કરનાર બે પત્રકાર અવુલા સરિતા અને વિજયા રેડ્ડીને ઘેરી લેવામાં આવ્યા હતા તેમના કહેવા મુજબ કોંગ્રેસના ટેકેદાર હોય એમને ઘેરી લીધા હતા અને આવું અહેવાલ લેખન ન કરવા માટે દબાણ કર્યું હતું. બંને પત્રકારોએ આવા વલણ સામે વાંધો લીધો ત્યારે પક્ષના કાર્યકરોએ બંને સાથે ગાળા ગાળી કરી હતી અને એમને માર માર્યો હતો અને એમના મોબાઈલ ફોન તથા કેમેરા પણ છીનવી લીધા હતા એવી આ બંને પત્રકારોએ ફરિયાદ કરી હતી. આ બંને મહિલા પત્રકારો એમની સુરક્ષા માટે ટોળા પાસેથી છટકીને પોલીસ સ્ટેશન પહોંચી ગઈ હતી. એક મહિલા પત્રકારે એમના પરના હુમલાનો વીડિયો પણ જાહેર કર્યો હતો અને એવો દાવો કર્યો હતો કે, કોંગ્રેસના કેટલાક કાર્યકરો પીછો કરતા કરતા પોલીસ સ્ટેશન આવી ગયા હતા અને ત્યાં પણ અમારી સાથે ગેરવર્તન કર્યું હતું. મુખ્યમંત્રીના વતનના ગામમાં પોતાના પર હુમલો કરનાર અને અહેવાલ લેખન માટે ધમકી દેનાર છ કોંગ્રેસી કાર્યકરોના ફોટા પણ આ મહિલા પત્રકારે બતાવ્યા હતા. તમને મહિલા પત્રકારોએ રાજ્યમાં કામકાજની આઝાદીનું



વાતાવરણ સુનિશ્ચિત કરવા અને ભય અને ધાકધમકી વિના રિપોર્ટિંગ કરી શકે એ માટે અહેવાલ બનાવવા કોંગ્રેસની નેતાગીરી અપીલ કરી હતી. મહિલા પત્રકારે વિજયા રેડ્ડીએ જણાવ્યું હતું કે, પત્રકારો પર હુમલા વધી રહ્યા છે. ભાજપના આઈટી સેલ ન વડા અમિત માલવિયાએ અખબારી આઝાદી માટે કોંગ્રેસની ઓગણના કરવાની વૃત્તિની ટીકા કરી હતી અને કોંગ્રેસ શાશ્વિત રાજ્યમાં કેમ પત્રકારો તરફ ધિક્કારની લાગણી રાખવામાં આવી રહી છે તે જાણવાની માગણી કરી હતી. રાહુલ ગાંધી ખુદ મીડિયા તરફ ધિક્કાર રાખતા હોય અને અણિયાળા સવાલો પૂછવા બદલ ભાજપના એજન્ટો અને પત્રકારોને મારવા માટે કાર્ય કરવાનું ઉશ્કેરતા હોય ત્યારે કોંગ્રેસ શાસનવાળા તેલંગાણા રાજ્ય પાસેથી બીજી શું અપેક્ષા રાખી શકીએ ?

# રાજસ્થાનના ભીલવાડામાં ધર્મસ્થાનની બહાર પ્રાણીના અવશેષો મળી આવતા કોમી ભડકો, વીડિયો થયો જાહેર

(એજન્સી) જયપુર, તા.૨૬

રાજસ્થાનના ભીલવાડામાં એક ધર્મસ્થાનની બહારથી મૃત પ્રાણીના અવશેષો મળી આવતા કોમી હિંસા ફાટી નીકળી હતી આ રીતે ઉદયપુર પછી હવે ભીલવાડામાં કોમી ભડકો થયો છે. તોફાની તત્ત્વોએ પોલીસ પર પથ્થરમારો કર્યો હતો અને બજારો બંધ થઈ ગઈ હતી કેમ કે આરોપીઓની ધરપકડની માગણી સાથે ટોળા શેરી અને રાજમાર્ગો પર ફરી રહ્યા હતા. મૃત જાનવરના અવશેષો મળ્યાનો વીડિયો વાયરલ થતાં જ મોટું ટોળું પોલીસ સ્ટેશનની બહાર ભેગું થયું હતું અને આરોપીઓની ધરપકડની માગણી કરી હતી. ભીલવાડાનો સાંસદ દામોદર અગ્રવાલ અને સંત મહામંડલેશ્વર હંસરામ પણ ટોળા સાથે જોડાયા હતા અને વિરોધ કર્યો હતો. પોલીસે દેખાવકારોના ટોળાને વિચારવા માટે લાઠી ચાર્જ કરવો પડ્યો હતો. જ્યાં તનાવ ફેલાયો હતો એવા ભવાનીનગર અને શાસ્ત્રીનગર વિસ્તારમાં આખી રાત પોલીસે ફ્લેગ માર્ચ કરી હતી. સોમવારે સવારે એક મોટું ટોળું પરશુરામ સર્કલ પર ભેગું થયું હતું અને સૂત્રો પોકારવાનું શરૂ કર્યું હતું. ટોળામાંથી કેટલાક લોકો આગળ વધીને આઝાદ ચોક માર્કેટ પાસે પહોંચી ગયા હતા ત્યારે પોલીસે અનેક વખત લાઠીચાર્જ કરવો પડ્યો હતો. એ સમયે તોફાની ટોળાએ પોલીસ પર પથ્થરમારો પણ કર્યો હતો. લાઠીચાર્જ અને પથ્થર મારાથી કેટલાક લોકોને ઈજા થઈ હોવાનું જાહેર થયું છે.

# બદલાપુર જાતીય શોષણ : SITએ શાળા દ્વારા ઘટના 'દબાવવા'નો ખુલાસો કર્યો, પોલીસે ફરિયાદની અવગણના કરી

(એજન્સી) મુંબઈ, તા.૨૬

બદલાપુર જાતિય શોષણ કેસની તપાસ કરવા માટે સોંપાયેલ સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (SIT)એ પોતાનો રિપોર્ટ સોંપ્યો છે. બે સભ્યોની SIT રિપોર્ટ અનુસાર આ કેસના સંબંધમાં બે સ્કૂલ હેલ્પરને સહ-આરોપી બનાવવામાં આવશે. તપાસના સમગ્ર સમયગાળા દરમિયાન બંને ગેરહાજર રહ્યા હતા. એસઆઈટીએ એમ પણ કહ્યું છે કે, શિક્ષક અને પ્રિન્સિપાલે ફરિયાદ પર કાર્યવાહી કરી નથી. શિક્ષક અને પ્રિન્સિપાલ સામે પણ ગુનો નોંધવામાં આવે તેવી પણ ભલામણ કરવામાં આવી છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, પરિવારની ફરિયાદ છતાં પોલીસ દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી. હોસ્પિટલ સામે પણ કાર્યવાહી થઈ શકે છે. છેલ્લા ૧૫ દિવસના સીસીટીવી ફૂટેજ પણ ગાયબ હોવાનું ઉમેરાયું છે. મુખ્ય સચિવ અને શિક્ષણમંત્રીએ સમગ્ર મામલે કાર્યવાહી કરવાની ખાતરી આપી છે. રાજ્યના શિક્ષણ વિભાગે ગ્રેજ્યુએશન સુધી કન્યા કેળવણીની જવાબદારી લીધી છે. રાજ્યના શિક્ષણ પ્રધાન દીપક કેસરકર સાથે બે સભ્યોની સમિતિ તેમજ રાજ્યના અન્ય અધિકારીઓ વચ્ચે બેઠક યોજાઈ હતી. એક પ્રેસ કોન્ફરન્સમાં મંત્રીએ સમગ્ર તપાસની વિગતો આપી હતી જેમાં બે સફાઈ કામદારો, આચાર્ય અને વર્ગ શિક્ષક બધા આ સમગ્ર કેસ માટે જવાબદાર છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, બાળકોને વોશરૂમમાં લઈ જવાની જવાબદારી સફાઈ કામદારોની હતી. જો કે, તેઓ હાજર રહ્યા ન હતા અને જ્યારે તેમને તપાસ માટે બોલાવવામાં આવ્યા ત્યારે તેઓ પેનલ સમક્ષ હાજર થયા ન હતા. આ કારણે જ SIT ઈચ્છે છે કે, બંને વિરુદ્ધ પોસ્કો કલમ ૧૯ અને ૨૧ હેઠળ કેસ નોંધવામાં આવે. શિક્ષણ પ્રધાન દીપક કેસરકરે જણાવ્યું છે કે, આ કેસમાં બે સફાઈ કામદારો, એક આચાર્ય, એક વર્ગ શિક્ષક, મેનેજમેન્ટ અને દરેકને જવાબદાર ગણવામાં આવશે. હવે સંચાલકને સમગ્ર શાળાના સંચાલનની જવાબદારી સોંપવામાં આવી છે. મંત્રીએ શાળાઓમાં એવા સ્થળોએ એલાર્મ બટનો સ્થાપિત કરવાનો પણ આદેશ આપ્યો હતો જ્યાં મોટે ભાગે તે સ્થળોએ આવી ઘટનાઓ સામે આવી છે. બોમ્બે હાઈકોર્ટે એસઆઈટીને તેમની તપાસ અંગે કોર્ટમાં સોગંદનામું આપવા પણ કહ્યું છે.

# MCX પર સોનું રૂા.૭૨,૦૦૦ને પાર, નજીકના ગાળામાં રૂા.૭૨,૫૦૦ને સ્પર્શે તેવી શક્યતા

## નજીકના ગાળામાં સોનાનો ભાવ વધીને રૂા.૭૨,૫૦૦ પ્રતિ ૧૦ ગ્રામ થવાની શક્યતા

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૬

**MCX પર ૪ ઓક્ટોબર, ૨૦૨૪ના કરાર માટે સોનું ૦.૫૯ ટકા વધીને રૂા.૭૨,૧૯૮ પ્રતિ ૧૦ ગ્રામ પર ટ્રેડ થઈ રહ્યું હતું, ચાંદી પણ ૫ સપ્ટેમ્બર, ૨૦૨૪ના કોન્ટ્રાક્ટ માટે આશરે ૦.૯૫ ટકા વધીને રૂા.૮૬,૦૨૨ પ્રતિ કિલોગ્રામ પર ટ્રેડ થઈ રહી હતી**

સોમવારે બપોરે મલ્ટી કોમોડિટી એક્સચેન્જ (MCX) પર કિંમતી ધાતુની કિંમત રૂા.૭૨,૦૦૦ના આંકને વટાવી જવા સાથે સોમવારે સોનાના ભાવમાં ફ્યુચર્સ માર્કેટમાં મજબૂત ઉછાળો જોવા મળ્યો હતો. યુએસ ફેડરલ રિઝર્વના અધ્યક્ષ જેરોમ પોવેલની રેટ કટ અંગેની ટિપ્પણી અને લેબેનોનમાં ઈઝરાયેલ અને હિઝબુલ્લાહ વચ્ચે તાજા હુમલાને પગલે વધતા ભૌગોલિક રાજકીય તણાવ વચ્ચે તીવ્ર રિકવરી આવી છે. એમસીએક્સ પર ૪ ઓક્ટોબર, ૨૦૨૪ના કરાર માટે સોનું ૦.૫૯ ટકા વધીને રૂા.૭૨,૧૯૮ પ્રતિ ૧૦ ગ્રામ પર ટ્રેડ થઈ રહ્યું હતું. ચાંદી પણ ૫ સપ્ટેમ્બર, ૨૦૨૪ના કોન્ટ્રાક્ટ માટે આશરે ૦.૯૫ ટકા વધીને રૂા.૮૬,૦૨૨ પ્રતિ કિલોગ્રામ પર ટ્રેડ થઈ રહી હતી. મહેતા ઈક્વિટીઝ લિમિટેડના વાઈસ પ્રેસિડેન્ટ (કોમોડિટીઝ) રાહુલ કલંત્રીએ જણાવ્યું હતું કે, ગયા અઠવાડિયે ફેડરલ રિઝર્વના ચેરમેન જેરોમ પોવેલના વાર્ષિક જેક્સન હોલ સિમ્પોસિયમમાં તેમના ભાષણ દરમિયાન સંભવિત દરમાં કાપના સંકેતને પગલે સોના અને ચાંદીએ મજબૂત કામગીરી દર્શાવી હતી. વધુમાં નબળા યુએસ આર્થિક ડેટા અને મધ્ય-પૂર્વમાં વધતા ભૌગોલિક રાજકીય તણાવે કિંમતી ધાતુઓને વધુ ટેકો આપ્યો હતો.

યુએસ ફેડના પોવેલે જણાવ્યું હતું કે, ફુગાવાના પ્રતિકૂળ જોખમો ઓછા થયા છે, જ્યારે શ્રમ બજાર માટેના જોખમો વધ્યા છે. પરિણામે નીતિમાં ફેરફાર કરવાનો સમય આવી ગયો છે. તેમણે ઉમેર્યું હતું કે, જ્યારે દિશા સ્પષ્ટ છે, ત્યારે આ દર ઘટાડાનો સમય અને ગતિ આગામી આર્થિક ડેટા પર નિર્ભર રહેશે. ભૌગોલિક રાજકીય મોરચે ઈઝરાયેલ અને લેબેનોનના હિઝબુલ્લાહ વચ્ચેના હુમલાના નવા વિનિમયથી ભૌગોલિક રાજકીય અનિશ્ચિતતાઓમાં વધારો થયો છે. વ્યાજ દરોમાં ઘટાડો સામાન્ય રીતે સોનાના ભાવમાં વધારો કરે છે કારણ કે, તે ઓછા વ્યાજ દરના ચક્ર દરમિયાન વધુ સારૂં વળતર આપે છે. ભૌગોલિક રાજકીય તણાવમાં વધારો પણ સોનાના ભાવમાં વધારો કરે છે. આંતરરાષ્ટ્રીય બજારમાં પણ સોના-ચાંદીમાં તેજી જોવા મળી રહી છે. ન્યૂયોર્કમાં સોનું ૦.૪૭ ટકા વધીને ૨૫૨૫.૨ ડૉલર પ્રતિ ઔંસ પર ટ્રેડ થઈ રહ્યું હતું, જ્યારે ચાંદી ૦.૯૧ ટકા વધીને ૩૦.૧૫ ડૉલર પ્રતિ ઔંસ પર ટ્રેડ થઈ રહી હતી. જે.એમ. ફાઈનાન્શિયલ સર્વિસિસના EBG- કોમોડિટી એન્ડ કરન્સી રિસર્ચના વાઈસ-પ્રેસિડેન્ટ પ્રણવ મેરે જણાવ્યું હતું કે, સોનું સકારાત્મક વેપાર કરવાનું ચાલુ રાખશે અને યુએસ ફેડ દ્વારા વધતા રેટ કટના બેટ્સને ટેકો આપશે અને ડૉલર અને ટ્રેઝરી યીલ્ડને ઓછી અસર કરશે અને સેફ-હેવન ડિમાન્ડમાં વધારાના સંકેતો પર વધારાના સમર્થન સાથે ગયા સપ્તાહના લાભમાં વધારો થતો જોવા મળ્યો હતો. કેન્દ્રીય બેંકો અને ETF રોકાણકારો વચ્ચે પણ નજીકના ગાળામાં ખરીદી ચાલુ રહેવાની ધારણા છે. LKP સિક્યોરિટીઝના વાઈસ-પ્રેસિડેન્ટ અને રિસર્ચ એનાલિસ્ટ (કોમોડિટી અને કરન્સી) જતીન ત્રિવેદીએ જણાવ્યું હતું કે, સોનાના ભાવમાં વધારો થયો હતો, કોમેક્સ સોનું ૧૨ ડૉલર વધીને ૨૫૨૫ ડૉલર પર અને MCX સોનું રૂા.૪૦૦ વધીને રૂા.૭૨,૧૮૦ થયું હતું. આ રેલી જેરોમ પોવેલના અદ્દભુત ભાષણને અનુસરે છે, જે સપ્ટેમ્બર ૨૦૨૪થી શરૂ થતાં વ્યાજ દરમાં કાપની અપેક્ષાઓને વધુ મજબૂત બનાવે છે. બજારો વર્ષના અંત સુધીમાં ઓછામાં ઓછા ૦.૭૫ bpsના કટમાં ભાવ નિર્ધારિત કરી શકે છે.ત્રિવેદીએ જો કે, ઉમેર્યું હતું કે, આ રેટ કટની ચોક્કસ તીવ્રતા, ગતિ અને આવર્તન ભવિષ્યના આર્થિક ડેટા, ખાસ કરીને ફુગાવો, રોજગારીના આંકડા અને અન્ય મુખ્ય આર્થિક સૂચકાંકો પર નિર્ભર રહેશે. પરિણામે વૈશ્વિક બજારો આ સંભવિત કટમાં સક્રિયપણે ભાવ નિર્ધારિત કરી રહ્યા છે અને સોનું, બિન-ઉપજ આપતી એસેટ હોવાને કારણે વ્યાજ દરના નીચા વાતાવરણથી ફાયદો થાય છે.

## વરસાદનું સર્વત્ર ભારે રૌદ્ર સ્વરૂપ : તબાહી-નુકસાનીના સંકેતો

# રાજ્યના તમામ ૩૩ જિલ્લામાં રેડ એલર્ટ : અત્ર-તત્ર-સર્વત્ર જળબંબાકાર

**દક્ષિણ ગુજરાતની નદીઓ બની ગાંડીતૂર** | **રાજ્યના ૨૨૦ તાલુકાઓમાં નોંધનીય વરસાદ** | **ધવના ગામ નજીકથી પસાર થતી કનકવતી નદીમાં પૂર આવ્યું** | **નદીના પ્રવાહમાં ફસાયેલા મુસાફરોનું રેસ્ક્યુ કરાયું** | **તહેવારોની મજા બગાડી તો અનેક લોકમેળા ધોવાયા**












અમદાવાદ, તા.૨૬

રાજ્યમાં ભારે વરસાદની આગાહી પર ૧૦૦ ટકા ખરો ઊતરી રહ્યો હોય એમ મેઘાએ સાર્વત્રિક ધમાકેદાર ઈનિંગની શરૂઆત કરતાં રાજ્યભરમાં જોરદાર મેઘાવી માહોલ જોવા મળી રહ્યો છે. ભારે વરસાદને પગલે અનેક સ્થળોએ રેડ અને ઓરેન્જ એલર્ટ આપવામાં આવ્યું છે તો અનેક નદીઓ પૂરના કારણે ગાંડીતૂર બની છે. જ્યારે આગામી દિવસોમાં પણ અનેક સ્થળોએ ભારેથી અતિ ભારે વરસાદની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. જેને પગલે તંત્ર પણ એલર્ટ મોડ પર છે.

હવામાન વિભાગે જાહેર કરેલા મેપ પ્રમાણે, ગુજરાતનાં તમામ ૩૩ જિલ્લાઓમાં રેડએલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. જે મુજબ બનાસકાંઠા, સાબરકાંઠા, અમદાવાદ, અરવલ્લી, ખેડા, આણંદ, પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા, છોટા ઉદેપુર, ડાંગ, તાપી, સુરત, નર્મદા, ભરૂચ, નવસારી, વલસાડ અને દમણ, દાદરા નગર હવેલીમાં તથા સૌરાષ્ટ્ર-કચ્છના અમરેલી, ભાવનગર, મોરબી, સુરેન્દ્રનગર, રાજકોટ, જામનગર, જૂનાગઢ, દ્વારકા, બોટાદ અને કચ્છમાં પણ રેડ એલર્ટ છે. એટલે કે આ તમામ વિસ્તારો સહિત ૩૩ જિલ્લાઓમાં આવતીકાલે, મંગળવારે અત્યંત ભારે વરસાદની આગાહી છે. ૨૬ ઓગસ્ટના રોજ સવારના ૬ વાગ્યાથી બપોર સુધીમાં રાજ્યના ૨૨૦ તાલુકાઓમાં વરસાદ નોંધાયો છે. જેમાં મોરવા હડફમાં સૌથી વધુ ૬ ઈંચ, ગોધરા, બોરસદ, ખંભાત, શહેરા, ડેસર અને પાદરામાં ૪ ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે. જ્યારે ધોળકા, માતર, ઉમરેઠ, લીમખેડા, તારાપુર, સાવલી, બાલાસિનોરમાં ત્રણ ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે. જો વાત કરીએ છેલ્લા ૨૪ કલાકની તો રાજ્યના ૪ તાલુકામાં ૧૦થી ૧૨ ઈંચ વરસાદ નોંધાયો છે, ૮ તાલુકામાં ૮ ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે, જ્યારે ૩૨ તાલુકામાં ૪થી ૮ ઈંચ વરસાદ નોંધાયો છે. આ સાથે જ નવસારી, ડરાંગ, વલસાડ, નર્મદા, સુરેન્દ્રનગર, રાજકોટ, મહિસાગર, મોરબી, તાપી અને પંચમહાલમાં સૌથી વધુ વરસાદ થયો છે. આજે હવામાન વિભાગે ગુજરાતના ૭ જિલ્લામાં વરસાદ માટે રેડ એલર્ટ અને બાકીના ૨૬ જિલ્લામાં ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે. ગુજરાતના અમરેલી, ભાવનગર, વડોદરા, ભરૂચ, સુરત, નવસારી, વલસાડ, દમણ અને દાદરા નગર હવેલીમાં રેડ એલર્ટ જારી કરવામાં આવ્યું છે. આ સાથે જ ૨૭ ઓગસ્ટે ગુજરાતમાં ૭ જિલ્લામાં વરસાદ માટે રેડ એલર્ટ, ૨૨ જિલ્લામાં ઓરેન્જ એલર્ટ અને ૪ જિલ્લામાં યલો એલર્ટ આપવામાં આવ્યું છે. કચ્છ, મોરબી, જામનગર, દ્વારકા, પોરબંદર, રાજકોટ, આણંદમાં રેડ એલર્ટ જારી કરવામાં આવ્યું છે. આ ઉપરાંત છોટા ઉદેપુર, નર્મદા, તાપી, ડાંગમાં યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. અન્ય તમામ જિલ્લાઓમાં ઓરેન્જ એલર્ટ છે. હવામાન વિભાગે ૨૮ ઓગસ્ટે ગુજરાતના ૧૬ જિલ્લાઓમાં ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે. બાકીના ૧૭ જિલ્લામાં યલો એલર્ટ છે. આમ ત્રણ દિવસ જોરદાર વરસાદી માહોલ જોવા મળશે. ગુજરાતના સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉત્તર ગુજરાતમાં વરસાદનું ઓરેન્જ એલર્ટ અને દક્ષિણ ગુજરાત અને મધ્ય ગુજરાતમાં વરસાદનું યલો એલર્ટ જારી કરવામાં આવ્યું છે. ગુજરાતમાં ૧ જૂનથી અત્યાર સુધીમાં ૮૮.૯૮ ટકા વરસાદ નોંધાયો છે, જેમાં દક્ષિણ ગુજરાતમાં ૧૦૫.૨૨ ટકા, કચ્છમાં ૯૫.૮૧ ટકા, સૌરાષ્ટ્રમાં ૯૦.૮૨ ટકા, મધ્ય પૂર્વમાં ૭૭.૮૮ ટકા અને ઉત્તર ગુજરાતમાં ૭૦.૭૪ ટકા વરસાદ નોંધાયો છે ટકા વરસાદ નોંધાયો છે. તમને જણાવી દઈએ કે, હળવદ તહસીલના ધવના ગામ નજીકથી પસાર થતી કનકવતી નદીમાં પૂર આવ્યું હતું અને મોડી રાત્રે ૧૭થી ૨૦ મુસાફરોને લઈ જતું એક ટ્રેક્ટર નદીના પ્રવાહમાં ફસાઈ ગયું હતું, ત્યારબાદ તરત જ રેસ્ક્યુ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું હતું અને ૧૦ લોકોને બચાવવામાં આવ્યા હતા સાચવેલ અને ૯ લોકોની શોધખોળ કરવામાં આવી રહી છે. ગુજરાતમાં સતત મુશળધાર વરસાદને કારણે સરદાર સરોવર ડેમની જળસપાટી વધીને ૧૩૫.૨૬ મીટરે પહોંચી છે, જેના કારણે ડેમના ૧૫ દરવાજા ખોલીને ૩,૬૭, ૮૫૩ ક્યુસેક પાણી નર્મદા નદીમાં છોડવામાં આવ્યું છે. વહીવટી તંત્રએ ભરૂચ, વડોદરા અને નર્મદા નદીના બંને કિનારે આવેલા નર્મદાના ૪૨ જેટલા ગામોને એલર્ટ કર્યા છે. આ ઉપરાંત તમામ દરિયાકાંઠાના વિસ્તારોમાં NDRF, SDRFની ટીમો તૈનાત કરવામાં આવી છે. બીજી તરફ દક્ષિણ ગુજરાતમાં મેઘાએ સટાસટી બોલાવતાં આભ ફાટ્યા જેવી સ્થિતિ જોવા મળી રહી છે. નવસારીમાં છેલ્લા ૨૪ કલાકમાં ખેરગામ તાલુકામાં સૌથી વધુ ૧૪ ઈંચ વરસાદ નોંધાયો છે. જ્યારે વાંસદા તાલુકામાં ૯ ઈંચ વરસાદ ખાબક્યો છે. જ્યારે નવસારીમાં ૨ ઈંચ, જલાલપોરમાં ૨ ઈંચ, ગણદેવીમાં ૫ ઈંચ, ચીખલીમાં ૫ ઈંચ વરસાદ નોંધાયો છે. જ્યારે પૂર્ણા નદી ૨૩ ફૂટ ભયજનક સપાટીએ વહી રહી છે. અંબિકા નદી ભયજનક સપાટીથી બે ફૂટ ઉપર વહી રહી છે. કાવેરી નદી હાલ ૧૫ૂટ વહી રહી છે. જ્યારે તેની ભયજનક સપાટી ૧૯ ફૂટ છે. આમ કાવેરી, અંબિકા, પૂર્ણા સહિતની નદીઓમાં ભારે પૂરની સ્થિતિ જોવા મળી રહી છે. રાજ્યમાં સાર્વત્રિક ભારે વરસાદને પગલે હાલ ચાલી રહેલા તહેવારોને અનુલક્ષીને યોજાતા લોકમેળા ધોવાઈ ગયા છે. મેળાઓમાં પાંખી હાજરીથી વેપારીઓની ચિંતા વધી છે.

### NDRF અને SDRFની ૩૫ ટીમો તૈનાત

જળબંબાકાર જેવી પરિસ્થિતિઓને લઈને, NDRFની ૧૩ અને SDRFની ૨૨ ટીમો રાજ્યભરના વિવિધ વિસ્તારોમાં તૈનાત કરવામાં આવી છે. NDRFની ટીમો ખાસ કરીને ગાંધીનગર, વડોદરા, અમરેલી, બનાસકાંઠા, ભાવનગર, દ્વારકા, ગીર સોમનાથ, જૂનાગઢ, કચ્છ, મોરબી, નર્મદા, નવસારી, સુરત, સુરેન્દ્રનગર અને વલસાડમાં તૈનાત કરવામાં આવી છે. SDRFની ટીમો આણંદ, અમદાવાદ, બનાસકાંઠા, ભરૂચ, છોટાઉદેપુર, જામનગર, જૂનાગઢ, ખેડા, મહિસાગર, મોરબી, નર્મદા, નવસારી, પંચમહાલ, પાટણ, પોરબંદર, રાજકોટ, સુરત, તાપી અને ડાંગમાં તૈનાત છે.

### રાજ્યના ૪૯૫ રસ્તાઓ બંધ, વાહન વ્યવહાર ખોરવાયો

રાજ્યમાં ધોધમાર વરસાદને કારણે વાહનવ્યવહાર પર અસર પડી છે. રાજ્યના કેટલાક રસ્તાઓ પર પાણી ભરાયા હોવાથી બંધ કરવામાં આવ્યા હતા. તો કેટલાક રસ્તાઓ પર વૃક્ષો ધરાશાયી થવાથી વાહનચાલકોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. રાજ્યમાં છેલ્લા ત્રણ દિવસથી અનેક જિલ્લામાં અવિરત મેઘમહેર થઈ છે. રાજ્યમાં આજે બપોર ૧૨ વાગ્યા સુધી ૧૮૬ તાલુકામાં વરસાદ નોંધાયો છે. જેના કારણે રોડ રસ્તાઓ પણ બંધ કરવામાં આવ્યા છે. રાજ્યમાં ભારે વરસાદને પગલે ૪૯૫ રસ્તા બંધ કરવામાં આવ્યા છે જેમાં ૧૦ સ્ટેટ હાઈવે તેમજ પંચાયત હસ્તકના ૪૭૦ રસ્તા અને ૧૫ અન્ય રસ્તાઓ પણ બંધ કરવામાં આવ્યા છે.

---

**લોકસભાની ચૂંટણીના આંચકાજનક પરિણામોમાં ઘટેલ વોટશેરને પગલે ભાજપની નવી રણનીતિ !**

## રાજકીય ક્ષેત્રે ફરી એક્ટિવ થવાની મથામણ કરતા બાપુને ભાજપ ડેમેજ કંટ્રોલ માટે મેદાનમાં ઉતારશે

(રશીદ પઠાણ)

ગાંધીનગર, તા.૨૬



**વોટશેર ઘટવાના મુખ્ય પરિબળ એવા ક્ષત્રિય સમાજની નારાજગી ખાળવા બાપુને જવાબદારી સોંપાઈ : પરંતુ અગાઉ નિષ્ફળ ગયેલ વૃદ્ધ બાપુની સફળતા સામે શંકા**

**૩૦ વર્ષના શાસનને લઈ એન્ટિ ઈન્કમ્બન્સી સહિતની અમુક બાબતોના ભાવિ પડકારના તોડરૂપે રાજ્યમાં બાપુની આગેવાનીમાં ભાજપ પ્રેરિત નવો પક્ષ રચાશે**

ગુજરાતના રાજકારણમાં આગામી સમયમાં વધુ કંઈક નવા-જૂની જોવા મળે તેવા એંધાણ વર્તાઈ રહ્યા છે. ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ભવ્ય વિજય હાંસલ કરી તેના મદમાં મ્હાલતા ભાજપ માટે લોકસભાની તાજેતરની ચૂંટણીના પરિણામો ફટકો આપનારા રહ્યા હતા. આ પરિણામોમાં ભાજપના વોટશેરમાં ખાસ્સો એવો ઘટાડો થતાં હાઈકમાન્ડ ચિંતિત બની તેના કારણો વગેરેની તપાસ કરવા સહિતના મંથનમાં લાગી ગયું હતું. વોટશેર ઘટવાના મુખ્ય કારણોમાં ક્ષત્રિય આંદોલન હોવાનું બહાર આવતા ભાજપ હાઈકમાન્ડ ડેમેજ કંટ્રોલ માટે ગંભીરતાથી આગળ વધી રહ્યું છે અને તેના ભાગરૂપે જ ગુજરાતના અગ્રણી ક્ષત્રિય નેતા અને પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલા સાથે કેન્દ્રીય મંત્રી અમિત શાહની બેઠક યોજાઈ હતી. જેમાં હવે તેઓને ક્ષત્રિય સમાજને મનાવી પૂર્વવત સ્થિતિ સર્જવાની જવાબદારી સોંપવામાં આવી હોવાની વિગતો ખાસ સૂત્રો પાસેથી પ્રાપ્ત થઈ રહી છે. બીજી એ પણ બાબત બહાર આવી છે કે, ભાજપ પ્રેરિત એક નવા પક્ષની આગામી ટૂંક સમયમાં બાપુ રચના કરે જેથી ભાજપના મતોના નુકસાનને ખાળવા સાથે કોંગ્રેસ-આપ પક્ષના મતો તૂટી શકે. ભારતીય જનતા પક્ષ માટે લોકસભાની ચૂંટણીના પરિણામો માથું ખંજવાળવાની સાથે અત્યંત ચિંતાજનક બની રહેલ છે. લોકસભામાં ૪૦૦ પાર સાથે સંપૂર્ણ બહુમતીની અને રાજ્યની તમામ ૨૬ બેઠકો જીતવાની હેટ્રિકના લક્ષ્યાંક સાથે ચૂંટણી પ્રચારમાં પરાકાષ્ઠા સર્જનાર ભાજપ પરિણામોથી આંચકાજનક સ્થિતિમાં મૂકાઈ ગયું હતું. જેને પગલે હાઈકમાન્ડે નિષ્ણાતો તથા સિનિયર નેતાઓને આત્મમંથન કરવા સાથે વોટશેર ઘટવાની તપાસમાં કામે લગાડ્યા હતા. આ તપાસમાં ચૂંટણી દરમ્યાન પૂરજોશમાં જારી રહેલ ક્ષત્રિય સમાજનું આંદોલન મુખ્ય પરિબળ હોવાનું બહાર આવ્યું હતું. ગુજરાત દેશભરમાં ભાજપ માટે રોલ-મોડલ હોઈ રાજ્યમાં ભાજપની પૂર્વવત મજબૂત સ્થિતિ સર્જવા ડેમેજ કંટ્રોલની કામગીરી હાથ ધરવાનો નિર્ણય લેવાયો હતો અને તેના ભાગરૂપે જ ગૃહમંત્રી અમિત શાહ અને દિગ્ગજ રાજકીય નેતા તથા ક્ષત્રિય સમાજના અગ્રણી નેતા શંકરસિંહ વાઘેલા વચ્ચે તાજેતરમાં બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં રાજ્યભરના ક્ષત્રિય સમાજને મનાવી ભાજપ તરફી પૂર્વવત સ્થિતિ ઊભી કરવાની જવાબદારી તેમને સોંપવામાં આવી છે અને તેના બદલામાં બાપુના પુત્ર મહેન્દ્રસિંહ વાઘેલાને ભાજપમાં સારૂં એવું સ્થાન આપવામાં આવશે. સૂત્રોના જણાવ્યા મુજબ મહેન્દ્રસિંહને વાવ બેઠકની પેટાચૂંટણીમાં ભાજપ ઉતારે તેવી શક્યતા બેઠકની ફલશ્રુતિરૂપે ઊભી થઈ છે. આ ઉપરાંત ભાજપના મનોમંથનમાં વધુ એક રણનીતિ ઘડી કાઢવામાં આવી છે, જેના ભાગરૂપે શંકરસિંહ વાઘેલા દશેરાની આસપાસ રાજ્યમાં નવા પક્ષની રચના કરવાની જાહેરાત કરશે. ભાજપને ગુજરાતમાં શાસન કરતા લગભગ ત્રીસેક વર્ષ થવા આવેલ છે. ત્યારે એન્ટિ ઈન્કમ્બન્સીની સ્થિતિ તથા હાલના ઘટેલા વોટશેર તેમજ કોંગ્રેસ અને આપ પાર્ટીના સુધરી રહેલા દેખાવ (રાહુલ ગાંધીના આગામી ચૂંટણી અંગે વિશ્વાસપૂર્વક કરાયેલ નિવેદન) વગેરે કારણો જોતા ભાજપે જ રાજ્યમાં નવા પક્ષની રચનાનો પ્લાન ઘડ્યો હોવાનું અને તે માટે શંકરસિંહ બાપુને આગળ કર્યા હોવાનું જાણવા મળી રહેલ છે. બાપુના આ નવા પક્ષમાં કોંગ્રેસ કે ભાજપના પ્રચલિત કોઈપણ ચહેરાને બદલે આખી નવી ટીમનો સમાવેશ કરાશે અને તે અંગેની જાહેરાત બાપુ દ્વારા આગામી દશેરાની આસપાસ કરવામાં આવે તેવી વિગતો પ્રાપ્ત થઈ રહી છે. આ નવા પક્ષને લીધે ભાજપથી નારાજ અથવા વર્તમાન સંજોગોમાં ભાજપનો પર્યાય શોધતા મતદારો તે તરફ આકર્ષાય અને કોંગ્રેસ તથા આપ પાર્ટીને આ સંજોગોને કોઈ લાભ ન મળે તેવા વિચાર સાથે જ ભાજપ આગળ વધી રહ્યું છે. એટલે કે, ટૂંકમાં આગામી સમયમાં રાજ્યમાં ભાજપ પ્રેરિત એક નવો પક્ષ બાપુની આગેવાનીમાં ઊભો થશે, જે ભાજપનું નુકસાન ખાળશે અને કોંગ્રેસ-આપને નુકસાન પહોંચાડશે અથવા તો તેમના માટે નવો પડકાર ઊભો કરશે.

---

**મુખ્યમંત્રી સાથે ટેલિફોનિક વાતચીતમાં રાહત-બચાવ વગેરે કામગીરી મુદ્દે ચર્ચા કરી**

## રાજ્યમાં સતત ભારે વરસાદને લઈ કેન્દ્રીય મંત્રી અમિત શાહે કરી સમીક્ષા

**મુખ્યમંત્રીએ પણ સાત જિલ્લાના કલેક્ટર સાથે વાત કરી વિગતો મેળવી**

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૨૬

ગુજરાતમાં ભારે વરસાદને લઈ કેન્દ્રીયગૃહ મંત્રી અમિત શાહે સમિક્ષા બેઠક કરી છે, સાથે-સાથે મુખ્યમંત્રી સાથે ટેલિફોનિક ચર્ચા કરીને ગુજરાતના વરસાદને લઈ માહિતી મેળવી છે, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથે અમિત શાહે વરસાદ પ્રભાવિત વિસ્તારોની સ્થિતિ રાહત બચાવ કામગીરી સહિતના મુદ્દાઓ પર ચર્ચા કરી છે. આ સાથે કેન્દ્ર સરકાર તરફથી તમામ મદદની પણ મુખ્યમંત્રીને તેઓએ ખાતરી આપી હતી.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગઈ મોડી રાત્રે રાજ્યના વધુ ૭ જિલ્લા કલેક્ટરો સાથે ટેલીફોનીક વાતચીત કરીને તેમના જિલ્લાની વરસાદી પરિસ્થિતિની વિગતો મેળવી હતી. મુખ્યમંત્રીએ સૌરાષ્ટ્ર વિસ્તારના મોરબી, કચ્છ, રાજકોટ, સુરેન્દ્રનગર, ભાવનગર તેમજ દક્ષિણ ગુજરાતના ભરૂચ અને ડાંગના કલેક્ટરનો સંપર્ક સાધીને તેમને વરસાદી સ્થિતિ પર સતત નજર રાખીને લોકોની સલામતી પશુધન રક્ષણ વ્યવસ્થા તેમજ આપદા પ્રબંધન માટે સતર્ક રહેવા સૂચનાઓ આપી હતી. ભારે વરસાદની સ્થિતિને ધ્યાનમાં રાખી આગાહી વાળા જિલ્લાઓમાં ઉર્જા, પશુપાલન, વીજળી, કૃષિ, CWC, માર્ગ અને મકાન, આરોગ્ય અને પરિવાર કલ્યાણ, પંચાયત, શહેરી વિકાસ વિભાગ, સિંચાઈ, જી.એમ.બી., સરદાર સરોવર નિગમ, NDRF અને કોસ્ટ ગાર્ડ વગેરે વિભાગોના અધિકારીઓને પણ તકેદારીના પગલા લેવા માટે કહ્યું છે. મુખ્ય સચિવે બેઠકમાં વિવિધ વિભાગના નોડલ અધિકારીઓ અને વીડિયો કોન્ફરન્સના માધ્યમથી જોડાયેલા તમામ જિલ્લા કલેક્ટરો તેમજ મ્યુનિસિપલ કમિશનરોને સંભવિત જોખમ સામે એલર્ટ રહેવા સૂચન કર્યું હતું. હવામાન વિભાગના અધિકારીએ બેઠકમાં આગામી અઠવાડિયા દરમિયાન રાજ્યમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી બાબતે તમામ જાણકારી આપી હતી.

---

## આચાર્યની ભરતી માટે વેરિફિકેશન પૂર્ણ : હવે ટૂંકમાં મેરિટ જાહેર કરાશે

**● સમગ્ર રાજ્યમાંથી ૧૨૫૦ જેટલા ઉમેદવારોએ આચાર્ય બનવા માટે ફોર્મ ભર્યા હતા**
**● મેરિટ લિસ્ટ જાહેર કરાયા બાદ શાળા પસંદગીની કાર્યવાહી કરવામાં આવશે**

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૬

શિક્ષણ વિભાગ દ્વારા આચાર્યની ભરતી માટે હાથ ધરેલી કાર્યવાહીમાં ૧૨૫૦ ઉમેદવારોએ ફોર્મ ભર્યા હતા. જેમાં ફોર્મ ભરનારા ઉમેદવારોનું વેરિફિકેશન પૂર્ણ થયા બાદ હવે શાળાની ફાળવણીની કાર્યવાહી ટૂંક સમયમાં કરવામાં આવશે તેમ સુત્રોએ જણાવ્યું હતું. જોકે, તે પહેલા જિલ્લા કક્ષાએ વાંધાઓના નિકાલની કાર્યવાહી કરાશે અને ત્યારબાદ પ્રોવિઝનલ મેરિટ યાદી જાહેર કરવામાં આવશે.

પ્રાપ્ત માહિતી અનુસાર, રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા ગ્રાન્ટેડ સ્કૂલોમાં આચાર્યની ખાલી પડેલી ૧૨૦૦ જેટલી જગ્યાઓ ભરવા માટે કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. જોકે, કેટલાક સ્થળે કોર્ટ મેટર ચાલતી હોવાના પગલે ૯૦૦ જેટલી બેઠકો ભરાય તેવી શક્યતા છે. રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ દ્વારા ૧ ઓગસ્ટના રોજ સત્તાવાર જાહેરાત આપી રાજ્યમાં ૧૨૦૦ જેટલા આચાર્યની ભરતી માટેની કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. જેમાં રાજ્યની શિક્ષણ વિભાગ હસ્તકની બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં આચાર્યોની ખાલી જગ્યાઓ મેરીટના ધોરણે ભરવા માટે રાજ્ય સરકારના સ્થાયી ઠરાવો મુજબ શૈક્ષણિક અને વ્યવસાયિક લાયકાત તેમજ નિયત અનુભવ ધરાવતા ઉમેદવારો પાસેથી નિયત નમૂનામાં ઓનલાઈન અરજીઓ મગાવવાનું નક્કી કરાયું હતું. રાજ્યમાં આવેલી ગ્રાન્ટેડ સ્કૂલોમાં આચાર્યની ભરતી માટે રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા ૨૦૨૨માં લેવાયેલી HMAT પરીક્ષામાં ઉત્તિર્ણ થયેલા અને નિયત લાયકાત ધરાવતા ઉમેદવારોએ ૫ ઓગસ્ટથી ૧૭ ઓગસ્ટ સુધી ઓનલાઈન અરજી કરવાની હતી. ઓનલાઈન અરજી કરવાની કાર્યવાહી પૂર્ણ થયા બાદ સમગ્ર રાજ્યમાંથી ૧૨૫૦ જેટલા ઉમેદવારોએ આચાર્ય બનવા માટે ફોર્મ ભર્યા હતા. ફોર્મ ભરવાની કાર્યવાહી પૂર્ણ થયા બાદ ફોર્મનું જિલ્લા કક્ષાએ વેરિફિકેશન કરવામાં આવ્યું હતું. વેરિફીકેશનની કાર્યવાહી પણ પૂર્ણ કરી દેવામાં આવતા હવે જિલ્લા કક્ષાએ વાંધાઓનો નિકાલ કરાશે. ત્યારબાદ સપ્ટેમ્બરના પ્રથમ સપ્તાહમાં પ્રોવિઝનલ અને ફાઈનલ મેરિટ જાહેર થયા બાદ શાળા પસંદગીની કાર્યવાહી કરાશે.

---

## ધોરણ-૩, ૫ અને ૮ના અંતે રાજ્યકક્ષાએ પરીક્ષાની ટાસ્ક ફોર્સની ભલામણ

**સરકાર દ્વારા નવી શિક્ષણ નીતિ અમલીકરણ માટે ટાસ્ક ફોર્સની રચના કરાઈ હતી**

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૬

રાજ્યમાં નવી શિક્ષણનિતીના અમલીકરણ માટે રચવામાં આવેલી ટાસ્ક ફોર્સની વિવિધ ભલામણો પૈકી અમુક ભલામણોનો સ્વિકાર કરવામાં આવ્યો છે. જ્યારે ઘણી ભલામણો પણ હજુ વિચારણા કરી અમલીકરણ કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે. આ પૈકી મહત્વની એક ભલામણમાં ધોરણ-૩, ૫ અને ૮ના અંતે રાજ્યકક્ષાએ ધોરણ-૧૦ અને ૧૨ની જેમ પરીક્ષા યોજવાની ભલામણ કરવામાં આવી છે. જો કે, આ ભલામણ પર હજુ વિચારણા ચાલી રહી હોવાનું સુત્રોએ જણાવ્યું છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, ભારત સરકાર દ્વારા નવી શિક્ષણ નિતીનો અમલ કરવા માટે તમામ રાજ્યોને તાકીદ કરવામાં આવી હતી. જેના અનુસંધાને રાજ્ય સરકાર દ્વારા નવી શિક્ષણનિતીના અમલને લઈને ૨૦૨૦માં ટાસ્ક ફોર્સની રચના કરવાનું નક્કી કરાયું હતું. ત્યારબાદ શિક્ષણમંત્રીના અધ્યક્ષસ્થાને ૧૭ જેટલા સભ્યોની ટાસ્ક ફોર્સની રચના કરવામાં આવી હતી. સતત બે વર્ષ સુધી ટાસ્ક ફોર્સ દ્વારા નવી શિક્ષણનિતીના અમલીકરણને લઈને વિવિધ મુદ્દાઓ અંગે પોતાન અભિપ્રાય આપ્યા હતા. જેમાંથી ઘણા અભિપ્રાય પર અમલ કરવામાં આવ્યો છે. જ્યારે ઘણા અભિપ્રાય પર હજુ વિચારણા ચાલી રહી હોવાનું જાણવા મળે છે.

**ધોરણ-૧૦, ૧૨ની જેમ પ્રાથમિકમાં પણ રાજ્યકક્ષાએ પરીક્ષા માટે જણાવાયું હતું**

ટાસ્ક ફોર્સ દ્વારા આપવામાં આવેલા માર્ગદર્શન અનુસાર હાલમાં પ્રાથમિક શાળામાં માત્ર ધોરણ-૫ અને ધોરણ-૮માં નાપાસ કરવાની જોગવાઈ છે અને તેમાં પણ સ્કૂલો દ્વારા જ પરીક્ષા લેવામાં આવે છે. જો કે, ટાસ્ક ફોર્સ દ્વારા શિક્ષણ વિભાગને કરવામાં આવેલી ભલામણ અનુસાર પ્રાથમિક શાળામાં ધોરણ-૩, ધોરણ-૫ અને ધોરણ-૮ના અંતે રાજ્ય કક્ષાએ બોર્ડની ધોરણ-૧૦ અને ૧૨ની જેમ પરીક્ષાનું આયોજન કરવા માટે ભલામણ કરવામાં આવી હતી. જો કે, આ બાબતે શિક્ષણ વિભાગ દ્વારા હાલમાં માત્ર વિચારણા કરવામાં આવી છે. અમલીકરણને લઈને હજુ સુધી કોઈ નક્કર કાર્યવાહી કરાઈ ન હોવાનું સુત્રોએ જણાવ્યું હતું. ટાસ્ક ફોર્સ દ્વારા બાલવાટિકાને લઈને કરવામાં આવેલી ભલામણનો સરકાર દ્વારા સ્વિકાર કરી ૨૦૨૩થી બાલવાટિકા શરૂ કરી દેવામાં આવી છે. આ ઉપરાંત ટાસ્ક ફોર્સની અન્ય ભલામણો પૈકી અમુક ભલામણોનો સ્વિકાર કરવામાં આવ્યો હોવાનુ પણ જાણવા મળે છે. જો કે, આ ઉપરાંત ટાસ્ક ફોર્સ દ્વારા અન્ય ભલામણોનો હજુ સ્વિકાર કરી તેનો અમલ કરવામાં આવ્યો ન હોવાનું જાણવા મળે છે. અન્ય ભલામણોમાં ધોરણ-૬થી ધોરણ-૮માં દ્વીભાષી પુસ્તકોના અમલીકરણની પણ ટાસ્ક ફોર્સ દ્વારા ભલામણ કરવામાં આવી હતી. જેનો પણ સ્વિકાર કરવામાં આવ્યો હોવાનું સુત્રોએ જણાવ્યું હતું.



● આદ્યસ્થાપક : મર્હૂમ ભાઈખાનભાઈ એચ. બલુચ
● સહસ્થાપક : મર્હૂમ સિરાજુદ્દીન બી. તિરમીઝી
● મુદ્રક-પ્રકાશક : અઝીઝ ટંકારવી એ માલિક લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ વતી લોકહિત ઓફસેટ - ૩૩/૧, શાહેઆલમ, અમદાવાદ- ૩૮૦૦૨૮થી છપાવીને તે જ સ્થળેથી પ્રસિદ્ધ કર્યું ● ફોન : ૨૫૩૨૦૩૩૦-૨૫૩૨૦૪૩૧-૨૫૩૨૮૮૨૫ ● Posting at Ahd. RMS